بفیضانِ | બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ’લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**માર્ચ-૨૦૨૩**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૨૦, અંક : ૦૩, સળંગ અંક : ૨૩૦



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બૅંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | તુર્કી સીરિયામાં થયેલ ધરતીકંપની સાથે સાથે... | 04 |
| 02 | **કહેવાય આશિક઼ે રસૂલ અને ''સલામે રઝા''થી નારાજ ?!** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 12 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 15 |
| 05 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ علیہ | 17 |
| 06 | તઝકેરતુલ અવલિયા હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہ | 20 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 23 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 24 |
| 09 | ૧૯૫૭માં ભરૂચમાં થયેલ ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા કોન્ફ્રન્સનો ઐતિહાસિક સદારતી ખુત્બો | 29 |
| 10 | હઝરત ઈમામ જઅફર સાદિક઼ رضی اللہ عنہની અણમોલ નસીહત | 34 |
| 11 | ખત્મે નબુવ્વત નબવી હદીષોની રોશનીમાં | 35 |
| 12 | જૂઠી રિવાયતો વિશે જાણો | 41 |
| 13 | ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન પ્રથમ સદીના મુજદ્દિદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ | 46 |
| 14 | શબે બરાતની ઈબાદતો... | 49 |


## ફૈઝે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હે

ફૈઝે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હે દાફએ ગ઼મ તુમ્હારી દુહાઈ હે
ઉમ્ર ખેલોં મેં હમને ગંવાઈ હે ઉમ્ર ભર કી યહી તો કમાઈ હે
તુમને કબ આંખ હમ કો દિખાઈ હે તુમને કબ આંખ હમ સે ફિરાઈ હે
તૂ ખુદા કા હુવા ઔર ખુદા તેરા તેરે ક઼બ્ઝે મેં સારી ખુદાઈ હે
જબ ખુદા ખૂદ તુમ્હારા હુવા તો ફિર કૌન સી ચીઝ હે જો પરાઈ હે
અંબિયા કો રસાઈ મિલી તુમ તક બસ તુમ્હારી ખુદા તક રસાઈ હે
મેરા બેળા કિનારે લગે પ્યારે નૂહ કી નાવ કિસને તિરાઈ હે
આગ કો બાગ કિસને કિયા પ્યારે તુમને તુમને હી કુદરત યે પાઈ હે
કાશ વો હશ્ર કે દિન કહે મુઝ સે નારે દોઝખ સે તુઝ કો રિહાઈ હે
તયબહ જાઉં વહાં સે ન વાપસ આઉં મેરે જી મેં તો અબ યે સમાઈ હે
શૌકે દીદારે નૂરી મેં અય **નૂરી** રૂહ ખીંચ કર અબ આંખોં મેં આઈ હે

**અઝ : હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝા ક઼ાદરી નૂરી** رحمۃ اللہ علیہ



# તુર્કી સીરિયામાં થયેલ
## ધરતીકંપની સાથે સાથે...

–કાર્યાલય

અલ્લાહની કુદરતના રાઝને કોઈ સમજી શકતુ નથી. દરેક આવનારી પળે શું ઘટના ઘટશે તેનો કોઈ અંદાઝો નથી કરી શકતો. પોતાની સત્તા, બુધ્ધિ, માલ સંપત્તિ, પોતાના રબ તઆલાની આપેલી નેઅમતો પર ઘમંડમાં આવી જનાર માનવી કેટલો પામર જીવ છે તેનો તેને થોડીક ક્ષણોમાં એહસાસ થઈ જાય છે જ્યારે કુદરતનો કોપ જાહેર થાય છે, માટે માનવીએ કદાપિ કોઈ ચીજ પર ઘમંડ કરવો જોઈએ નહીં. જો કાંઈ કાબેલિયતો કે અખત્યારો કે ખૂબીઓ પોતાનામાં છે, તો તેને રબની નેઅમત સમજી તેનો શુક્ર અદા કરી આજીજીથી જીવવું જોઈએ. રબની કુદરતથી ક્યારેક અતિવૃષ્ટિમાં પાણીની રેલ આવે છે તો અબજોપતિઓ પણ પાણીના એક બોટલ કે બ્રેડના એક ટુકડા માટે તરસતા થઈ જાય છે. એ જ પ્રમાણે તોફાની હવા ચાલે કે આગ લાગે કે અન્ય કોઈ આકસ્મિક બુરી ઘટના બને જેમાં જાન માલની તબાહી સર્જાય જાય તો માનવી તેની સામે લાચાર વામણો જોવા મળે છે. એવી જ એક ભયાનક દુઃખદ ઘટના તુર્કી તથા સીરિયામાં હાલ બની કે ખુદાની કુદરતથી ૭.૮ની તીવ્રતાવાળો ધરતીકંપ ત્યાં આવી ગયો જેનાથી ત્યાં અસંખ્ય ઊંચી ઊંચી બિલ્ડિંગો જમીન દોસ્ત થઈ ગઈ, અનેક લોકો દબાય ગયા, આજે ૧૨–૨–૨૦૨૩ સુધી (લગભગ ૧૪૮ કલાક દરમિયાન)માં રિપોર્ટ જણાવે છે કે ૨૯૦૦૦ માણસોનાં મૃત્યુ થયાં, અને એક લાખની નજીક નજીક લોકો ઘાયલ થયા. માલ સંપત્તિના નુકસાનની તો કોઈ ગણત્રી જ નથી થઈ શકી. (અલ્લાહની પનાહ !)

માનવીના દિલમાં માનવીની લાગણી સહાનુભૂતિ હોવી એ ફિતરી ચીજ છે, તો મુસીબતના સમયે દુનિયાભરમાંથી સહાય પહોંચાડવાની કાર્યવાહી ચાલી રહી છે. હિંદુસ્તાનમાંથી પણ ગવર્નમેન્ટ થકી વિવિધ રીતે મદદ પહોંચાડવામાં આવી રહી છે.

આવા નાઝુક સમયે આપણી પણ ફરજ બને છે કે તુર્કીના દુઃખી મો'મિનો માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે મદદ પહોંચાડવા જિદ્દો જેહદ કરવી જોઈએ. ખાસ કરીને તેમના હક્કમાં રબ તઆલાથી ખાસુલ ખાસ દુઆ કરવા રહેવું જોઈએ કે રબ્બે કરીમ તેઓને આ મુસીબતની ઘડીઓમાંથી જલ્દી રાહતની જિંદગી નસીબ કરે અને દુઃખમાં સબ્ર અતા કરે. (આમીન)

જો કે આ દુઃખદ બનાવથી આપણે સૌએ ઈબ્રત પકડવી જોઈએ અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના આદેશો થકી જાણવું જોઈએ કે આવી મુસીબતો ક્યારે નાઝિલ થાય છે. હદીષે પાકમાં છે : "જ્યારે હુકૂમતના ખજાના લોકોની જાતી દોલત બની જાય અને અમાનતને માલે ગનીમત સમજી લેવામાં આવે, ઝકાત આપવું બોજ બની જાય, દીની તાલીમ પણ દુનિયા કમાવા માટે હાંસલ કરવામાં આવે, બંદો પોતાની પત્નીની વાત માનવા લાગી જાય અને માની નાફર્માની કરે, દોસ્તોથી નજીક થઈ જાય અને બાપથી દૂરી અપનાવે, મસ્જિદોમાં ઊંચા અવાજો થવા લાગે (લોકો મસ્જિદનો અદબ ચૂકી જાય), કબીલાનો સરદાર ફાસિક્ બને, કૌમોના સરદાર ઝલીલ નીચ કક્ષાના લોકો બને (ગુંડા લીડર બની જાય),

*હર શાખપે ઉલ્લુ બૈઠા હૈ – અંજામે ગુલિસ્તાં ક્યાં હોગા !*

લોકોની ઈજ્જત તેમની બુરાઈથી બચવા માટે (ડરના માર્યા) કરવામાં આવે, લોકોમાં ગાવા વગાડવા (નાચવા)વાળીઓ સામાન્ય બની જાય, શરાબો પીવામાં આવે, આ ઉમ્મતના પાછલા લોકો અગાઉના લોકો પર લઅન તઅન કરે, (કોઈ બુઝુર્ગોની તોહીનમાં તો ક્યાંક એહલે બયતની તો કોઈ સહાબાની ગુસ્તાખીમાં હશે), ફર્માવ્યું કે જ્યારે આ પોઝિશન થઈ જાય તો પછી ઝલઝલાઓ (ધરતીકંપો)ની રાહ જુઓ, પછી લાલ આંધીઓ ચાલશે, પછી લોકો જમીનમાં ધસી જશે, શકલો તબદીલ થઈ જશે...." **તો શું આ ધરતીકંપના ઝટકા અલ્લાહ તરફથી ચેતવણીઓ નથી આપણા માટે ?!** આપણે પોતાની જાતનો જ વિચાર કરીએ કે આપણી જિંદગી કઈ તરફ જઈ રહી છે ?! આપણે કલ્મો પઢીને તેની કેટલી ઈજ્જત રાખી ?! ખુદા વ રસૂલના ફર્માનોની વિરૂધ્ધ કયાં કયાં આપણે શું શું કરી રહ્યા છીએ ?! તે વિચારો અને દુનિયા આખેરતની ભલાઈ ચાહતા હોવ તો આજે જ તૌબા કરી લો. وماتوفيقي الا بالله

www.barkatekhwaja.net

# કહેવાય આશિક઼ે રસૂલ અને "સલામે રઝા"થી નારાજ ?!

तंत्री लेख

મહાન આશિકે રસૂલ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ઈશ્કે મુસ્તફા ﷺ તથા ઈશ્કે સહાબા, અહલે બયત, અવલિયા તથા ઉલમાએ હક્કની મહોબ્બતમાં ચૂર અશ્આરો ભરેલ "સલામે રઝા" પઢવા પર અજમેર શરીફના ગુમરાહ, શીઆઈયત તરફ વળેલા, શીઆની બોલી બોલતા બેબાક ખાદિમોએ દરગાહ શરીફના સંકુલમાં પાબંદી લગાડી છે અને નબી પાક ﷺ પર આ સલામે પાક પઢવા પર જંગલી વરૂઓ જેમ હંગામો મચાવી દે છે, એ જાહિલ ગુમરાહો પહેલાં જુએ કે "સલામે રઝા" શું છે ? કેટલો ખૂબીઓવાળો સલામનો ગુલદસ્તો છે. સરકાર ﷺ તથા સહાબા, અહલે બયત વગેરેના માટે વિશ્વભરમાં અજોડ તથા વિખ્યાત લોકપ્રિય આ સલામથી નફરત કરવી એ ઉઘાડી ગુમરાહી છે. અત્રે "સલામે રઝા"ની ખૂબીઓ દુનિયાભરના મહાન સાહિત્યકારો, શાઈરો તથા આશિકો, મહાન ઉલમાની કલમ થકી રજૂ થયેલી વિશિષ્ટતાઓ અત્રે રજૂ કરીએ છીએ જેને વાંચો અને ઈમાનની તાજગી મેળવી ઝુમી ઉઠો. *–તંત્રી*

દીની ઈલ્મોમાં સમૃદ્ધતા અને શેઅર શાઈરી કહેવામાં કમાલનો સંગમ ઘણા ઓછા લોકોને નસીબ થયેલ છે. હઝરત રૂમી, જામી, સઅદી, બેસૂરી તથા અમીર ખુસરૂના ઈશ્કો મહોબ્બતના કાફલાના હદીખ્વાન (એટલે ઊંટ સવારોમાં ગીત ગાનાર) હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ એકી સમયે અજોડ ફકીહ, અનુપમ મુહદ્દિષ, કુર્આની રહસ્યોના માહિર, દીનના રહસ્યોના જાણકાર, મુસ્લિમ ઉમ્મતના શુભેચ્છક મુફક્કિર તથા બારગાહે રિસાલતના જાદૂઈ વાણીવાળા નઅતગો શાઈર હતા.

તેમને ત્યાં આમદ છે, સોઝો ગુદાઝ (દર્દ) છે, શબ્દોની શૌકત અને શિકવએ બયાન છે. એમની વિશિષ્ટતા એ છે કે તમામ અસ્નાફે સુખન (વાણીની ખૂબીઓ)માંથી મહબૂબે કિબ્રિયા ﷺની નઅત તથા ઔલિયાએ કિરામની મન્કબતને તેમણે અપનાવી અને એ ક્ષેત્રની નઝાકતો તથા આદાબને એ રીતે નિભાવ્યા કે કદાચ જ એવું કોઈ કરી શકે. **અલ્લાહ તઆલાએ તેમના કલામને તે આમ મકબૂલિયત અતા કરી છે કે પાક તથા હિંદના ઉપરાંત અન્ય દેશોમાં પણ આપનુ કલામ મહોબ્બત તથા અકીદતથી પઢવામાં તથા સાંભળવામાં આવે છે. મહાન મહાન શાઈરો તથા સાહિત્યકારો આપના કલામનો અભ્યાસ કરીને આપોઆપ દાદ તથા પ્રશંસા કરવા મજબૂર થઈ જાય છે.** નીચેના લખાણમાં અમુક પ્રતિભાવો રજૂ કરવામાં આવે છે.

**જનાબ રઈસ અમરોહવી લખે છે :** તેમની ગદ્ય કૃતિઓ અને તેમની શાઈરી કૈફ તથા સુરૂરથી લબરેઝ છે, જેનાથી અજબ પ્રકારનો સીનો ખુલી જાય છે, રૂહ પર ખુશીની કૈફિયત છવાય જાય છે. તે એક સૂફીએ બાસફા અને આલિમે જલીલ (મહાન) હતા. આવી દુર્લભ શખ્સિયતો ઈતિહાસના ઘડવૈયા પણ હોય છે જેમના પર જમાનો ફિદા થતો હોય છે.

**હાફિઝ લુધિયાનવી લખે છે :** તેમની વાતચીતની ધરી, તેમના કલામનો રંગ, તેમની સોચનો અંદાઝ, તેમના ચિંતનનું કેન્દ્ર ઈશ્કે રસૂલ અને કેવળ ઈશ્કે રસૂલ હતું. હું તો સમજું છું કે તેમના પયકર પર ઈશ્કે મુસ્તફા રચીવસી ગયો હતો.

**ડૉ. ગુલામ મુસ્તફાખાં (માજી સદર ઉર્દૂ વિભાગ, સિંધ યુનિવર્સિટી) લખે છે :** મૌલાના અહમદ રઝાખાં સાહબ લગભગ એકલા જ આલિમે દીન છે જેમણે ઉર્દૂ ગદ્ય તથા પદ્ય બંનેવમાં ઉર્દૂના અસંખ્ય મુહાવરાઓ વાપર્યા છે અને પોતાની ઈલ્મિયતથી ઉર્દૂ શાઈરીમાં ચાર ચાંદ લગાડી દીધા છે. તે ઈશ્કે રસૂલને જ અસલ તસવ્વુફ સમજતા હતા.

**હઝરત નઝીર લુધિયાનવી આ શબ્દોમાં ખિરાજે તેહસીન પેશ કરે છે:** મૌલાનાને શીરીં ઝબાનીના એતબારથી ભાષાશાસ્ત્રીઓ પર અગ્રતા હાંસલ છે અને વાણીમાં ઉમદાપણુ છે. આ દૌરમાં દાગ, અમીર, હાલી,

અકબર તથા અકબર અને દાગના શાગિર્દોની ઝબાન ઉમદાપણા તથા સાદગી તથા મુહાવરાના એતબારથી સિદ્ધ થયેલ હતી. મૌલાનાની ઝબાન ખુશનુમા તથા રવાનીમાં એ ઉસ્તાદોની ઝબાન કરતાં કોઈ રીતે કમ નથી.

**પ્રો. અલી અબ્બાસ જલાલપુરી લખે છે :** હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાં કાદરી બરેલ્વીએ **ફારસી તથા ઉર્દૂમાં એવી અજોડ નઅતો લખી છે કે જેના વિના દુરૂદો સલામની કોઈ મેહફિલ ગરમ નથી થઈ શકતી. એમનો એક એક શબ્દ ઈશ્કે રસૂલમાં વસેલો છે, અને એને સાંભળીને શ્રોતાજનોનાં દિલ ઈશ્કે રસૂલથી સરશાર થઈ જાય છે.** અદબી લેહાઝથી પણ આ નઅતો હુસ્ને બયાન (ઉમદા બયાન)ના દુર્લભ નમૂનાઓ છે.

**જનાબ સૈયદ શાનુલ હક્ક હક્કી લખે છે :** શ્રેષ્ઠ સાહિત્યિક સર્જન તે જ છે જે અધિકથી અધિક લોકોના માટે રૂહાની ખુશી અને અખ્લાકી બસીરતનો ઝરીયો બને. મારી દષ્ટિએ મૌલાનાનું નઅતિયા કલામ અદબી તન્કીદ (સાહિત્યિક ટીકા ટીપ્પણ)થી પાક છે. એના પર કોઈ સાહિત્યિક ટીકા ટીપ્પણની જરૂરત નથી. તેની મકબૂલિયત તથા પસંદીદગી જ તેનો સૌથી મોટો અદબી કમાલ છે અને મૌલાનાના શાઈરાના મર્તબા માટે દલીલ છે.

*હુસ્ને તાષીર કો ન સૂરતસે ન મઅનાસે ગરઝ–શેઅર વો હૈ કે લગે ઝુમકે ગાને કોઈ*

ખાસ કરીને બારગાહે રિસાલતમાં લખવામાં આવેલા "સલામે રઝા"ને તો તે વિશ્વવ્યાપી લોકપ્રિયતા હાંસલ થઈ છે કે કોઈ કલામને હાંસલ ન થઈ શકી, કદાચ જ મહોબ્બતના કૈફથી માહિતગાર કોઈ શખ્સ એવો હશે જેને આ સલામના બેચાર શેઅર યાદ ન હોય.

**જનાબ આબિદ નિઝામી લખે છે :** મૌલાનાના મશહૂર તથા મકબૂલ સલામ "મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ" દરેક વ્યક્તિએ કેટ કેટલીયેવાર સાંભળ્યો હશે અને હિંદ તથા પાક.માં કદાચ જ કોઈ આશિકે રસૂલ એવો હશે જે આ સલામના બે ચાર શેઅર મોઢે ન કરી લીધા હોય. નિઃશંક ! આ સલામ સાદગીવાળુ, સરળ, રવાનીવાળુ, શાઈરાના હુસ્નકારી તથા ફિદાપણાના કારણે ઉર્દૂનો સૌથી શ્રેષ્ઠ સલામ છે.

નજીકના ભૂતકાળમાં કેટલીયવાર એવું થયું કે એક કલામ એકદમ ખ્યાતીના આસ્માને પહોંચી ગયું, પણ ક્રમે ક્રમે તેની મકબૂલિયત મંદ પડવા લાગી. જ્યારે કે ઈમામ અહમદ રઝાના કલામની મકબૂલિયત દિન પ્રતિ દિન પ્રગતિ પર છે, એને એના સિવાય શું કહી શકાય કે સલામ તથા કલામ ખુદા વ રસૂલની બારગાહમાં મકબૂલ થઈ ચૂક્યો છે. (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)

'સલામે રઝા'માં પયકરે હુસ્નો જમાલ, મહબૂબે રબ્બે ઝુલ જલાલ ﷺના અવસાફે જમીલા, શમાઈલે હમીદા, જૂદો અતા અને અઝમત તથા જલાલતને તેના હસીન અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે. દરેક કડી ઈમાનને તાજગી બખ્શતી અને રૂહને મોઅત્તર કરતી મહેસૂસ થાય છે. ત્યાર બાદ અહલે બયતે કિરામ તથા સહાબાએ એઝામની બારગાહમાં અકીદત તથા મહોબ્બતમાં ડૂબીને સલામ અર્ઝ કરવામાં આવેલ છે. ત્યાર બાદ મુજતહિદ ઈમામો તથા અવલિયાએ કામિલીન, ખાસ કરીને સૈયદના ગૌષે આ'ઝમ ના દરબારમાં સલામે નિયાઝની ડાળીઓ પેશ કરી છે. અને છેવટમાં બારગાહે ખુદાવંદીમાં દુઆ કરી છે કે, બારે ઈલાહા ! જેવી રીતે દુનિયામાં અમે તારા હબીબે અકરમ ની શૌકતના ડંકા વગાડીએ છીએ એ જ પ્રમાણે કયામતના દિવસે પણ અમને નઅત તથા સલામના નગ્મા પેશ કરવાની નેક નસીબી અતા ફર્માવ. આમીન

## ★ આદાબે સલામે રઝા ★

મહબૂબે રબ્બુલ આલમીન ﷺની બારગાહમાં સલાતો સલામનો હદિયો પેશ કરતી વખતે અમુક બાબતો નજરો સમક્ષ રહેવી જોઈએ.

**૦૧.** અતિશય ખુલૂસ તથા મહોબ્બત અને અદબ તથા એહતેરામની સાથે બાવુઝૂ સલામ અર્ઝ કરવામાં આવે. ઈદે મીલાદુન્નબી ﷺના જુલૂસમાં પણ એ જ કાળજી રાખવામાં આવે.

**૦૨.** સલામ અર્ઝ કરતી વખતે અવાજ મધ્યમ કક્ષાથી વધુ ઊંચો ન થાય. હબીબે ખુદા ખુદાદાદ કુવ્વત વડે પોતે પણ મહોબ્બતવાળાઓનાં દુરૂદો સલામ સાંભળે છે અને ફરિશ્તા પણ અમ ગુલામોના સલાતો સલામનો હદિયો બારગાહે નાઝમાં પેશ કરે છે. એટલા માટે ધ્યાનપૂર્વક કોશિશ કરવામાં આવે કે અવાજ ચિલ્લાવાની હદ સુધી બુલંદ ન થાય. અમુક લોકો મુદ્દલે મોટા અવાજે સલાતો સલામ પેશ કરવાને પસંદ જ નથી કરતા અને દલીલરૂપે આયતે મુબારકા لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ પેશ કરે છે, જ્યારે કે આ આયતનો અર્થ એ છે કે તમે તમારો અવાજ નબીના અવાજ કરતાં ઊંચો ન કરો. જાહેર છે કે આ હુકમ તે હઝારત માટે છે જેમની સાથે આપ વાતચીત કરી રહ્યા હોય. આ મહાન નેઅમત આપણા જેવા કમનસીબોને કયાં મળી શકે ?!

**૦૩.** તલફ્ફુઝ (ઉચ્ચારો) સહીહ હોવા જોઈએ અને બેહતર થશે કે નઅતખ્વાં હઝરાત કોઈ ઈલ્મવાળા સાહબને સંભળાવીને ઈત્મિનાન કરી લીધા કરે.

**૦૪.** શેઅરોનો ક્રમ યથાવત રાખવામાં આવે. પ્રથમ બારગાહે રિસાલતમાં સલામ અર્ઝ કરવામાં આવે પછી અહલે બયત, સહાબા તથા અવલિયાની બારગાહમાં અર્ઝ કરવામાં આવે. એવું ન બને કે શરૂ કે છેલ્લેથી જે શેઅર યાદ આવ્યો તે પઢી નાખ્યો.

**૦૫.** મેઅરાજ શરીફ, મીલાદે પાક, અહલે બયત તથા સહાબાના દિવસો હોય અથવા ૧૧મી શરીફની મેહફિલ તો અન્ય શેઅરો ઉપરાંત મોક઼ાસર શેઅરો પણ પઢવામાં આવે.

**૦૬.** અરબીમાં શબ્દ "સલાત" દુરૂદ શરીફના અર્થમાં આવે છે. સલામ પઢતી વખતે એવા શેઅરો પણ પઢવામાં આવે જેમાં દુરૂદનું વર્ણન છે صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا ની તામીલમાં દુરૂદ તથા સલામ બંનેવ પેશ કરવાની સઆદત હાંસલ થઈ જાય.

*અર્શ કી ઝેબો ઝીનતપે અર્શી દુરૂદ–ફર્શ કી તૈયબો નુઝહત પે લાખોં સલામ*

**૦૭.** હદીષમાં ઈમામના માટે હિદાયત છે કે બીમાર તથા હાજતમંદોનો ખયાલ રાખવામાં આવે અને સુન્નત પ્રમાણેની માત્રાથી વધુ કિ઼રાઅત ન કરવામાં આવે. બેહતર છે કે આ જ હિદાયતની સલામમાં પણ કાળજી લેવામાં આવે અને વધુ શેઅરો ન પઢવામાં આવે જેથી અધિકથી અધિક મહોબ્બતવાળા શોખપૂર્વક ભાગ લઈ શકે, તેમજ જોઈન્ટ કરીને અન્ય શેઅરો પઢવાથી પણ પરહેઝ કરવામાં આવે.

એકવાર માહિરે રઝવિય્યાત પ્રોફેસર મસ્ઊદ અહમદે તજવીઝ પેશ કરી હતી કે આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના પ્રખ્યાત સલામની શરહ લખવામાં આવે. એ રીતે એક અવામ તથા ખાસ લોકોને સલામે રઝા સમજવામાં મદદ મળશે, બીજો ફાયદો એ થશે કે ઈમામે અહલે સુન્નતની બયાન કરેલ હકી઼ક઼તોના આધારે સીરતે તયબહની સ્ટાન્ડર્ડ એક કિતાબ તૈયાર થઈ જશે.

**હું એવું કહું કે આ સલામ ઉર્દૂ ભાષાનો ક઼સીદા બુર્દા છે તો એમાં રજમાત્ર પણ અતિશયોક્તિ ન ગણાશે.** જે ઝબાન તથા બયાન, જે સોઝો ગુદાઝ, જે મઆરિફ તથા હક઼ાઈક઼ કુર્આન તથા હદીષ અને સીરતના જે રહસ્યો તથા રાઝો, જે અંદાઝ તથા તરીક઼ો જે કુદરત (સ્વભાવિકતા) તથા ઉમદાપણુ આ સલામમાં છે તે કોઈ ભાષાની શાઈરીના કોઈ ઉચ્ચ ગ્રંથમાં નથી. મને અફસોસ છે કે ક઼લમકારોએ આ બાજુ ધ્યાન નથી કર્યું, નહીં તો તેના એક એક શેઅરના ખુલાસામાં કાંઈ કેટલીયે

કિતાબો લખી શકાય છે. *(ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી : એક હમા જેહત શખ્શિસયત, પેજ : ૧૧)*

## ★ 'સલામે રઝા' પર ઉડતી નજર ★

અલ્લાહ ﷻ એ કુર્આન મજીદમાં પોતાના હબીબ ﷺના અદબ, તા'ઝીમ તથા તૌક઼ીર અને મહોબ્બત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)ની તા'લીમાતની સાથોસાથ તમામ મુસલમાનોને એ હુકમ પણ આપ્યો કે તમે મારા હબીબ ﷺની ખિદમતમાં દુરૂદો સલામ અર્ઝ કર્યા કરો : اِنَّ اللّٰهَ وَ مَلٰٓىِٕكَتَهٗ یُصَلُّوْنَ عَلَى النَّبِیِّؕ یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَیْهِ وَ سَلِّمُوْا تَسْلِیْمًا

"બેશક ! અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા નબી અકરમ (ﷺ) પર સલાત મોકલે છે, હે ઈમાનવાળાઓ ! તમો પણ આપની ખિદમતમાં સલાતો સલામ અર્ઝ કર્યા કરો." *(સૂ. અહઝાબ, ૩૩/૫૬)*

આ મુબારક આયતમાં જેવી રીતે દુરૂદો સલામનો હુકમ છે તેવી જ રીતે આ અમલનો મક઼ામ તથા મર્તબો પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યો છે કે આ એટલો મહાન તથા ઉચ્ચ અમલ છે કે ખુદ ખાલિક઼ે કાઈનાત અને તેના તમામ ફરિશ્તા પોત પોતાની શાનના પ્રમાણે આ અમલમાં તમારી સાથે શરીક઼ છે.

અલ્લાહ તઆલાનું આ ઉમ્મત પર એ ફઝ્લો એહસાન છે કે તેણે દુરૂદો સલામના માટે શબ્દો તથા કલમા ખાસ નિશ્ચિત નથી કર્યા. બલ્કે દરેક જણને ઈજાઝત છે કે તે પોત પોતાની બોલી તથા શબ્દોમાં આપની ખિદમતે અક઼દસમાં સલામ અર્ઝ કરે.

કેમ કે નમાઝમાં પણ અલ્લાહ તઆલાએ પોતાની હમ્દો ષનાની સાથોસાથ હુઝૂર ﷺની બારગાહમાં સલાતો સલામને સામેલ ફર્માવેલ છે. આપે સહાબાને તશહહુદના જે કલમા શીખવાડયા એમાં આ શબ્દો પણ સામેલ છે : السلام علیکم ایھا النبی ورحمۃ اللہ وبرکاتہ "હે નબીયે મુકર્રમ ! ﷺ (યા નબી) આપના પર સલામ થજો અને અલ્લાહની રહ઼મત તથા બરકતો નાઝિલ થાય. એના પર સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલાએ અમને બે વાતોનો હુકમ આપ્યો છે, એક સલાત બીજો સલામનો. આ તશહહુદથી અમને નમાઝ દરમિયાન આપની ખિદમતે આલીમાં સલામ અર્ઝ કરવાનો તરીક઼ો તો માલૂમ થઈ ગયો છે પણ સલાતનો નથી થયો. એના પર આપે દુરૂદે ઈબ્રાહીમીની તા'લીમ આપી.

યાદ રાખશો કે આ કલેમાતની સાથે નમાઝમાં દુરૂદો સલામ અર્ઝ કરવા વાજિબ તથા સુન્નત છે, તેમજ નમાઝથી બહાર જે શબ્દોમાં પણ સલાતો સલામ અર્ઝ કરવામાં આવે જાઈઝ છે. એના માટે આનાથી વધીને શું દલીલ હોય શકે છે કે પૂરી મુસ્લિમ ઉમ્મત આપનું નામ સાંભળીને અર્ઝ કરે છે صلی اللہ علیہ وسلم (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) જ્યારે કે આ શબ્દો આપની ઝાતે પાકથી નક઼લ થયેલા નથી. આ જ શરઈ ઈજાઝતની બિના પર ગુલામાને રસૂલે હમેશાં દરેક દૌરમાં આપની હુઝૂર ગદ્ય તથા પદ્યમાં દુરૂદો સલામના હજારો ગજરા પેશ કર્યા. એમનામાંથી બે ગુલામ એવા પણ છે જેમનો લખેલ સલાતો સલામ એટલા પ્રમાણમાં મક઼બૂલ થયો કે એનું દષ્ટાંત નથી મળતું. એ ગિરામી ક઼દર ઝાતોના મુબારક નામો આ પ્રમાણે છે :–

**૦૧.** શયખ શરફુદીન અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન સઈદ, જેમને ઈમામ બુસૈરીના નામથી પોકારવામાં આવે છે.

**૦૨.** આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, ઈમામ અહમદ રઝા ક઼ાદરી મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ.

એમાંથી ઈમામ બુસૈરીનો સલામ અરબી ભાષામાં છે : مولای صل وسلم دائما ابدا۔ علی حبیبک خیر الخلق کلھم

જ્યારે કે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતનો સલામ (કસીદા સલામિયહ) ઉર્દૂમાં છે :–

*મુસ્તફા જાને રહ્‌મતપે લાખોં સલામ–શમ્એ બઝ્‌મે હિદાયતપે લાખોં સલામ*

પ્રથમ સલામની તશરીહ (ખુલાસા)માં વિવિધ કિતાબો લખવામાં આવી છે, પણ બીજા (આ'લા હઝરતના) સલામની સંપૂર્ણ તશરીહના બારામાં ખૂબ જ થોડું કામ થયું છે, જ્યારે કે ઉર્દૂ ભાષામાં લખવામાં આવેલ સર્વ સલામોમાં આ મક્‌બૂલતરીન સલામ છે. જ્યાં જ્યાં દુનિયામાં અહલે મહબ્બત આબાદ છે અને તેમની ભાષા ઉર્દૂ છે ત્યાં ત્યાં આ સલામ દરેક મેહફિલનો હિસ્સો છે. ખાસ કરીને જુમ્આની નમાઝ બાદ તથા મેહફિલે મીલાદમાં ઘણા જ શોખપૂર્વક પઢવામાં આવે છે. જાણે કે આ સલામ ઉમ્મતે મુસ્લિમાના દિલનો અવાજ છે.

જો પઢનારો તેના અર્થ તથા ભાવાર્થ અને તેના દરેક શેઅરના બેકગ્રાઉન્ડ તથા તેમાં વર્ણવેલ મહાન બનાવથી માહિતગાર હોય તો શોખમાં બમણો વધારો થઈ જાય છે. (એ જરૂરતને પૂરી કરવા માટે "શરહે હદાઈકે બખ્શિશ" પણ બે ભાગમાં દયાદરાથી પ્રકાશિત થઈ છે. શોખ ધરાવનાર જરૂરથી એને મેળવવા અમારો સંપર્ક કરે. –તંત્રી)

## ★ 'સલામે રઝા'ના બારામાં ઈલ્મવાળાઓની રાય ★

આ સલામનો ઈલ્મી હુસ્નો જમાલ તથા તેની આમ મક્‌બૂલિયત પર નામવાર ઈલ્મવાળાઓની રાય જુઓ :

**૦૧.** મહાન મુહક્કિક્ 'શમ્સ' બરેલ્વી "કલામે રઝા કા તેહકીકી ઔર અદબી જાઈઝા"માં લખે છે : ખામએ રઝા અને તબએ રઝા قُدِّسَ سِرُّہٗ الْعَزِیْز એ ૧૭૦ સલામ પેશ કર્યા છે. તે સલામોમાં નબુવ્વતના અવસાફ (ખૂબીઓ), સરવરે કૌનેન ﷺના મહાન મર્તબાઓ અને હુઝૂર ﷺના સરાપાએ અક્‌દસને હુસ્નો ખૂબી સાથે પેશ કર્યું છે, તેની શું વાત કરું અને એ શેઅરોની શું ખૂબીઓ વર્ણન કરું ! એક અર્થો ભાવાર્થોનો દરિયો મોજાં મારી રહ્યો છે અને એક ફિક્રે ગ્વાસ (ડૂબકી મારનાર) છે જે નબુવ્વતના દરિયામાં અશિતય ખુલૂસ સાથે ડૂબકી મારે છે અને નબવી કમાલોના પાણીદાર મોતીઓને માથાના તાજની શોભા બનાવીને આ મોજાં મારતા સમુદ્રમાંથી માથુ કાઢે છે અને પછી બીજા પાણીદાર મોતીની તલાશમાં ડૂબકી મારે છે અને ફરી એક અર્થો ભરેલ મોતીવાળા છીપલાની તલાશમાં કામયાબ થઈને ખુશી ખુશી ઉપર ઉભરી આવે છે અને કમાલે નબુવ્વતના દરે બેમિષાલ કોશિશ કરે છે. આમ તો એ સર્વ ૧૭૦ શેઅરોનો સંગ્રહ પાકી તથા સલામનો એક હસીન ગુલદસ્તો છે, પરંતુ સુખનનો કમાલ જુઓ કે દરેક શેઅરમાં સલામ પેશ કરે છે અને નબુવ્વતના કમાલની એક નવી દિશા રજૂ કરે છે.

**૦૨.** સલામે રઝા પર તઝમીન લખનાર નામવર શાઈર મૌલાના સૈયદ મુહમ્મદ મરગૂબ અખ્તર અલ્હામિદી સલાસતે ઝબાન વ ઝોરે બયાનના ટાઈટલ્સ હેઠળ લખે છે :– રોજ બરોજના મુહાવરાઓની સાથે આ'લા હઝરતનું પૂરુ કલામ ઝબાનની સાદગી તથા જોરે બયાનનો સંગમ છે. આપનો મશહૂર સલામ "મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ" જેના ૧૭૨ શેઅરો છે. **તેનો દરેક શેઅર મોતીઓમાં તોલવાને પાત્ર છે** તેમજ સાદગી તથા રવાની અને જોરે બયાનમાં પોતાનો જવાબ નથી ધરાવતો. આ સલામના એક એક શેઅરમાં મહબૂબે મદીના ﷺની અદાઓ શબ્દોના મોતીઓ વડે એવી રીતે ગુંથી છે જેને જોઈને દિલ બાગ બાગ થઈ જાય છે. સરકારે મદીના ﷺના સરાપાનો તથા બાળપણથી નબુવ્વતના દૌરનો નક્‌શો એ રીતે ખેંચ્યો કે જેને દાદ આપવા માટે શબ્દો નથી મળતા. હુઝૂર સરવરે આલમ ﷺની પૂરી સીરત સામે આવી જાય છે. *(ઈમામે નઅત ગોયાં–૬૪)*

**૦૩.** ઈક્‌બાલિયાતના મશહૂર ફાઝિલ પ્રોફેસર યૂસુફ સલીમ ચિશતી આ કસીદા સલામિયાના બારામાં લખે છે : "મૌલાના અહમદ રઝખાં બરેલ્વીએ સરકારે અબદ કરાર, ઝુબ્દએ કાઈનાત, ફખ્રે મૌજૂદાત હઝરત મુહમ્મદ મુસ્તફા

ﷺની બારગાહમાં જે નઝમ સ્વરૂપે સલામ પેશ કર્યો હતો તેને યકીનન કબૂલિયતનો શરફ હાંસલ થઈ ગયો, કેમ કે હિંદ તથા પાક.માં કદાચ જ આશિકે રસૂલ એવો હશે જેણે તેના બેચાર શેઅરો હિફ્ઝ ન કરી લીધા હોય."

*(નિદાએ હક્ક, જૂન–ઈ.સ. ૧૯૬૦, પેજ : ૩૧)*

**૦૪.** હફીઝ જલંધરી મર્હૂમની નઅતિયા શાઈરી પર રિવ્યુ આપતાં મશહૂર કોલમ લેખક મિયાં મુહમ્મદ શફીઅ આ સલામના બારામાં લખે છે : અખંડ ભારતના મુસલમાનોમાં ઈસ્લામી સમજ ઉભારવામાં અને મુસલમાનોની નવી નસલને ઈસ્લામી કદરોથી માહિતગાર કરવામાં હફીઝની શાઈરીએ એવો કિરદાર (રોલ) અદા કર્યો કે જે આ સદીના બીજા કે ત્રીજા દસકામાં અહલે સુન્નત વ જમાઅત આ'લા હઝરત અહમદ રઝાખાં બરેલ્વીએ નઅતિયા કલામ અને તેહરીકે રાબતાએ મુસ્લિમ અવામના થકી મુસલમાનોના સીનામાં ઈશ્કે મુહમ્મદ ﷺની આગ રોશન કરવામાં અદા કર્યો હતો. જેવી રીતે અંખડ ભારતના દૂર દૂરના ગામડાંઓ આ'લા હઝરતના સલામના આ વાકયો *"મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ"* પાછલી અડધી સદીથી ગુંજતા રહ્યાં છે એ જ પ્રમાણે હફીઝના "શાહનામાએ ઈસ્લામ"ના શેઅરો મસ્જિદો તથા મક્તબોથી તેમની ખાસ તર્ઝમાં પાછલી ચોથાઈ સદીથી અધિક આપણા જેવા લોકોના દિલોની ધડકનની સદા બનીને બુલંદ થતા રહ્યા છે. *(રોઝનામા નવાએ વકત, લાહોર, ૨૨ નવે. ૧૯૩૭)*

**૦૫.** મલિક શેર મુહમ્મદ અઅ્વાન આપની સલામના બારામાં આ પ્રમાણે કહે છે : હુઝૂર સરવરે આલમ ﷺના માટે અગણિત શાઈરો થકી સલામ લખીને અકીદતનો હદિયો પેશ કરવામાં આવ્યો પણ મૌલાના અહમદ રઝાખાંના સલામને કાંઈક એવી મકબૂલિયત નસીબ થઈ કે આજે દરેક મસ્જિદ એનાથી ગુંજી રહી છે."

*(મૌલાના અહમદ રઝાખાં કી નઅતિયા શાઈરી, પેજ : ૨૬)*

ખરેખર આ સલામની મકબૂલિયતથી કોઈને ઈન્કાર નથી થઈ શકતો, કેમ કે દુનિયાનો ખૂણે ખૂણો એની મકબૂલિયત પર ન્યાયી સાક્ષી છે. ઈ.સ. ૧૯૭૩ની વાત છે. મદીના તયબહની હાજરી અને ઉમરા માટે રવાનગીથી પહેલાં કરાંચીમાં અમે અમારા શયખ પીરે તરીકત કુત્બે વકત સૈયદના તાહિર અલાઉદ્દીન કાદરી જીલાની رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, હુઝૂર ! અમો દરબારે રિસાલત મઆબમાં કઈ રીતે સલામ અર્ઝ કરીએ ? આપે ફર્માવ્યું, "તે લોકો (વહાબીઓ) જો કે પસંદ નથી કરતા, પણ છતાંય તમે પઢો : *"મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ."*

## ★ સલામે રઝાની વિશિષ્ટતાઓ ★

ઈમામે અહલે મહબ્બતના સલામની વિવિધ વિશિષ્ટતાઓ છે, એમાંથી અમુક આ પ્રમાણે છે :–

**૦૧.** આ ઉર્દૂ સલામોમાંથી સૌથી લાંબી સલામ છે. તેના ૧૭૧ શેઅરો છે.

**૦૨.** એમાં હુઝૂર ﷺના સરાપાનું વર્ણન પણ છે.

**૦૩.** આપની મુકદસ અદાઓનું ખૂબ જ ખૂબસૂરત અંદાઝમાં વર્ણન છે.

**૦૪.** એ કે આપની ઝાતે અકદસના સિવાય આલ, અસ્હાબ, અવલિયા અને તમામ ઉમ્મત પર સલામ છે.

**૦૫.** દરેક શેઅરમાં કુર્આન તથા હદીષની તા'લીમાત ખૂબ જ સરસ અંદાઝમાં વર્ણવી દેવામાં આવી છે.

**૦૬.** આ સલામ આપની સૂરતના બયાનની સાથોસાથ સીરતે નબવીનો શાહકાર છે.

**૦૭.** એના શેઅરોમાં ઈસ્લામી ઈતિહાસના મહાન બનાવોને અનોખા અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે.

૦૮. એમાં સરાપાનું વર્ણન કરતી વખતે ઉર્દૂના તે જ શબ્દોની પસંદગી કરવામાં આવી છે જે અરબીમાં વપરાયા હતા.

૦૯. આટલો મક઼બૂલ કોઈ સલામ નથી.

૧૦. હુઝૂર ﷺના મહાન મો'જિઝાઓનું વર્ણન પણ ખૂબ જ સરસ અંદાઝમાં કરવામાં આવેલ છે.

૧૧. એના દરેક શેઅરનો અર્થ કોઈ ન કોઈ આયતે કુર્આની અથવા હદીષથી કાઢેલ છે.

## ★ સલામની ગોઠવણી ★

૦૧. પ્રથમ ૩૦ **શેઅરો**માં હુઝૂર ﷺની વિશિષ્ટતાઓ, કમાલો તથા મો'જિઝાઓની સાથોસાથ એ વાતને સ્પષ્ટ કરવામાં આવેલ છે કે આપની જાત અલ્લાહ તઆલાની સૌથી મોટી નેઅમત છે, અને આપનુ વજૂદે મસઊદ બેમિષ્લ (અજોડ) અને દરેક ચીજના વજૂદની ઈલ્લત તથા સબબ છે.

૦૨. **૩૧ મા શેઅરથી ૮૧** સુધી આપના સરાપાનું વર્ણન છે જેમાં દરેક અંગ, તેની ખાસ વિશિષ્ટતા અને તેના હુસ્નો જમાલ તથા બરકતોનું વર્ણન છે.

૦૩. **૮૨ થી ૯૩**માં આપની વિલાદતે બાસઆદત, બચપન, રઝાઅત (દૂધ પીવા વિશે), રઝાઈ મા, ભાઈ, બહેનની સાથે સંબોધનનું વર્ણન.

૦૪. **૯૧ થી ૯૯**નો હિસ્સો ખલ્વત (એકાંત) તથા ઝિક્ર ફિક્ર, બઅષત મુબારક, શાને સુતૂત અને દીનના ગલ્બા પર આધારિત છે.

૦૫. **૧૦૦ થી ૧૦૪** માં આપની ગઝવાતમાં શિર્કત અને જુર્અત તથા બહાદુરીનું વર્ણન છે.

૦૬. **૧૦૫ થી ૧૧૭** સુધી ખાનદાને નબવી તથા ગુલશને ઝહ્‌રાની ખુશ્બુથી મહેકી રહેલ છે.

૦૭. **૧૧૮ થી ૧૨૬** સુધી આપનાં અઝવાજે મુતહ્‌હરાતના દરજા તથા કમાલો પર આધારિત છે.

૦૮. **૧૨૭ થી ૧૪૩**માં સહાબા, ખુલફાએ રાશિદીન તથા અશ્રાએ મુબશ્શિરાની ખિદમતમાં સલામ છે.

૦૯. **૧૪૪ થી ૧૪૯**માં તાબઈન, તબે તાબઈન અને સર્વ આલે રસૂલ પર સલામ છે.

૧૦. **૧૫૦ અને ૧૫૧** આ બે શેઅરોમાં ચારેવ ઈમામો ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલનો મુબારક ઉલ્લેખ છે.

૧૧. **૧૫૨ થી ૧૫૫**માં સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજરી છે.

૧૨. **૧૫૬ થી ૧૬૧**માં પોતાના સિલસિલાના મશાઈખનું વર્ણન છે.

૧૩. **૧૬૨ થી ૧૬૫**ના હિસ્સામાં સર્વ મુસ્લિમ ઉમ્મત, ખાસ કરીને અહલે સુન્નત, પોતાના મા બાપ, દોસ્ત, સ્નેહીઓ તથા ઉસ્તાદો માટે દુઆ છે.

૧૪. આ સલામની પૂર્ણાહૂતિ એ દુઆ પર રહી છે કે ખાલિક઼ તથા માલિક ! આ સલાતો સલામનો અમલ મને ક઼યામતના દિવસે એ રીતે નસીબ થાય કે જ્યારે રહ્‌મતુલ્ લિલ્ આલમીન આક઼ા મેહશરમાં તશરીફ લાવે તો મને આ પ્રમાણે અર્ઝ કરવાની ઈજાઝત મળે : મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ.

*(મખ્દૂમે અહલે સુન્નત, શયખુલ હદીષ, અલ્લામા મુહમ્મદ અબ્દુલ હકીમ શરફ ક઼ાદરી رحمۃ اللہ علیہ)*



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

وَ مَا لَنَا لَا نُؤْمِنُ بِاللّٰهِ وَ مَا جَآءَنَا مِنَ الْحَقِّ ۙ وَ نَطْمَعُ اَنْ
يُّدْخِلَنَا رَبُّنَا مَعَ الْقَوْمِ الصّٰلِحِيْنَ ۝٨٣ فَاَثَابَهُمُ اللّٰهُ بِمَا قَالُوْا
جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ۚ وَ ذٰلِكَ جَزَآءُ
الْمُحْسِنِيْنَ ۝٨٥ وَ الَّذِيْنَ كَفَرُوْا وَ كَذَّبُوْا بِاٰيٰتِنَاۤ اُولٰٓىٕكَ
اَصْحٰبُ الْجَحِيْمِ ۝٨٦ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحَرِّمُوْا طَيِّبٰتِ مَاۤ
اَحَلَّ اللّٰهُ لَكُمْ وَ لَا تَعْتَدُوْا ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ۝٨٧ وَ
كُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۪ وَّ اتَّقُوا اللّٰهَ الَّذِيْۤ اَنْتُمْ بِهٖ
مُؤْمِنُوْنَ ۝٨٨ لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْۤ اَيْمَانِكُمْ وَ لٰكِنْ
يُّؤَاخِذُكُمْ بِمَا عَقَّدْتُّمُ الْاَيْمَانَ ۚ فَكَفَّارَتُهٗۤ اِطْعَامُ عَشَرَةِ
مَسٰكِيْنَ مِنْ اَوْسَطِ مَا تُطْعِمُوْنَ اَهْلِيْكُمْ اَوْ كِسْوَتُهُمْ اَوْ
تَحْرِيْرُ رَقَبَةٍ ؕ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ ؕ ذٰلِكَ كَفَّارَةُ
اَيْمَانِكُمْ اِذَا حَلَفْتُمْ ؕ وَ احْفَظُوْۤا اَيْمَانَكُمْ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ
لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝٨٩ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّمَا
الْخَمْرُ وَ الْمَيْسِرُ وَ الْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ
الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝٩٠ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ
اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِي الْخَمْرِ وَ الْمَيْسِرِ وَ
يَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَ عَنِ الصَّلٰوةِ ۚ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ ۝٩١

અને જ્યારે સાંભળે છે તે જે રસૂલ તરફ ઉતર્યું[૧], તો તેમની આંખો જુઓ કે અશ્રુઓથી ઉભરાઈ રહી છે,[૨] કારણ કે તેઓ સત્યને ઓળખી ગયા, કહે છે, ''હે અમારા રબ ! અમે ઈમાન લાવ્યા. તો અમને સત્યના સાક્ષીઓમાં નોંધી લે[૩] (૮૩) અને અમને શું થયું કે અમે ઈમાન ન લાવીએ અલ્લાહ પર અને તે સત્ય પર જે અમારી પાસે આવ્યું. અને અમે યાચીએ છીએ કે અમને અમારો રબ નેક લોકો સાથે દાખલ કરે[૪] (૮૪) તો અલ્લાહે તેમને આ બોલવા બદલ બગીચા આપ્યા, જેમની નીચે નહેરો વહે, હમેશાં તેમાં રહેશે, આ બદલો છે નેક લોકોનો[૫] (૮૫) અને તે જેમણે કુફ્ર કર્યું, અને અમારી આયતોને જૂઠલાવી તેઓ છે દોઝખવાળા[૬] (૮૬) હે ઈમાનવાળાઓ ! હરામ ન ઠરાવો તે સ્વચ્છ વસ્તુઓ જે અલ્લાહે તમારા માટે હલાલ કરી[૭] અને હદ ન ઓળંગો, બેશક ! સીમાનું ઉલ્લંઘન કરનારાઓ અલ્લાહને અપ્રિય છે (૮૭) અને જે કંઈ અલ્લાહે હલાલ સ્વચ્છ રોજી આપી તે ખાઓ અને અલ્લાહથી ડરો, જેના પર તમને શ્રદ્ધા છે (૮૮) અલ્લાહ તમને તમારી સમજ ફેરની કસમો પર પકડતો નથી,[૮] તે કસમો પર પકડે છે જેને

*તમે પાકી કરી,[૯] તો એવી કસમોનો બદલો દસ મિસ્કીનોને જમણ આપવું[૧૦] પોતાના ઘરવાળાઓને જે ખવડાવો છો તેના વચલા ગાળાનું,[૧૧] અથવા તેમને વસ્ત્રો આપવા, અથવા એક ગુલામને છોડાવવું. તો જે આમાંથી કંઈ ન (કરી) પામે તે ત્રણ દિવસના રોઝા[૧૨] આ બદલો છે તમારી કસમોનો જ્યારે કસમ ખાઓ.[૧૩] અને પોતાની કસમોની રક્ષા કરો.[૧૪] આવી જ રીતે અલ્લાહ તમને પોતાની આયતો બયાન કરે છે કે ક્યાંક તમે ઉપકાર માનો (૮૯) હે ઈમાનવાળાઓ ! દારૂ અને જુગાર અને મૂર્તિઓ અને પાસાઓ અપવિત્ર જ છે, શયતાની કાર્યો. તો એનાથી બચતા રહેશો કે (જેથી) તમે સફળતા પામો[૧૫] (૯૦) શયતાન એ જ ઈચ્છે છે કે તમારામાં વેર અને દુશ્મની નંખાવે દારૂ અને જુગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે[૧૬] તો શું તમે ત્યજ્યું ? (૯૧)*

**૧ :** અર્થાત કુર્આન શરીફ.

**૨ :** આ તેમના હૃદયોની નરમાશનું વર્ણન છે કે કુર્આન શરીફના દિલમાં અસર કરનાર વિષયોનું પઠન સાંભળીને રડી દે છે. જેમ કે નજાશી બાદશાહની ફર્માઈશથી હઝરત જાઅફરે તેના દરબારમાં સૂરએ મરયમ સૂરએ તાહાની આયતો પઢી સંભળાવી ત્યારે નજાશી બાદશાહ અને તેના દરબારીઓ જેમાં તેની કોમના આલિમો પણ હાજર હતા તે બધા ધ્રુસ્કે ધ્રુસ્કે જ રડી પડયા. એવી જ રીતે નજાશી કોમના ૭૦ માણસો જે હુઝૂર ﷺની સેવામાં હાજર થયા હતા તેઓ પણ હુઝૂર પાસેથી સૂરએ યાસીન સાંભળીને ખૂબ રડયા.

**૩ :** સૈયદે આલમ ﷺ પર, અને અમે આપના સાચા હોવાની સાક્ષી આપી.

**૪ :** અને સૈયદે આલમ ﷺની ઉમ્મતમાં દાખલ કરે, જે કયામતના દિવસે બધી ઉમ્મતોની સાક્ષી બનશે, (આ તેમને ઈન્જીલ દ્વારા જાણવા મળ્યું હતું.)

**૫ :** જ્યારે હબશાનું પ્રતિનિધિમંડળ ઈસ્લામથી પાવન થઈને પાછુ ફર્યું ત્યારે યહૂદીઓએ તેમને ટોણાં માર્યા. તેમના જવાબમાં તેમણે કહ્યું કે જ્યારે સત્ય સ્પષ્ટ થઈ ગયું તો પછી અમે શા માટે ઈમાન ન લાવીએ ? એટલે કે એવી હાલતમાં ઈમાન ન લાવવું ખરાબ છે, નહીં કે ઈમાન લાવવું. કારણ કે એ તો ઉભય જગતની ભલાઈનું કારણ છે.

**૬. શાને નુઝૂલ :** સહાબાએ કિરામનું એક જૂથ એક વાર નબીએ કરીમ ﷺની વાઅઝ સાંભળ્યા પછી હઝરત ઉષ્માન ઈબ્ને મઝઊન رضی اللہ عنہના ઘેર એકત્ર થયું. અને તેમણે સન્યાસી બની જવાનું અંદર અંદર નક્કી કર્યું, ને એ પણ નક્કી કર્યું કે તેઓ શણ પહેરશે, કાયમ દિવસે રોઝો રાખશે અને રાત્રી અલ્લાહની ઈબાદતમાં જાગીને વિતાવશે, પથારી પર નહીં સૂએ, માંસ અને ચીકણી વસ્તુઓનો ત્યાગ કરશે. સ્ત્રીઓથી અળગા રહેશે, સુગંધ નહીં વાપરે. ત્યારે આ આયત ઉતરી, અને તેમને એવા ઈરાદાથી રોકી દેવામાં આવ્યા.

**૭ :** અર્થાત જે રીતે હરામ વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે તે રીતે હલાલ વસ્તુ વિશે એવું કહો કે, 'મેં તેને મારા માટે હરામ કરી લીધી.'

**૮ :** સમજફેરની કસમ (યમીને લગ્વ) એ છે કે માણસ કોઈ વાતને પોતાના ખ્યાલ મુજબ ખરી સમજીને કસમ ખાઈ લે પણ વાસ્તવમાં તે વાત એવી ન હોય. એવી કસમનો કફ્ફારો નથી.

**૯ :** અર્થાત 'યમીને મુનઅકદહ' જે કોઈ

www.barkatekhwaja.net

ભવિષ્યની વાત પર ઈરાદાપૂર્વક ખાવામાં આવે, આવી કસમ તોડવી ગુનોહ છે, અને એથી કફ્ફારો પણ લાગુ પડે છે.

**૧૦ :** બન્ને વખતનું ખાણું તેમને ખવડાવી દે, અથવા પોણા બશેર ઘઉં કે સાડા ત્રણ શેર જવ ફિતરાની જેમ આપી દે.

**મસ્અલો :** એક જ મિસ્કીનને દસ દિવસો સુધી ખવડાવવું અથવા આપવું પણ જાઈઝ છે.

**૧૧ :** એટલે કે બહું ઉચ્ચ કક્ષાનું, ન બહું ખરાબ બલ્કે મધ્યમ કક્ષાનું.

**૧૨ :** મધ્યમ કક્ષાનાં, જેનાથી શરીરનો વધારે ભાગ છુપાવી શકાય. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે એક તેહબંદ અને એક કુરતો અથવા એક તેહબંદ અને એક ચાદર હોવી જોઈએ.

**મસ્અલો :** કફ્ફારામાં આ ત્રણે વાતોનો અખત્યાર છે. ઈચ્છે તો ભોજન આપે, ઈચ્છે તો કપડાં આપે કે પછી ગુલામ છોડાવે, દરેકથી કફ્ફારો પૂરો થઈ જશે.

**૧૩ :** રોઝાથી ત્યારે જ કફ્ફારો પૂરો થશે જ્યારે કે ખાવા આપવાની અથવા કપડાં પહેરાવવાની કે ગુલામ છોડાવવાની શક્તિ ન હોય.

**મસ્અલો :** એ પણ જરૂરી છે કે આ રોઝા લગાતાર રાખવામાં આવે.

**૧૪ :** અને કસમ ખાઈને તોડી કાઢો એટલે કે તેને પૂરી ન કરો.

**મસ્અલો :** કસમ તોડતાં પહેલાં કફ્ફારો આપવો જાઈઝ નથી.

**૧૫ :** એટલે કે તેને પૂર્ણ કરો જ્યારે કે શરીઅતની રૂએ તેમાં કંઈ વાંધો ન હોય, અને એ પણ રક્ષા છે કે કસમ ખાવાની આદત છોડી દે.

**૧૬ :** આ આયતમાં દારૂ અને જુગારના પરિણામ અને માઠા ફળ વર્ણવવામાં આવ્યાં, કે શરાબ અને જુગારનું એક માઠુ પરિણામ તો એ છે કે એનાથી અંદરોઅંદર અદાવત અને વેર ઉત્પન્ન થાય છે. અને જે એ બદીઓમાં લબદાય છે તે અલ્લાહના ઝિક્ર અને નમાઝના સમયોની પાબંદીથી વંચિત બની જાય છે.

## ❀❀❀ શાદી મુબારક ❀❀❀

**ભરૂચ :** (ખ્વાજા ટાઉનશીપ) ખાતે જનાબ સાજિદભાઈ ખત્રી બોડેલીવાળાની નેક દુખ્તર ડો. નાઝિયા ખત્રીની (BHMS)ની શાદી તા. ૭–૧–૨૦૨૩ મંગળવારે ખત્રી શકીલ અહમદ હાજી અબ્દુર્રઝ્ઝાક લાલા (બોડેલી)ના નેક ફરઝંદ મુહમ્મદનૂરાની (C.A.)ની સાથે રાખવામાં આવી. તેની ખુશીમાં 'અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા'ને રૂા. ૧૦૦૦/– લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! દુલ્હા દુલ્હન કુટુંબજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તેના હબીબ ﷺના સદકે બંદે જહાનની ખુશીઓ સદા નસીબ કરે. આમીન –*તંત્રી*

**ટંકારીઆ :** ખાતે ચિશ્તી અશરફી ખલીફએ શૈખુલ ઈસ્લામ તિર્મિઝી સૈયદ અખ્તરહુસૈન બાવા (ઉમરેઠવાળા)ના નેક ફરઝંદ ''સૈયદ સૈફ અલી અશરફી'' (આલિમે દીન વ નઅતખ્વાં)ના નિકાહ જંબુસરવાસી સૈયદ નસીરુદ્દીન ઝયનુદ્દીનની નેક દુખ્તર 'સૈયદા ષના પરવીન'' સાથે તા. ૫–૨–૨૦૨૨, રવિવારના રોજ રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તેના હબીબ ﷺના સદકે બંદે જહાનની ખુશીઓ સદા નસીબ કરે. આમીન –તંત્રી



www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત જાબિર બિન સમુરહથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જુમ્આની રાત મગરિબની નમાઝમાં قُلْ یٰۤاَیُّهَا الْكٰفِرُوْنَ તથા قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢતા હતા." (શરહુસ્સુન્નહ)*

*ઈબ્ને માજહએ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી પણ તેમણે જુમ્આની રાતનો ઉલ્લેખ નથી કર્યો.[૧]*

**૧.** જાહેર એ છે કે મગરિબની નમાઝથી મગરિબના ફર્ઝો મુરાદ છે, અને આ અમલ પણ કાયમી ન હતો.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે ગણત્રી નથી કરી શકતો કે મેં કેટલા પ્રમાણમાં હુઝૂર ﷺને મગરિબની સુન્નતો અને ફજરથી પહેલાં સુન્નતોમાં قُلْ یٰۤاَیُّهَا الْكٰفِرُوْنَ તથા قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢતા સાંભળ્યા.[૧]" (તિર્મિઝી)*

**૧.** સુન્નતોમાં ક઼િરાઅત ધીમેથી થાય છે જેને બીજો નથી સાંભળી શકતો, પરંતુ હુઝૂર ﷺ એકાદ આયત ઊંચી પઢી દેતા જેથી લોકોને એ મસ્અલો માલૂમ થઈ જતો.

*"હઝરત સુલૈમાન ઈબ્ને યસારથી રિવાયત છે તે હઝરત અબૂ હુરૈરહથી રિવાયત કરે છે. ફર્માવે છે કે મેં કોઈની પાછળ એવી નમાઝ પઢી જે અધિક મુશાબેહ (મળતી જુલતી) જે હુઝૂર ﷺની નમાઝની સરખામણીમાં ફલાણાની.[૧] સુલૈમાને ફર્માવ્યું કે મેં તેમની પાછળ નમાઝ પઢી તો તે ઝોહરની પહેલી બે રકાતો લાંબી કરતા હતા અને આખરી રકાતો હલકી. અને અસરની હલકી પઢતા હતા અને મગરિબમાં "ક઼િસારે મુફસ્સલ" પઢતા હતા. અને ઈશામાં 'વસ્તે મુફસ્સલ' અને સવારમાં "તવાલે મુફસ્સલ" પઢતા હતા.[૨] (નિસાઈ) અને ઈબ્ને માજહએ ત્યાં સુધી રિવાયત કરી કે અસર હલકી પઢતા હતા."*

**૧.** ફલાણાથી મુરાદ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ છે અથવા અમ્ર ઈબ્ને સલમા ઈબ્ને નફીઅ્ અથવા કોઈ અન્ય શખ્સ જે મરવાન ઈબ્ને અબ્દુલ મલિકની તરફથી મદીનાનો વાલી હતો. અમુક લોકોએ કહ્યું છે કે ફલાણાથી મુરાદ ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ છે, પણ એ ગલત છે. કેમ કે આપનો જન્મ હિ.સ. ૬૧માં થયો છે અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની વફાત હિ.સ. ૫૭ કે ૫૮ માં થઈ છે, જેથી અબૂ હુરૈરહ رضی اللہ عنہથી આપની મુલાકાત થઈ નથી. *(મિર્ક઼ાત)*

**૨.** કુર્આને કરીમના એક હિસ્સાનું નામ માઈન છે, એક હિસ્સાનું મષાની અને એક હિસ્સાનું નામ મુફસ્સલ. સૂરએ હુજુરાતથી વન્નાસ સુધી મુફસ્સલ કહેવાય છે. તેના પછી પણ હિસ્સા છે. હુજુરાતથી બુરૂજ સુધી તવાલે મુફસ્સલ, બુરૂજથી લમયકુન સુધી અવસાતે મુફસ્સલ અને લમયકુનથી વન્નાસ સુધી ક઼િસારે મુફસ્સલ. ફજર તથા ઝોહરમાં તવાલ પઢવું અને અસ્ર તથા ઈશામાં અવસાત. મગરિબમાં ક઼િસાર પઢવું મુસ્તહબ છે. આ મસ્અલાનો માખઝ આ હદીષ છે.

www.barkatekhwaja.net

*"હઝરત ઓબાદા ઈબ્ને સામતથી રિવાયત છે. ફર્માવે છે કે અમે ફજરની નમાઝમાં હુઝૂર ﷺની પાછળ હતા. આપે ક઼િરાઅત કરી. આપ પર ક઼િરાઅત ભારી થઈ ગઈ. જ્યારે ફારિગ થયા તો ફર્માવ્યું, કદાચ તમે લોકો તમારા ઈમામની પાછળ તિલાવત કરો છો ! અમે કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ![1] ﷺ આપે ફર્માવ્યું કે સૂરએ ફાતિહા સિવાય કાંઈ ન પઢયા કરો, કેમ કે જે ફાતિહા નથી પઢતો તેની નમાઝ નથી થતી.[2] (અબૂ દાઊદ, તિર્મિઝી) નિસાઈએ એના ભાવાર્થની રિવાયત કરી. અબૂ દાઊદની એક રિવાયતમાં એ પ્રમાણે છે કે, ફર્માવ્યું કે હું દિલમાં વિચારતો હતો કે મારા પર કુર્આન કેમ ભારી પડી રહ્યું છે, જેથી હું જ્યારે બુલંદ અવાજથી ક઼િરાઅત કરું તો અલ્હમ્દના સિવાય કાંઈ ન પઢો.[3]"*

૧. જાણવા મળ્યું કે **મુક઼તદીની ગલતીની ઈમામ પર અસર પડે છે. જુઓ મુકતદીઓએ પોતાના દિલમાં હુઝૂર ﷺની પાછળ ક઼િરાઅત કરી જેની અસર એ થઈ કે હુઝૂર ﷺને લુક઼્મો લાગી ગયો, જેવી રીતે મુક઼તદીની પાકી બરાબર ન હોય તો ઈમામને લુક઼્મો લાગે છે.**

**૨.** આ હદીષ તે હઝરાતની દલીલ છે જેઓ ઈમામની પાછળ ક઼િરાઅતને માનનારા છે, કેમ કે એમાં સ્પષ્ટપણે મુકતદીઓને ઈમામની પાછળ ફાતિહા પઢવાનો હુકમ આપવામાં આવ્યો. પણ એમાં અમુક પ્રકારના વાંધા છે. **એક** એ કે આ હદીષ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષની વિરૂધ્ધ છે, જે હમણા આની પાછળ આવી રહી છે, જેમાં જહરી નમાઝોમાં મુક઼તદીને તદ્દન ક઼િરાઅતથી મના કરી દેવામાં આવ્યું. **બીજુ** એ કે આ હદીષ હઝરત જાબિર, અલ્ક઼મા, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, ઝયદ ઈબ્ને ષાબિત, અબ્દુલ્લાહ ઈબ્ને અલી, અલીયે મુર્તઝા, હઝરતની એ હદીષોની વિરૂધ્ધ છે જેમાં ઈમામની પાછળ મુત્લક઼ ખામોશીનો હુકમ આપવામાં આવ્યો છે. **ત્રીજુ** એ કે આ હદીષ કુર્આની હુકમની પણ વિરૂધ્ધ છે. રબ ફર્માવે છે : وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَ اَنْصِتُوْا (૭/૨૦૪) **ચોથુ** એ કે આ હદીષની વિશે ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે અધિક સહીહ એ છે કે એમાં કેવળ આટલુ છે : لَا صَلٰوةَ لِمَنْ لَّمْ يَقْرَءْ بِفَاتِحَةِ الْكِتَابِ એટલે કે એમાં મુક઼તદીનો ઉલ્લેખ નથી. જેથી આ હદીષ અમલને પાત્ર નથી અથવા મન્સૂખ છે.

**૩.** આ શબ્દો જાહેરી રીતે જોતાં અમારા વિરોધીઓની પણ ખિલાફ છે, કેમ કે એનો અર્થ એ છે કે જહરી નમાઝમાં મારી પાછળ કેવળ الحمد પઢયા કરો, અને ઈખ્ફા (ધીમી અવાજવાળી) નમાઝમાં الحمد તથા સૂરત સૌ પઢી લીધા કરો. જ્યારે તે હઝરાત પણ મુક઼તદીને સૂરત પઢવાની ઈજાઝત નથી આપતા.

## દયાદરામાં જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

**દયાદરા** : તા. ૧૮–૧–૨૦૨૩, ૬ રજબુલ મુરજ્જબ હિ. ૧૪૪૪, શનિવારે ઈશાની નમાઝ બાદ મોટા ચકલા પર હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી સંજરી رحمۃ اللہ علیہના ઉર્સના મુબારક અવસરે મોટા ચકલા પર શાનદાર જશ્ન મનાવાયો. જેમાં જનાબ ક઼ારી મકસૂદ અશરફી કાવીવાળા (પેશ ઈમામ : દયાદરા, જામા મસ્જિદ)એ કિરાઅતની સાથોસાથ પોતાના આગવા અંદાઝમાં મન્ક઼બત પેશ કરીને મજમાને મેહઝૂઝ કર્યો. છેવટમાં હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાળા (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ, પેશ ઈમામ : પીર છત્તર મસ્જિદ) સાહબે ખ્વાજા સાહબની શાન પેશ કરી હતી અને સાચો સૂફી કેવો હોય છે તેના વિશે સમજાવીને ખ્વાજા સાહબનો કિરદાર તથા આપના આદેશો, મલ્ફૂઝાત વર્ણવીને જણાવ્યું કે જો આપણે સાચા "આશિકે ખ્વાજા" છીએ તો ખાસ નમાઝોની પાબંદી તથા શરીઅત પર ચુસ્તપણે અને ગંભીરતાપૂર્વક કાળજીથી અમલ કરવો જોઈએ. છેવટમાં સલાતો સલામ, દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો. *–તંત્રી*

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

***(વિભાગ-૧૫)***

જ્યારે ખિદમતમાં હાજર થયા તો શયખ જમાલુદ્દીન હાંસવી, મૌલાના નિઝામુદ્દીન બદાયૂની, શમ્સદહર મૌલાના શમ્સુદ્દીન બુખારી, શયખ બદરુદ્દીન ગઝનવી, શયખ નજમુદ્દીન સનામી અને અમુક અન્ય અહલે ચિશ્ત હઝરાત બેઠેલા હતા........

**★ કામિલ મુર્શિદ મુરીદની સાફ નિય્યતથી વાકેફ હોય છે ★**

ફર્માવ્યું, પીરે કામિલમાં એટલી પાત્રતા પોતાનામાં હોવી જોઈએ કે જ્યારે કોઈ શખ્સ મુરીદ થવા માટે તેની પાસે આવે તો પીર તેના હુસ્ને અક઼ીદા (સાફ નિય્યત)ને જોઈ લે. જો માલૂમ પડે કે તે સર્વ બાબતે રબના ફર્માન પર પુખ્તગી નથી ધરાવતો તો તેને નરમીપૂર્વક કહે કે હજી તમારો સમય નથી થયો, તમે થોભી જાવ.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! જ્યાં સુધી શયખમાં જાતી શક્તિ મૌજૂદ ન હોય તેને શયખ ન કહેવો જોઈએ, કેમ કે ખ્વાજા કુત્બુલ અક઼તાબ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યાં સુધી શયખ મુરીદના જાહેર તથા બાતિનને બસીરતની નજરે જોઈ ન લે ત્યાં સુધી તેને મુરીદ કરવો અને કુલાહ અતા કરવી યોગ્ય નથી.

**★ ખ્વાજા સાહબ ગૈર મુસ્લિમને મુરીદ કે ખલીફા બનાવતા ન હતા ★**

પૃથ્વીરાજના નિકટવર્તી કાર્યકરોમાંથી એક માણસ ખુલૂસ દિલ સાથે ખ્વાજા ગરીબનવાઝ અજમેરી رحمۃ اللہ علیہની બારગાહે અક઼દસમાં મુરીદ થવાની નિય્યતે હાજર થયો. ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ તેને હલક઼એ ઈરાદતમાં દાખલ (મુરીદ) ન કર્યો. તે માણસે પરત જઈને રાજાના દરબારમાં શિકાયત કરી. રાજા પૃથ્વીરાજે માણસ મોકલ્યો કે હઝરત ખ્વાજાએ મારા એક નિકટવર્તી કાર્યકરને મુરીદ કરવાથી કેમ ઈન્કાર કર્યો, તેનું કારણ શું છે ? ફર્માવ્યું, એ માણસમાં ત્રણ ચીજો મૌજૂદ છે અને એ ત્રણેવ ચીજો જનારી નથી, અઝલમાં જ તેની તકદીરમાં લખવામાં આવી ચૂકી છે. **પ્રથમ** એ કે એની નાફર્માનીઓ ઘણી બધી હજી બાકી છે. **બીજુ** એ કે આ તારો નિકટવર્તી તારો અનુયાયી છે. અમે અમારી સુલૂકની કુલાહ એવો શખ્સને નથી આપતા કે તે અલ્લાહ સિવાયનાની સામે માથુ નમાવતો હોય. અને **ત્રીજી** વાત એ છે કે મેં લોહે મેહફૂઝમાં લખેલુ જોઈ લીધુ છે કે આ શખ્સ આ દુનિયાથી બેઈમાન જશે. નઊઝુ બિલ્લાહિ મન્હા. જ્યારે રાજા પૃથ્વીરાજે આ વાત સાંભળી તો ખૂબ જ ગુસ્સે થયો અને કહ્યું કે, આ ફક઼ીર ઘણી ગયબની વાતો કરતો રહે છે ! એને કહી દો કે મારા શહેરથી નીકળી જાય.

જ્યારે આ પયગામ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ સુધી પહોંચ્યો તો મુસ્કુરાયા અને ફર્માવ્યું, તેને કહી દો કે તમારી અને અમારી વચ્ચે ત્રણ દિવસની મોહલત છે, ક્યાં તો તમે જશો ક્યાં તો હું ! સારાંશ કે

www.barkatekhwaja.net

એ દરમિયાન સુલ્તાન મુહમ્મદનું લશ્કર અજમેરમાં દાખલ થઈ ગયું. પૃથ્વીરાજને જીવતો ગિરફતાર કર્યો અને તે માણસ જે મુરીદ થવા માટે આવ્યો હતો તેણે પાણીમાં ડૂબીને આત્મહત્યા કરી લીધી.

## ★ અલ્લાહવાળાઓની નારાઝગી બંને જહાનની બદ્‌બખ્તી ★

આ બનાવને મારા શખય હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہએ વર્ણન કર્યો. પછી આદેશ થયો કે ખુદા ન કરે પીર કે શયખ કોઈ શખ્સને બદ્દુઆ કરે અને તે બંનેવ જહાનથી મરદૂદ થઈ જાય.

મેં ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી સાંભળ્યું, ફર્માવતા હતા કે વીસ વરસ સુધી હું શયખુલ મશાઈખ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہની ખિદમતે અક્દસમાં રહ્યો. એકાંત તથા જાહેરની મજલિસો નસીબ થઈ. મેં તેમને કદી ગુસ્સાની હાલતમાં નથી જોયા, સિવાય એક દિવસના જ્યારે આપ એક મહોલ્લાથી પસાર થઈ રહ્યા હતા. તેમના એક મુરીદ શયખ અલીને એક શખ્સે પકડી રાખ્યો હતો અને કહેતો હતો, તમારે જે મારું ઉધાર આપવાનું છે તે આપી દો. હઝરત શયખુલ મશાઈખ رحمۃ اللہ علیہ ત્યાં પહોંચ્યા અને દરેક રીતે એ શખ્સને મના કર્યું પરંતુ તેણે હઝરતની એક વાત ન સાંભળી. શયખ ખ્વાજા رحمۃ اللہ علیہ ગુસ્સામાં આવી ગયા અને ખભા મુબારક પર રાખેલી ચાદરને જમીન પર પટકી, પછી ઉઠાવી તો સોનાના દીનારોથી ભરેલી હતી. ફર્માવ્યું, હે શખ્સ ! જેટલો તારો હક્ક છે તેટલુ ઉઠાવી લે ! તે શખ્સે પોતાના હક્કથી અધિક ઉઠાવવા ચાહ્યું તો તેના હાથ ત્યાં જ સુન્ન થઈ ગયા જેથી તે બુમો પાડવા લાગ્યો કે મેં તૌબા કરી ! શયખે માથુ ઉઠાવ્યું અને દુઆ કરી, હે અલ્લાહ ! એના હાથ એને પરત આપી દે, તો તરત જ તેના હાથ સાજા થઈ ગયા.

## ★ કત્લની નિય્યતે આવેલ શખ્સ તૌબા કરીને મુરીદ બની ગયો ! ★

એકવાર ખ્વાજા મુઈનુદ્દીન સંજરી رحمۃ اللہ علیہ સાથીઓ સાથે મજલિસમાં બિરાજમાન હતા. એક શખ્સ ખ્વાજાની ખિદમતમાં હાજર થયો અને મુરીદ થવાની દરખાસ્ત કરવા લાગ્યો. જો કે તે શખ્સ ખ્વાજા સાહબને શહીદ કરવાની નિય્યતે આવ્યો હતો. હઝરતની સામે જમીન પર બેસી ગયો. આપ તેની તરફ નજર કરતા અને મુસ્કુરાતા. પછી ફર્માવ્યું, દુરવેશ દુરવેશો પાસે બે જ ઈરાદાઓથી આવે છે, ક્યાં તો "સફા"ના માટે અથવા "જફા"ના માટે. તમે પણ આ જ બંનેવમાંથી એક અપનાવી લો ! જ્યારે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ આ ફર્માવ્યું તો તે ઉઠયો અને સ્વીકાર કરી લીધું અને છરી જે કત્લ કરવાની નિય્યતથી લાવ્યો હતો તેને કાઢીને બહાર ફેંકી દીધી અને ગુલામોના વર્તુળમાં સામેલ થઈ ગયો. પછી એટલા પ્રમાણમાં મજબૂત બન્યો કે દીનની મુશ્કેલીઓ અને મુશ્કેલ કામોમાં શયખ તરફથી એને જ નિયુક્ત કરવામાં આવતો અને તે હસતે મુખે તેમને અંજામ આપતો, ત્યાં સુધી કે પીસ્તાળીસ હજો અદા કરી અને છેવટે ત્યાં જ હરમમાં વિસાલ પામ્યો અને કા'બાના ખાદિમો સાથે દફન પામ્યો.

## ★ વફાદારી મજબૂતી સાથે ઈમાનનો પાયો છે ★

હઝરત શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હે અઝીઝ ! જેના માટે અઝલી સઆદત મુકદ્દર થઈ ચૂકેલી છે એનો હાલ એવો જ હોય છે. તે માણસ (ઉપરોક્ત બનાવમાં) શયખની ખિદમતમાં સારો અકીદો લઈને આવ્યો ન હતો, પરંતુ શયખ તે દિવસે હુસ્ને સફાના મઝહર હતા. તેના દિલની ગહરાઈઓમાં નઝરે શિફાથી જોયું અને તેના દિલની સર્વ ખરાબીઓને સાફ કરીને તેને પોતાના મુરીદોના વર્તુળમાં લઈ લીધો. તે શખ્સ બયઅતના શરફથી મુશર્રફ થઈને ખુદાની

બારગાહના મુકર્રબોની મંઝિલે સઈદ સુધી પહોંચી ગયો. મજબૂત અક઼ીદાએ તેને કમાલના દરજે પહોંચાડયો.

હઝરતે ફર્માવ્યું, એકવાર એક મહેમાન મારી પાસે આવ્યો. મેં તેનાથી સાંભળ્યું કે મુરીદે તમામ સુલૂકની બાબતોમાં રાસિખુલ એ'તેક઼ાદ (મજબૂત યક઼ીનવાળો) હોવું લાઝિમ છે જેથી ક઼યામતના દિવસે પોતાના શયખ સમક્ષ શર્મિંદો ન થાય.

## ★ સારા એતેક઼ાદવાળો બાદશાહ ★

હે દુરવેશ ! ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ પોતાના જમાનામાં લખે છે : એકવાર એક બાદશાહ ખૂબ જ મજબૂત અક઼ીદાવાળો, પૂરી કાબેલિયતોનો માલિક અને સાહિબે કશ્ફ તથા સારા અક઼ીદાવાળો હતો. એક દિવસ પોતાના ઉપલા માળે બેસીને બહાર જોઈ રહ્યો હતો. તેની બાજુમાં તેની પત્ની બેઠેલી હતી. જેથી ત્યાંથી તેની નજર તેના ઘોડાના તબેલા પર પડી. તબેલામાં દરબારના એક હબ્શી નોકરને જોયો. પછી આસ્માનની તરફ નજર કરી. મોડે સુધી એ બાજુ જ જોતો રહ્યો. પછી તબેલાને જોયો અને પછી પોતાની પત્નીને જોઈને રડવા લાગ્યો. જ્યારે તેની પત્નીએ આ હાલત જોઈ તો સબબ પૂછયો કે તમે તબેલાની તરફ નજર કરી અને પછી આસ્માનને જોયું અને પછી મને જોઈને રડવા લાગ્યા છો, એનું કારણ શું છે ? બાદશાહે કહ્યું કે એ ન પૂછ કેમ કે વાત કહેવા જેવી નથી. તેની પત્નીએ ખૂબ જ આગ્રહ કર્યો તો બાદશાહે કહ્યું કે સારું બતાવું છું, સાંભળ ! જ્યારે મારી નજર લોહે મહેફૂઝ પર પડી તો મેં જોયું કે મારું નામ જીવતા લોકોની યાદીમાંથી ખારિજ (કટ) કરી દેવામાં આવ્યું છે જેથી હું સમજી ગયો કે મારા ઈન્તેકાલનો સમય નજીક આવી ગયો છે. પછી મેં જોયું કે મારો જાનશીન (અનુગામી) કોણ હશે ? તો મેં જોયું કે તબેલાનો હબ્શી નોકર તખ્તનશીન થશે અને તું તેના નિકાહમાં આવીશ. પત્નીએ જ્યારે આ વાત સાંભળી તો બાદશાહને પૂછયું કે તો હવે તમારો શો ઈરાદો છે ?! તમે શું કરશો ?! તેણે જવાબ આપ્યો, ઈરાદો શું ?! જે ખુદાએ કરીમની મરજી તે જ આપણી રઝા છે. એ જ વખતે હબ્શીને બોલાવ્યો, અને પોતાનો લિબાસ તેને અતા કરીને અનુગામી બનાવ્યો. ફોજનો સરસેનાપતિ બનાવીને અમીરો વઝીરોને તેના હેઠળ કરીને એક ચળવળ પર રવાના કર્યો. હબ્શી બાદશાહના હુકમ પ્રમાણે ચાલ્યો ગયો અને ચળવળ માં કામયાબી હાંસલ કરી. સલ્તનતના બાગીઓને કત્લ કરી દીધા અને તેમની માલ સંપત્તિ લૂટીને માલે ગનીમત સાથે પરત લઈ આવ્યો. જે રાતે તેણે બાદશાહ સમક્ષ પરત આવીને હાજર થવાનુ હતું એ જ રાત્રે બાદશાહ વફાત પામ્યો. ચળવળ દરમિયાન હબ્શીએ ફોજોની સાથે સારો વર્તાવ કર્યો હતો જેથી સર્વ લોકો તેના આજ્ઞાંકિત બની ગયા અને હબ્શીને સમયના બાદશાહ તરીકે સ્વીકારી લીધો અને રાણી પણ તેના નિકાહમાં આવી ગઈ.

પછી ફર્માવ્યું, જ્યારે હઝરત રિસાલત પનાહ صلی اللہ علیہ وسلمએ વિસાલ કર્યો ત્યારે કેટલાય હજાર મુસલમાન ઝકાત બાબતે ઈસ્લામથી ફરી ગયા. હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને કહ્યું કે જો ઝકાતનો હુકમ અમારા પરથી ઉઠાવી લેવામાં આવે તો અમે ઈસ્લામ પર ક઼ાયમ રહીશું, નહીં તો નહીં ! હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ સહાબાએ કિરામથી મશ્વરો માગ્યો. અમુકે મશ્વરો આપ્યો કે, ખલીફતુલ મુસ્લિમીન ! એ લોકોથી ઢીલ મૂકીને ઝકાતનો હુકમ પરત લઈ લો જેથી ઈસ્લામથી ફરી ન જાય, આ વાતમાં મસ્લેહત છે. સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ તલ્વાર ખેંચી કાઢી અને ફર્માવ્યું, જે કાંઈ ખુદાવંદે તઆલાનો હક્ક઼ છે, જો એક ઊંટની રસ્સી પણ એમાંથી ઓછુ આપશે તો હું આ તલ્વારથી તેમની સાથે જંગ કરીશ ! એ ખબર જ્યારે અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ સુધી પહોંચી તો આપે ફર્માવ્યું, ખલીફતુલ મુસ્લિમીન હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ બરાબર હુકમ આપ્યો. જો આપણે ઝકાત ન લેવા માટે રાજી થઈ જાત તો શરીઅતે હક્ક઼ના સર્વ અહકામની ક઼દર તથા મહત્વ ખત્મ થઈ જાત. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

## તઝકેરતુલ અવલિયા

# હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૫૦

**ઓળખ** : આપ ઉલૂમે હકાઈક (હકીકતના ઈલ્મો)ના જાણકાર, તરીકતની રાહના આમિલ અને સાલિકીન તથા આરિફીનના પેશવા તથા મુકતદા હતા. અને ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہથી શાગિર્દીનો શરફ ધરાવતા હતા, ત્યાં સુધી કે સતત વીસ વરસ ઈમામ સાહબથી ઈલ્મ હાંસલ કરતા રહ્યા. આમ તો સર્વ ઈલ્મો પર આપને પહોંચ હાંસલ હતી, પરંતું ઈલ્મે ફિકહમાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા, અને આપ હઝરત હબીબ રાઈના મુરીદોમાં સામેલ હતા, પરંતું હઝરત ફુઝૈલ તથા હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہما જેવી મહાન હસ્તીઓથી પણ શરફે નિયાઝ હાંસલ કર્યો.

**આપની તૌબાનો બનાવ** : આપના થકી તૌબા કરવાનો બનાવ એ રીતે નકલ થયેલ છે કે કોઈ ગવૈયાએ આપની સમક્ષ નીચે મુજબનો શેઅર પઢ્યો : અર્થ : "કયો ચહેરો માટીમાં નથી મળ્યો અને કઈ આંખ જમીન પર નથી વહી." આ શેઅર સાંભળીને બેખુદીના આલમમાં ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہની ખિદમતમાં પહોંચી ગયા અને પોતાનો પૂરો બનાવ વર્ણવીને કહ્યું કે મારી તબીઅત દુનિયાથી ઉકતાઈ ગઈ છે અને એક નામાલૂમ જેવી ચીજ દિલને બેચેન કરી રહેલ છે. આ સાંભળીને ઈમામ સાહબે ફર્માવ્યું, ગોશાનશીની અપનાવી લો. જેથી એ જ વખતે આપ ગોશાનશીન થઈ ગયા. પછી કેટલાક અરસા પછી ઈમામ સાહબે ફર્માવ્યું કે હવે એ બેહતર છે કે લોકોથી સંપર્ક કરીને તેમની વાતો પર સબ્ર તથા સંયમથી કામ લો. જેથી એક વરસ સુધી હુકમના પાલનમાં બુઝુર્ગોની સોહબતમાં રહીને તેમના કથનોથી લાભવંત થયા પરંતું પોતે હમેશાં ખામોશ રહેતા હતા. ત્યાર બાદ હબીબ રાઈથી બયઅત થઈને બાતિની ફયઝોથી તૃપ્ત થતા રહ્યા, અને ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહીને મહાન મર્તબાઓ પામતા રહ્યા.

**કનાઅત (જે મળે તેમાં રાજી)** : વારસામાં આપને વીસ દીનાર મળ્યા હતા અને વીસ વરસ સુધી તેનાથી પોતાનો ખર્ચ પૂરો કરતા રહ્યા. અને જ્યારે અમુક બુઝુર્ગોએ કહ્યું કે દીનાર જમા કરીને રાખવા ઈષાર (ત્યાગવૃત્તિ)ની વિરૂધ્ધ છે. તો આપે ફર્માવ્યું કે આ જ દીનાર જિંદગીપર્યંત માટે સંતોષ તથા ઢારસ છે, પરંતું કનાઅતનો એ આલમ હતો કે રોટી પાણીમાં પલાળીને ખાતા અને ફર્માવ્યા કરતા કે જેટલો સમય કોળિયો બનાવવામાં વપરાય છે એટલી વારમાં કુર્આનની પચાસ આયતો પઢી શકુ છું. એકવાર અબૂ અયાશ આપને ત્યાં પહોંચ્યા તો જોયું કે રોટલીનો ટુકડો હાથમાં લઈને રડી રહ્યા છે. અને જ્યારે હઝરત અયાશે કારણ પૂછયું તો ફર્માવ્યું કે દિલ તો એ ચાહે છે કે આને ખાય લઉં પરંતું એ ખબર નથી કે રોજી હલાલ છે કે નથી ! એક શખ્સે આપને ત્યાં પાણીનો ઘડો તાપમાં રાખેલો જોઈને અર્ઝ કરી કે આને છાંયડામાં કેમ ન રાખ્યો ? ફર્માવ્યું કે જે વખતે મેં અહીં રાખ્યો હતો ત્યારે છાંયડો હતો પરંતું હવે તડકામાંથી ઉઠાવતાં મને એટલા માટે શરમ આવે છે કે કેવળ પોતાની રાહતના માટે સમય વેડફીને ઝિક્રે ઈલાહીથી ગાફેલ રહું.

આપનું મકાન ખૂબ જ વિશાળ હતું પરંતું જ્યારે તેનો એક ભાગ તૂટી ગયો તો આપ બીજા ભાગમાં જતા રહ્યા, અને જ્યારે તે પણ પડી ગયો તો દરવાજામાં

❐ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❐ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

જતા રહ્યા, પરંતું તેની છત પણ ઘણી જર્જરીત હતી, અને જ્યારે લોકોએ છત ઠીક કરાવવા માટે કહ્યું તો ફર્માવ્યું કે હું અલ્લાહ તઆલાથી એ વાયદો કરી ચૂક્યો છું કે દુનિયામાં મકાનનું બાંધકામ કરાવીશ નહીં. અને આપના ઈન્તેક઼ાલ બાદ તે છત પણ તૂટી પડી.

**લોકોથી દૂરી** : જ્યારે લોકોએ આપને સવાલ કર્યો કે મખ્લૂક઼ની સોહબતથી દૂરી અપનાવીને શા માટે રહો છો ? ફર્માવ્યું કે જો ઓછી ઉમરના લોકોમાં બેસું તો તેઓ અદબના કારણે દીની ઈલ્મ નહીં શીખવાડે, અને જો ઉમરવાળા બુઝુર્ગોમાં બેસું તો તેઓ મને મારા અયબોથી માહિતગાર નહીં કરે, તો પછી મારા માટે મખ્લૂક઼ની સોહબત શા કામની થઈ શકે ? વળી કોઈએ પૂછયું કે, આપ શાદી શા માટે નથી કરતા ? ફર્માવ્યું કે નિકાહ બાદ પત્નીનાં રોટી કપડાંની કફાલત લેવી પડે છે, અને હક઼ીક઼ત એ છે કે ખુદાના સિવાય કોઈ કોઈનો કફીલ નથી હોતો, એટલા માટે હું કોઈને ધોકો આપવા નથી ચાહતો. પછી સવાલ કરવામાં આવ્યો કે આપ દાઢીમાં કાંસકી કેમ નથી કરતા ? ફર્માવ્યું કે ઝિક્રે ઈલાહીથી ફુરસત જ નથી મળતી ! આપ કેમ કે મખ્લૂક઼થી કિનારા કસ (અલિપ્ત) રહીને ઈબાદતમાં વ્યસ્ત રહેતા હતા એટલા માટે આપને મહાન મર્તબા અર્પણ કરવામાં આવ્યા.

**બેખુદીનો આલમ** : એકવાર ચાંદનીથી આનંદ પામવા માટે છત પર પહોંચી ગયા પરંતું કદરતી દશ્યોની આશ્ચર્યકારકતાથી પ્રભાવિત થઈને બેખુદીના આલમમાં પડોશીની છત પર ગબડી પડયા અને પડોશી સમજ્યો કે છત પર ચોર આવી ગયો છે જેથી તે ઉઘાડી તલ્વાર લઈને છત પર ચઢયો, પરંતુ આપને જોઈને પૂછયું કે આપ અહીં કેવી રીતે આવી ગયા ? ફર્માવ્યું કે બેખુદીમાં ન જાણે કોણે મને અહીં ફેંકી દીધો.

નકલ થયેલ છે કે આપ કાયમી ધોરણે રોઝા રાખતા હતા અને એકવાર ઉનાળાની ઋતુમાં તાપમાં બેસીને ઈબાદતમાં વ્યસ્ત હતા, એવામાં આપના પિતાએ કહ્યું કે અહીં છાંયડામાં આવી જાવ. પરંતું આપે કહ્યું કે મને એ ચીજથી શર્મિંદગી થાય છે કે નફ્સની ખ્વાહિશના ખાતર કોઈ ક઼દમ ઉઠાવું, પછી ફર્માવ્યું કે જ્યારે બગદાદમાં લોકોએ મને પરેશાન કરવાનું શરૂ કર્યું તો મેં એ દુઆ કરી કે, હે અલ્લાહ ! મારી ચાદર લઈ લે કે જેથી બાજમાઅત નમાઝથી નજાત હાંસલ થઈ જાય અને મખ્લૂક઼ સાથે કોઈ સંબંધ ન રહે. જેથી જ્યારથી અલ્લાહ તઆલાએ ચાદર લઈ લીધી એ સમયથી ઝિક્રે ઈલાહી અને ગોશાનશીની સિવાય મને સારુ નથી લાગતુ.

**અગત્યનો મુદ્દો** : આપ સદા ગમઝદા (ગમગીન) રહ્યા કરતા હતા અને ફર્માવ્યા કરતા કે જેને દરેક પળે મુસીબતોનો સામનો હોય તેને ખુશી કેવી રીતે હાંસલ થઈ શકે છે ! પરંતું એકવાર કોઈ દુરવેશે આપને હસતા જોઈને કારણ પૂછયું તો ફર્માવ્યું કે ખુદાએ મને મહોબ્બતની શરાબ પીવડાવી દીધી છે એના ખુમારથી ખુશીમાં છું. અને જ્યારે ક્યાંક આપ મજમામાં પહોંચી જતા તો એવું કહીને કે લશ્કર આવી રહ્યું છે, ભાગી નીકળતા, અને જ્યારે લોકોએ પૂછયું કે કોનું લશ્કર છે ? ફર્માવ્યું કે ક઼બ્રસ્તાનના મુડદાંનું લશ્કર છે.

**નસીહત** : જ્યારે હઝરત બૂ રબીએ આપનાથી વસિયત તથા નસીહતની દરખાસ્ત કરી તો ફર્માવ્યું કે દુનિયાથી રોઝો રાખો અને આખેરતથી ઈફતાર કરો. પછી કોઈ અન્યએ વસિયતની દરખાસ્ત કરી તો ફર્માવ્યું, બદગોઈથી એહતેરાઝ કરો, મખ્લૂક઼થી દૂરી અપનાવો, દીનને દુનિયા પર અગ્રતા આપો, અને જો શક્ય હોય તો મખ્લૂક઼નો ખયાલ જ દિલથી કાઢી નાખો. પછી કોઈ અન્યએ નસીહત માટે અર્ઝ કરી તો ફર્માવ્યું કે મુડદાં તમારા ઈન્તેઝારમાં છે. એટલે કે તમારે પણ મરવાનુ છે એટલા માટે ત્યાંનો સામાન



www.barkatekhwaja.net

કરી લો. પછી ફર્માવ્યું કે તર્કે દુનિયાથી બંદો ખુદા સુધી પહોંચ હાંસલ કરી લે છે.

હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہએ બે વાર આપનાથી નિયાઝનો શરફ હાંસલ કર્યો અને ગર્વ રૂપે ફર્માવ્યા કરતા હતા કે પહેલી મુલાકાતમાં તો મેં આપને તૂટેલી છતની નીચે બેઠેલા જોઈને અર્ઝ કરી કે આ જગાએથી ખસી જાવ ! ક્યાંક એવું ન બને કે છત ગબડી પડે. પરંતું આપે ફર્માવ્યું કે મેં આજ સુધી છતની તરફ નજર જ નથી કરી. અને બીજી મુલાકાતમાં એ નસીહત ફર્માવી કે લોકોથી સંબંધ કટ કરી લો.

હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہથી રિવાયત છે કે મેં આપના કરતાં કોઈને દુનિયાથી નફરત કરનાર નથી જોયો અને ન કેવળ ફક઼ીરોનો એહતેરામ કરતા બલ્કે તેમનાથી અક઼ીદત તથા મહોબ્બત રાખતા હતા. હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہથી રિવાયત છે કે એકવાર આપે હજામત બનાવ્યા બાદ હજામને એક દીનાર આપી દીધો તો લોકોએ કહ્યું કે આ તો બિનજરૂરી ફુઝૂલખર્ચી છે. આપે ફર્માવ્યું કે દીનના માટે મુરવ્વત જરૂરી છે.

જ્યારે ઈમામ અબૂ યૂસુફ અને ઈમામ અબૂ મુહમ્મદ رحمۃ اللہ علیہماમાં કોઈ મતભેદ ખડો થતો તો તે બંનેવ આપના ફેંસલાને કબૂલ કરતા. પરંતું આપ ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી વધુ ઈમામ મુહમ્મદનો એહતેરામ કરતા, અને ફર્માવતા કે ઈમામ મુહમ્મદે કેવળ દીનના માટે ઈલ્મ હાંસલ કર્યો અને ઈમામ અબૂ યૂસુફે મન્સબ તથા ઠાઠના માટે. અને કાઝીનો તે હોદ્દો જે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہએ કોરડા ખાયને પણ સ્વીકાર્યો નહીં તેને ઈમામ અબૂ યૂસુફે ક઼બૂલ કરીને પોતાના ઉસ્તાદની પયરવી ન કરી.

**બેનિયાઝી** : જ્યારે હારૂન રશીદ, ઈમામ અબૂ યૂસુફની સાથે આપની પાસે મુલાકાત માટે હાજર થયો તો આપે મુલાકાતથી ઈન્કાર કરતાં ફર્માવ્યું કે હું દુનિયાદાર જાલિમોને નથી મળતો, પરંતું જ્યારે હારૂન રશીદનાં વાલિદાએ બેહદ આગ્રહ કર્યો તો આપે ઈજાઝત આપી દીધી. અને જ્યારે હારૂન રશીદ વિદાય થવા લાગ્યો તો એક અશરફી પેશ કરવા ચાહ્યું પર આપે પરત કરતાં ફર્માવ્યું કે મેં મારું મકાન જાઈઝ દોલતના બદલામાં વેચ્યું છે એટલા માટે મારી પાસે ખર્ચા માટે રકમ મૌજૂદ છે, અને હું દુઆ પણ કરું છું કે જ્યારે આ રકમ પૂરી થઈ જાય તો અલ્લાહ તઆલા મને દુનિયાથી ઉઠાવી લે. એકવાર ઈમામ અબૂ યૂસુફે આપના ખાદિમને પૂછયું કે હવે ખર્ચા માટે કેટલી રકમ બાકી રહી ગઈ છે ? તો તેણે બતાવ્યું કે દસ દિરહમ ચાંદી રહી ગઈ છે. જેથી ઈમામ અબૂ યૂસુફે ખર્ચાનો હિસાબ લગાડીને અંદાઝો કરી લીધો કે, બસ ! હવે આપ આટલા દિવસ અધિક હયાત રહેશે.

**લિજ્જતનો ત્યાગ** : કોઈ બુઝુર્ગે આપને તડકામાં કુર્આનખ્વાની કરતા જોઈને છાંયડામાં આવવા દરખાસ્ત કરી તો ફર્માવ્યું કે મને નફસની પયરવી પસંદ નથી અને એ જ રાતે આપનો વિસાલ થઈ ગયો.

**વસિયત** : આપે એ વસિયત કરી હતી કે મને દીવાલની નીચે દફન કરજો, જેથી આપની વસિયત પૂરી કરી દેવામાં આવી. એના બારામાં કિતાબ લેખક જણાવે છે કે આજ સુધી આપની કબર મેહફૂઝ છે.

**આપની વફાત** : કોઈએ આપને ખ્વાબમાં હવામાં ઉડતાં ઉડતાં એવું કહેતાં સાંભળ્યા કે આજે મને કેદથી છૂટકારો મળી ગયો. અને જાગીને જ્યારે તે શખ્સ ખ્વાબની તાબીર જાણવા આપને ત્યાં પહોંચ્યો તો આપની વફાતની ખબર સાંભળતાં જ કહેવા લાગ્યો કે, ખ્વાબની તાબીર મળી ગઈ ! અને રિવાયત છે કે ઈન્તેક઼ાલના સમયે આસ્માનથી એ નિદા (ગયબી અવાજ) આવી કે, "દાઊદ તાઈ પોતાની મુરાદે પહોંચી ગયો અને અલ્લાહ તઆલા પણ તેનાથી ખુશ છે."

www.barkatekhwaja.net

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૨૧

**૦૫. ક્યા ચચા કી લળકી ઔર ફૂફાકી લળકી સે નિકાહ કી ઈજાઝત નહીં ?**

કુછ મુસલમાનોં મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે ચચાકી લળકી, ફૂફા કી લળકી વગૈરા ઓરતોં કો ચૂં કે બહન કહા જાતા હૈ લિહાઝા ઉન સે નિકાહકી ઈજાઝત નહીં, ઈસી તરહ બાઝ મુસલમાન યે ભી સમજતે હૈં કે સગે ભાઈ બહેનકી ઔલાદ કા આપસ મેં નિકાહ નહીં હો સકતા, હાલાં કે યે દોનોં બાતેં શરીઅત કે બિલ્કુલ ખિલાફ હૈ, જૈસા કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ સે ઈસી તરહ કા એક સવાલ કિયા ગયા કે :

"એક શખ્સને અપને લળકે કી શાદી અપને હક઼ીક઼ી ભાઈ કી બેટી સે કર દી યા તાયા ચચાઝાદ દો ભાઈયોં ને આપસ મેં અપને લળકે ઔર દૂસરે ભાઈ કી બેટી સે નિકાહ કર દિયા. શરીઅત કે એઅ્તેબાર સે યે નિકાહ જાઈઝ હુવા યા નહીં ? ઔર ચચાઝાદ બહન, તાયા ઝાદ ભાઈ પર ઔર તાયાઝાદ ભાઈકી લળકી ચચાઝાદ ભાઈ કે લળકે પર હલાલ હૈ યા નહીં ?

ઈસકે જવાબ મેં આ'લા હઝરત رحمۃ اللہ علیہને ફર્માયા : "વો ભાઈ હક઼ીક઼ી હો યા ચચાઝાદ ઉન મેં હર એક કી ઔલાદ દૂસરે કી ઔલાદ પર ક઼તઅ્ન યક઼ીનન બઈજમાએ ઉમ્મત જાઈઝ હલાલ હૈ, ચચા, મામૂં, ખાલા, ફૂફી કી ઔલાદ કો બહન ભાઈ કહના એક મજાઝી બાત હૈ, જિસે મહારિમવાલી આયએ કરીમા કિસી ઈસ્લામી મઝહબ મેં શામિલ નહીં, બલ્કે કુર્આને કરીમ કી આયએ કરીમા ઈસ બાત પર ગવાહ હૈ કે યે ઓરતેં હરગિઝ બેહનોં મેં દાખિલ નહીં. અલ્લાહ عزوجل ફર્માતા હૈ :–

يٰۤاَيُّهَا النَّبِىُّ اِنَّاۤ اَحۡلَلۡنَا لَكَ اَزۡوَاجَكَ الّٰتِىۡۤ .....(છેવટ સુધી) તર્જુમા : અય નબી ! અમને તુમ્હારે લિયે તુમ્હારી વોહ બીવિયાં હલાલ ફર્માઈ જિન્હેં તુમ મેહર દો ઔર તુમ્હારી મિલ્કિયતકી બાંદિયાં જો અલ્લાહને તુમ્હેં માલે ગનીમત મેં દીં ઔર તુમ્હારે ચચાકી બેટિયાં ઔર તુમ્હારી ફૂફિયોં કી બેટિયાં ઔર તુમ્હારે મામૂઓં કી બેટિયાં ઔર તુમ્હારી ખાલાઓં કી બેટિયાં."

*(સૂ. અહઝાબ, ૩૩/૫૦)*

હાં ! હુનૂદ ઉનૂદને ઉન્હેં હક઼ીકી બહનકી તરહ સમજા હૈ. ચચા, ફૂફી, મામૂ ઔર ખાલા કી બેટિયોં કો મુશ્રિકીને અરબ ભી બહન ન જાનતે થે, ઉન્સે નિકાહ ઉન મેં ભી રાઈજ થા ઔર મુસલમાનોં મેં ભી હમેશા રાઈજ થા. ઔર અબ તમામ મમાલિકે ઈસ્લામિયા મેં શાએઅ વ ઝાએઅ હૈ, ઈસકી સબ સે આ'લા મિષાલ હઝરતે હસન મુષન્ના ઔર હઝરતે ફાતિમા સુગરા رضی اللہ عنہا કા નિકાહ હૈ. કોન નહીં જાનતા કે હઝરતે હસન મુષન્ના હઝરતે ઈમામ હસને મુજતબા કે સાહબઝાદે હૈ ઔર હઝરતે ફાતિમા સુગરા હઝરતે ઈમામ હુસૈન શહીદે કરબલા કી સાહબઝાદી رضی اللہ عنہا ફિર યે ઉનકે નિકાહ મેં થીં, હઝરત ઈમામ અબ્દુલ્લાહ મહઝ رضی اللہ عنہ ઈન્હીં દોનોં પાક મુબારક વાલિદૈન સે પૈદા હુએ, ઈન્હેં મહઝ ઈસ લિયે કહતે હૈં કે વોહ દુન્યા મેં પેહલે શખ્સ થે જિનકે માં બાપ દોનોં ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا કી ઔલાદ અમજાદ હૈં, બાપ હઝરતે ખાતૂને જન્નત કે પોતે ઔર માં ઉનકી પોતી."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૧, સફહા, ૪૩૨/૪૩૩)*

**અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૦૬

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## પહેરવેશનું બયાન

**હદીષ–૧** : ઈમામ બુખારીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી. ફર્માવે છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે ઈચ્છે તે ખાઈ અને જે ઈચ્છે તે પહરે જ્યાં સુધી કે બે વાતો ન હોય, ફઝૂલખર્ચી અને ઘમંડ.

**હદીષ–૨** : ઈમામ અહમદ વ નિસાઈ વ ઈબ્ને માજા, ઉમર બિન શોએબથી રિવાયત છે અને તે પોતાના વાલિદથી અને પોતાના દાદાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ખાવ અને પીઓ અને સદક઼ો કરો અને પહેરો જ્યાં સુધી ફુઝૂલખર્ચી અને તકબ્બુરની ભેળસેળ ન હોય.

**હદીષ–૩** : સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺને હિબર્‌હ ખૂબ જ પસંદ હતી અને આ એક જાતની ધારદાર ચાદર હતી જે યમનમાં બનતી હતી.

**હદીષ–૪** : તિર્મિઝીએ હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ થી રિવાયત કરી. કહે છે કે મેં ચાંદની રાતમાં નબીએ કરીમ ﷺને જોયા કે લાલ કુર્તો પહેર્યો હતો એટલે કે તેમાં લાલ ધારીઓ હતી. હું ક્યારેક હુઝૂર ﷺને જોતો અને ક્યારેક ચાંદને ! હુઝૂર ﷺ ચાંદથી વધારે ખૂબસૂરત હતા.

**હદીષ–૫** : બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ બર્દા رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત આઈશા رضی اللہ عنہا એ પેવંદ (થીંગડું) લાગેલી કમલી અને જાડી તેહબંદ કાઢી અને કહ્યું કે વફાત આનામાં જ થઈ. (એટલે કે વફાતના સમયે આ જાતનાં કપડાં પહેર્યાં હતાં.)

**હદીષ–૬** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ તકબ્બુરથી લુંગી ઘસેડે (એટલે કે એટલી નીચી કરી લે કે જમીનથી સ્પર્શી જાય) તેની તરફ અલ્લાહ તબારક વ તઆલા રહમતની નજર નહીં ફર્માવે. ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે જે ઘમંડમાં રહીને કપડાં ઘસેડે તેની તરફ અલ્લાહ તબારક વ તઆલા રહમતની નઝર નહીં ફર્માવે. સહીહુલ બુખારીમાં આમનાથી જ રિવાયત છે કે એક શખ્સ ઘમંડભેર લુંગી ઘસેડી રહ્યો હતો તો તેને જમીનમાં ધસાવી દેવામાં આવ્યો, તે ક઼યામત સુધી જમીનની અંદર ધસતો રહેશે.

**હદીષ–૭** : સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ટખનાથી નીચે લુંગીનો જે ભાગ છે તે આગમાં છે.

**હદીષ–૮ :** અબૂ દાઊદ વ ઈબ્ને માજા અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, મો'મિનની તેહબંદ પિંડલીના અડધે સુધી છે અને તે પિંડલી અને ઘૂંટી વચ્ચે હોય તેમાં પણ વાંધો નથી. અને તેનાથી જો નીચે હોય તો આગમાં છે અને અલ્લાહ તબારક વ તઆલા ક઼યામતના દિવસે તેની તરફ નજર નહીં ફર્માવે જે તેહબંદને તકબ્બુરથી ઘસેડે છે.

**હદીષ–૯ :** અબૂ દાઊદ વ નિસાઈ વ ઈબ્ને માજાએ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ઈસબાલ એટલે કે કપડાંને નીચે કરવાની મનાઈ લુંગી, કમીસ, અમામા દરેકમાં છે. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ અર્ઝ કરી, સ્ત્રીઓ માટે શો હુકમ છે ? ફર્માવ્યું, એક વેંત લટકાવી લે ! (એટલે અડધી પિંડલીની નીચે એક વેંત લટકાવે). અર્ઝ કરી, હવે તો સ્ત્રીઓના પગ ખુલી જશે ! ઈર્શાદ ફર્માવ્યું, એક હાથ લટકાવી લે તેનાથી વધારે નહીં.

**હદીષ–૧૦ :** સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી મરવી છે, હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની પાસેથી પસાર થયો. મારી તેહબંદ થોડી લટકેલ હતી. ઈર્શાદ ફર્માવ્યો, અબ્દુલ્લાહ પોતાની તેહબંદ ઊંચી કરી લો ! મેં ઊંચી કરી લીધી. ફર્માવ્યું, વધારે ઊંચી કરો ! મેં વધારે ઊંચી કરી તેના પછી હું હમેશાં પ્રયત્નો કરતો રહ્યો. કોઈએ હઝરત અબ્દુલ્લાહથી પૂછયું, ક્યાં સુધી ઊંચી કરવામાં આવી ? કહ્યું, અડધી પિંડલી સુધી.

**હદીષ–૧૧ :** સહીહ બુખારીમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જે શખ્સ પોતાના કપડાં તકબ્બુરથી નીચે કરશે અલ્લાહ તબારક વ તઆલા ક઼યામતના દિવસે તેની તરફ નજર નહીં ફર્માવે.** હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારી તેહબંદ લટકી જાય છે, પરંતુ તે સમયે કે હું તેનો ખ્યાલ રાખું (એટલે તેમના પેટ પર તેહબંદ રોકાયેલી રહેતી ન હતી, સરકી જતી હતી). હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમે એમાંથી નથી જે તકબ્બુરના કારણે લટકાવે છે. (એટલે કે જે ઈરાદા સાથે તેહબંદ નીચી કરે છે તેમના માટે ધમકીઓ છે.)

**હદીષ–૧૨ :** અબૂ દાઊદે ઈકરમાથી રિવાયત કરી. કહે છે કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماને જોયા કે તેમની તેહબંદનો કિનારો પગની પીઠ પર હતો. મેં કહ્યું, તમે આ રીતે શા માટે તેહબંદ બાંધો છો ? તેમણે જવાબ આપ્યો, મેં રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمને આ રીતે તેહબંદ બાંધતા જોયા છે.

**હદીષ–૧૩ :** તિર્મિઝી વ અબૂ દાઊદે હઝરત અસમા બિન્તે યઝીદ رضی اللہ عنہاથી રિવાયત કરી : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની કમીસની બાંયો કલાઈ સુધી હતી.

**હદીષ–૧૪ :** ઈમામ અહમદ વ તિર્મિઝી વ નિસાઈ વ ઈબ્ને માજાએ હઝરત સમુરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સફેદ કપડાં પહેરો કે તે વધારે પાક સાફ હોય અને તેમાં જ મુડદાને દફનાવો !

**હદીષ–૧૫ :** ઈબ્ને માજાએ હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સૌથી સારાં કપડાં જેને પહેરીને તમે ખુદાની ઝિયારત (દીદાર) ક઼બ્રો અને મસ્જિદોમાં કરો એ સફેદ છે. એટલે કે સફેદ કપડામાં નમાઝ પઢવી અને મુડદાંને કફનાવવાં સારુ છે.

**હદીષ–૧૬ :** તિર્મિઝી વ અબૂ દાઊદએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી : એક શખ્સ લાલ કલરના કપડાં પહેરીને જતો હતો તેણે હુઝૂર صلی اللہ علیہ وسلمને સલામ કરી. હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેના સલામનો જવાબ ન આપ્યો.

**હદીષ–૧૭ :** અબૂ દાઊદે હઝરત આઈશા رضی اللہ عنہاથી

www.barkatekhwaja.net

રિવાયત કરી. હઝરત અસ્મા رضی اللہ عنہا પાતળા કપડાં પહેરીને હુઝૂર ﷺની સામે આવ્યાં. હુઝૂર ﷺએ ચહેરા મુબારકને ફેરવી લીધો અને ફર્માવ્યું, હે અસ્મા! જ્યારે સ્ત્રી બાલિગ થઈ જાય તો તેના શરીરનો કોઈ પણ અંગ જોવામાં ન આવે સિવાય મોઢું અને હથેળીઓ.

**હદીષ–૧૮** : હઝરત ઈમામ માલિક અલ્કમા બિન અબી અલ્કમાથી રિવાયત છે. તે પોતાની માથી રિવાયત કરે છે, હઝરત હફ્સા બિન્તે અબ્દુર્રહમાન હઝરત આઈશા رضی اللہ عنہاની પાસે પાતળી ઓઢણી ઓઢીને આવ્યાં. હઝરત આઈશા رضی اللہ عنہاએ તેમની ઓઢણી ફાડી નાખી અને જાડી ઓઢણી આપી.

**હદીષ–૧૯** : તિર્મિઝીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અમામા શરીફ બાંધતા તો બંનેવ ખભાની વચ્ચે શિમ્લો લટકાવતા.

**હદીષ–૨૦** : બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબાદહ્ બિન સામિત رضی اللہ عنہથી રિવાયત કરી : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અમામો બાંધો, આ ફરિશ્તાઓની નિશાની છે અને તેને પીઠ પાછળ લટકાવો.

**હદીષ–૨૧** : તિર્મિઝીએ હઝરત રુકાના رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આપણા અને મુશ્રિકોના વચ્ચે તફાવત એ છે કે આપણા અમામા ટોપીઓ પર હોય છે.

**હદીષ–૨૨** : તિર્મિઝીએ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી : હુઝૂર ﷺએ મને ફર્માવ્યું, હે આઈશા ! જો તમે મને મળવાની ઈચ્છા ધરાવતાં હોય તો દુનિયાથી એટલા પર જ બસ કરી દો જેટલું મુસાફરની પાસે તોશો હોય છે. અને માલદારોની પાસે બેસવાથી બચો અને કપડાંને જૂના ન જાણો ત્યાં સુધી કે થીંગડુ ન લગાડો.

**હદીષ–૨૩** : અબૂ દાઊદે હઝરત અમામા رضی اللہ عنہથી રિવાયત કરી : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું સાંભળતા નથી ?! શું સાંભળતા નથી ?! રદ્દી (કપડાની સાદગીની) હાલતમાં હોવું ઈમાન છે ! રદ્દી હાલતમાં હોવું ઈમાનથી છે !

**હદીષ–૨૪** : ઈમામ અહમદ વ અબૂ દાઊદ વ ઈબ્ને માજાએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે માણસ નામ કમાવવા કપડાં પહેરે તે ક્યામતના દિવસે તેને બેઈજ્જતીવાળા કપડાં પહેરાવશે. અથવા જે શખ્સ ફકીર ન હોય ને તેવાં કપડાં પહેરે જેનાથી લોકો તેને ફકીર સમજે અથવા આલિમ ન હોય અને આલિમના કપડાં પહેરીને લોકોની સામે પોતાનું આલિમ હોવું બતાવે છે એટલે કે કપડાથી મક્સદ કોઈ ખૂબીને પ્રદર્શિત કરવાનો હોય.

**હદીષ–૨૫** : અબૂ દાઊદે એક સહાબીથી રિવાયત કરી : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે સારાં કપડાં પહેરવા પર શક્તિમાન હોવા છતાંય આજિઝી માટે છોડી દે તો અલ્લાહ તબારક વ તઆલા તેને કરામતનો ઝભ્ભો પહેરાવશે.

**હદીષ–૨૬** : ઈમામ અહમદ વ નિસાઈ હઝરત જાબિર رضی اللہ عنہથી રાવી છે કે રસૂલુલ્લાહ ﷺ અમારે ત્યાં તશરીફ લાવ્યા અને એક શખ્સનું માથુ અસ્ત વ્યસ્ત જોયું જેના વાળ વિખેરાયેલાં હતાં. ફર્માવ્યું, તેને એવી વસ્તુ નથી મળતી કે પોતાના વાળ ભેગા કરી લે ?! અને બીજા શખ્સને મેલાં કપડાં પહેરેલો જોયો, તો ફર્માવ્યું, શું તેને એવી વસ્તુ નથી મળતી કે ધોઈ લે !

**હદીષ–૨૭** : તિર્મિઝીએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાને એ વાત પસંદ છે કે તેની નેઅમતનો અસર બંદા પર દેખાય.

**હદીષ–૨૮** : ઈમામ અહમદ વ નિસાઈએ અબુલ

અહવસથી, તેમણે પોતાના વાલિદથી રિવાયત કરી કે કહે છે કે હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો અને મારા કપડાં ખરાબ હતાં. હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું તમારી પાસે માલ નથી ?! મેં અર્ઝ કરી, હા છે ! ફર્માવ્યું, કઈ જાતનો માલ છે ? ખુદાએ આપેલ દરેક જાતનો માલ છે, ઊંટો, ગાયો, બકરીઓ, ઘોડા, ગુલામ. ફર્માવ્યું, જ્યારે ખુદાએ તમને માલ આપ્યો છે તો તેની નેઅમત અને સખાવતનો અસર તમારી ઉપર દેખાવો જોઈએ !

**હદીષ-૨૯ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અમ્ર અનસ અને ઈબ્ને ઝુબૈર વ અબૂ ઉમામા رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી મરવી છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, જે દુનિયામાં રેશમ પહેરશે તે આખેરતમાં નહીં પહેરે.

**હદીષ-૩૦ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે દુનિયામાં રેશમ પહેરશે તેના માટે આખેરતમાં કોઈ હિસ્સો નથી.

**હદીષ-૩૧ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ ﷺએ રેશમની મનાઈ ફર્માવી, પરંતુ આટલુ. અને રસૂલુલ્લાહ ﷺએ બે આંગળીઓ વચ્ચેવાળી અને કલમાની આંગળીઓને મિલાવી ઈશારો કર્યો. સહીહ મુસ્લિમની એક રિવાયત છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ ખુત્બામાં ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ રેશમની મનાઈ ફર્માવી છે, પરંતુ બે અથવા ત્રણ અથવા ચાર આંગળીઓની બરાબર. એટલે કોઈ કપડામાં એટલી પહોળી રેશમની લેસ (કિનારી) લગાડી શકાય છે.

**હદીષ-૩૨ :** સહીહ મુસ્લિમમાં હઝરત અસ્મા બિન્તે અબી બક્ર رضی اللہ عنہاથી મરવી છે કે કિસ્રવાની ઝભ્ભો કાઢયો જેને ગિરેબાન રેશમનું હતું અને બંનેવ પટ્ટીઓમાં રેશમની કિનારી લાગેલ હતી. અને કહ્યું, રસૂલુલ્લાહ ﷺનો ઝભ્ભો છે જે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની પાસે હતો. હઝરત આઈશા رضی اللہ عنہاનો ઈન્તેકાલ થઈ ગયો તો મેં લઈ લીધો. હુઝૂર ﷺ તેને પહેરતા હતા અને **અમે તેને ધોઈને બીમારોને શિફા માટે પીવડાવતા હતા.**

**હદીષ-૩૩ :** તિર્મિઝી અને નિસાઈએ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, સોનું અને રેશમ મારી ઉમ્મતની સ્ત્રીઓ માટે હલાલ છે અને પુરૂષો માટે હરામ.

**હદીષ-૩૪ :** સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ મને કુસુમ (ફૂલ)થી રંગાયેલાં કપડાં પહેરલ જોયો તો ફર્માવ્યું, આ કાફિરોના કપડાં છે આને તમે ન પહેરો. મેં કહ્યું, તેને ધોઈ નાખું ?! ફર્માવ્યું, તેને બાળી નાખો !

**હદીષ-૩૫ :** તિર્મિઝી અબુલ મલીહથી તે પોતાના વાલિદથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફાડી ખાનાર જાનવરનું ચામડુ પાથરવાનુ મના ફર્માવ્યું.

**હદીષ-૩૬ :** તિર્મિઝીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે ઝભ્ભો પહેરતા તો જમણી બાજુથી શરૂ કરતા.

**હદીષ-૩૭ :** તિર્મિઝી વ અબૂ દાઊદે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે નવા કપડાં પહેરતા તો તેનું નામ લેતા. અમામા અથવા ઝભ્ભો અથવા ચાદર પહેરતા પછી આ દુઆ પઢતા :

اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ کَمَا کَسَوْتَنِيْهِ اَسْأَلُکَ خَيْرَهٗ وَخَيْرَ مَاصُنِعَ لَهٗ وَاَعُوْذُ بِکَ مِنْ شَرِّهٖ وَشَرِّ مَا صُنِعَ لَهٗ.

**હદીષ-૩૮ :** અબૂ દાઊદે હઝરત મઆઝ બિન અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કપડાં પહેરે તો આ દુઆ પઢે :—

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ کَسَانِیْ هٰذَا وَرَزَقَنِيْهِ مِنْ غَيْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ

તો તેના પહેરતા પહેલાં ગુનાહ બખ્શી દેવામાં આવે છે.

www.barkatekhwaja.net

**હદીષ-૩૯** : ઈમામ અહમદ અબૂ મતરથી રિવાયત કરે છે કે હઝરત અલી رضی اللہ عنہએ ત્રણ દિરહમમાં કપડાં ખરીદયાં તેને પહેરવાના સમયે આ દુઆ પઢતા :–

اَلْحَمْدُلِلّٰهِ الَّذِیْ رَزَقَنِیْ مِنَ الرِّیَاشِ مَاَاتَجَمَّلُ بِهٖ فِیْ النَّاسِ وَاُوَارِیْ بِهٖ عَوْرَتِیْ

પછી કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને આવુ પઢતાં સાંભળ્યા છે. **હદીષ-૪૧** : ઈમામ અહમદ વ અબૂ દાઊદે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ જે કૌમની મુશાબેહત (મળતાપણુ) અપનાવશે તે એમનામાંથી છે.

આ હદીષ એક અસ્લે કુલ્લી છે કે પહેરવેશ, ટેવો તથા તૌર તરીક઼ાઓમાં કેવા લોકોની સાથે સામ્યતા કરવી અને કેવા લોકોથી ન કરવી. કાફિરો, ફાસિક઼ો, ફાજિરોથી સમાનતા કરવી ખરાબ છે અને સારા લોકોની અને તક઼વાવાળાની સાથે સામ્યતા કરવી સારુ છે. પછી આ સામ્યતાના પણ દરજાઓ છે અને તેને જોતાં તેના હુકમો પણ અલગ અલગ છે. કાફિરો અને ફાસિક઼ોથી સામ્યતા અદના કક્ષાની કરાહત છે. મુસલમાન પોતાને તે લોકોથી જુદા રાખે કે ઓળખી શકાય અને ગૈર મુસ્લિમ હોવાનો શક તેના પર ન થાય.

**હદીષ-૪૨** : અબૂ દાઊદે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ તે પુરૂષ પર લઅનત કરી જે ઔરતનો પોશાક પહેરે છે અને તે ઔરત પર લઅનત કરી જે પુરૂષોનો પોશાક પહેરે છે.

**હદીષ-૪૩** : અબૂ દાઊદે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ તે મર્દ પર લઅનત કરી જે ઔરતોનો પોશાક પહેરે છે અને તે ઔરત પર લઅનત કરી જે મર્દોનો પોશાક પહેરે છે.

**હદીષ-૪૪** : અબૂ દાઊદે હઝરત ઈમ્રાન બિન હસીન رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હું ન લાલ ઝીન પર સવાર થાઉં છું, ન કુસુમ (એક પ્રકારના ફૂલ)થી રંગાયેલા કપડાં પહેરું છું, ન તે ઝભ્ભો પહેરું છે જેમાં રેશમનો કફ લાગેલ હોય છે. (એટલે કે ચાર આંગળીઓથી વધારે) સાંભળી લો ! પુરૂષોની સુગંધ તે છે જેમાં ખૂશ્બુ હોય અને રંગ ન હોય અને સ્ત્રીઓની સુગંધ તે છે જેમાં રંગ હોય ખૂશ્બુ ન હોય. એટલે કે પુરૂષોને ખૂશ્બુનો મક઼સદ હોય છે તેનો રંગ જાહેર ન થવો જોઈએ કે શરીર અથવા કપડાં રંગીન ન થઈ જાય, અને સ્ત્રીઓ હલકી ખૂશ્બુનો વપરાશ કરે કે અહીં સજાવટનો હેતુ હોય છે. અને આ રંગીન ખુશ્બુ દા.ત. સ્વભાવથી પ્રાપ્ત થાય છે કે તેજ ખુશ્બુથી ફોગટના લોકોની નજરો ઉઠશે. **હદીષ-૪૫** : તિર્મિઝીએ હઝરત અબૂ રિમશા તયમી رضی اللہ عنہથી રિવાયત કરી કહે છે કે હું નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થયો અને હુઝૂર ﷺએ બે લીલા રંગનાં કપડાં પહેર્યાં હતાં. **હદીષ-૪૬** : અબૂ દાઊદે હઝરત દહિયા બિન ખલીફા رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺની ખિદમતમાં થોડાંક કિબ્તી (એટલે કે મિસ્રનું જૂનું નામ ક઼િબ્ત હતું) કપડાં લાવવામાં આવ્યા. હુઝૂર ﷺએ એક કપડું મને આપ્યું અને ફર્માવ્યું, આના બે ટુકડા કરો, એક ટુકડાનો ઝભ્ભો બનાવી લો અને બીજો ટુકડો પોતાની પત્નીને આપી દે જો જેથી કરીને તે એની ઓઢણી બનાવી લે. જ્યારે એ ચાલ્યા તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, પોતાની પત્નીને કહી આપજો કે તેના નીચે બીજુ કોઈ કપડુ લગાડી દે જેથી કરીને શરીર ન દેખાય. **હદીષ-૪૭** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺનું પાથરણુ જેની ઉપર હુઝૂર ﷺ આરામ ફર્માવતા હતા એ ચામડાનું હતું જેમાં ખજૂરની છાલ ભરેલી હતી. મુસ્લિમની રિવાયતમાં છે કે હુઝૂર ﷺનો તક઼ીયો ચામડાનો હતો જેમાં ખજૂરની છાલ ભરેલી હતી.

**હદીષ-૪૮** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક બિસ્તર પુરૂષ માટે બીજુ પોતાની પત્ની માટે અને ત્રીજુ મહેમાન માટે અને ચોથુ શૈતાન માટે. એટલે કે ઘરના માણસો અને મહેમાન માટે પાથરણા જાઈઝ છે અને જરૂરતથી વધારે ન હોવાં જોઈએ. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# ૧૯૫૭માં ભરૂચમાં થયેલ ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા કોન્ફ્રન્સનો ઐતિહાસિક સદારતી ખુત્બો

હફ્તો : ૨

**અઝ : હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ સૈયદ મુહમ્મદ અશરફી જીલાની** رحمۃ اللہ علیہ (હિ.સ. ૧૩૭૭)

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

જો દેવબંદિયત ટેમ્પરરી કામયાબ થઈ શકી છે તો કેવળ કોંગ્રેસના માધ્યમથી ગવર્નમેન્ટના જિમ્મેદારોને ધોકામાં રાખવામાં જાહેરી રીતે કામયાબ જોવા મળે છે, જેનું કારણ એ છે કે અંગ્રેજોએ પોતાની દર્સગાહોમાં એવો કોર્સ રાખ્યો છે કે કેટલાક હિંદુસ્તાની આલમગીરના દુશ્મન બની જાય, અમુક હિંદુસ્તાની શીવાજીથી બેઝાર થઈ જાય, અને હિંદુસ્તાનમાં ગલીએ ગલીએ જંગનો અખાડો બની જાય. તેમણે એ બનાવોને ન બતાવ્યા કે જ્યારે તેઓ આપણા દેશમાં આવ્યા તો તેમણે દેશના દુશ્મન તત્વોને કેવો કેવો જનમ આપ્યો અને બ્રિટનના ફાયદા માટે ક્યા ક્યા ઈદારા (સંસ્થાઓ) સતત કાયમ રહ્યા.

## ★ દેવબંદીઓના આ ગુરૂઓ હિંદના વફાદાર કે અંગ્રેજોના ?! ★

ખુદાનો ગઝબ ! આ જૂઠનો આસ્માન તથા જમીનમાં ક્યાં સમાવેશ છે કે દેવબંદીઓના ક઼િબ્લા તથા કા'બા અને પૂરી દેવબંદિયતના કાફલાના સાલાર (સર સેનાપતિ) "સૈયદ અહમદ રાયબરેલ્વી"ની જંગને જંગે આઝાદી ખૂબ જ દીલેરી સાથે બતાવવામાં આવે છે અને હિંદુસ્તાનની આઝાદીના માટે તેને પહેલો ક઼દમ બતાવવામાં આવે છે ! કૂતરાઓની (કુત્તોં કી) ટીમનો ખેલાડી એવું જ કહેતો રહ્યો, કલમા ટીમનો બાઝીગર એવું જ કહેતો રહ્યો, મૌદૂદી ચળવળમાં આ જ ગલત બોલીથી કામ લેવામાં આવ્યું, દેવબંદિયતની દરેક શાખાનું આ જ ગાણુ બની ગયું કે "સૈયદ અહમદ રાય બરેલ્વી"ની જંગ એ આઝાદીની પ્રથમ જંગ હતી. અંગ્રેજો સાથે પ્રથમ ટક્કર હતી. તૌબા ! તૌબા ! જૂઠ અને સફેદ જૂઠ ! માખી ગળવાની અને જીવતી માખી ગળી જવાની આ બદ્તરીન રીત છે. કેમ કે આ જંગના વિશે અંગ્રેજી કોર્સમાં એક અક્ષર ન હતો. પબ્લિકે સમજ્યું કે લોકો જે કહે છે અને જબ્બા દસ્તાર સાથે કહે છે, અને લીડરશીપ તથા એડીટરી સાથે કહે છે, અને એ રીતે કહે છે જેવી રીતે કોઈ સાચી વાત કહેવામાં આવે છે, જેથી આ જ સાચુ હશે ! કોને ફુરસદ છે કે આ બાબતમાં તેહક઼ીક઼ાત કરે અને તેહક઼ીક઼ાતના પરિણામે દેવબંદિયતની હક઼ીક઼તથી વાકેફ થાય.

## ★ સૈયદ અહમદ રાયબરેલ્વી તથા ઈસ્માઈલ દહેલ્વી જેમની ક઼બરોની પણ ખબર નથી, તેઓ કેવી રીતે માર્યા ગયા ? કોણે માર્યા ? સત્ય જાણો ★

જ્યારે કે આ જંગના બારામાં ફારસી તથા ઉર્દૂ ભાષામાં કિતાબો લખવામાં આવી અને તેમણે લખ્યું જે આ જંગના કર્તાહતા અને કામમાં શરીક હતા, જેમનામાં ફારસી ભાષામાં (દેવબંદી ગુરૂ) ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "સિરાતે મુસ્તક઼ીમ" છે. અને ઉર્દૂ ભાષામાં મોલ્વી જઅફર થાનેશ્વરીની ઈતિહાસની કિતાબ અજીબ છે. સિરાતે મુસ્તક઼ીમમાં બનાવોનું વર્ણન તો નામ માત્રનું છે, તેમાં "સૈયદ અહમદ રાયબરેલ્વી"ને અવલિયાની સફની ઉપર અને અંબિયાની સફની અંદર પહોંચાડવાની વિવિધ રીતે નિષ્ફળ કોશિશ કરવામાં આવી છે ! પણ થાનેશ્વરીએ બનાવો અધિક વર્ણવ્યા છે, તે ઉર્દૂ ભાષામાં છે જેને વાંચીને સ્પષ્ટ જાહેર થઈ જાય છે કે, **"આ જંગ બ્રિટન સામે ન હતી, બલ્કે બ્રિટન માટે હતી** અને બ્રિટનની ડિપ્લોમેસીએ એને જનમ આપ્યો હતો.

www.barkatekhwaja.net

એ વખતે અંગ્રેજ બંગાળ પર છવાયેલો હતો. અને પંજાબમાં શીખોનો કદમ એટલો મજબૂત હતો કે અંગ્રેજો પર એનો ગભરાટ છવાયેલો હતો. એ ડર છવાયેલો હતો કે શીખ સાથે જો સામનો થયો તો પરિણામ રૂપે ક્યાંક બંગાળથી પણ નીકળવું પડે. અંગ્રેજો આ ખતરાને પોતે જંગ કર્યા વિના દૂર કરી દેવા ચાહતા હતા. એ વખતે અંગ્રેજોને સૈયદ અહમદ ભેટી ગયા જે અરસા સુધી ટોંક તથા ઓધની શીઆ હુકૂમતમાં સિપાહી રહી ચૂક્યા હતા અને યુદ્ધ લડવાનો ઘણો શોખ ધરાવતા હતા.

એ સૌ પ્રથમ હજ્જ માટે ચાલ્યા તો તે સમયના આમ શોર્ટ રસ્તાથી નહીં બલ્કે તકલીફોભર્યા કલકત્તાના દરિયા કિનારાના રસ્તે થઈને ચાલ્યા કે ત્યાં અંગ્રેજો સામે મામલો ઘડી લેવામાં આવે, અને અરબસ્તાન જઈને માલૂમ કરી લેવામાં આવે કે ''ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીની ગોરીલા ફોજે તુર્કીઓ સાથે કેવી રીતે મુકાબલો કરીને તેમને હરમૈન (મક્કા–મદીના)થી કાઢી મૂક્યા હતા. અને આ રીતે તાજી જંગની કળા શીખીને અંગ્રેજી હથિયારોથી સજ્જ થઈને જેહાદના નામથી શીખો અને કેવળ શીખોના ખાત્માના માટે રાજસ્થાનના ઈલાકાથી પંજાબ પહોંચ્યા. બંગાળ, બિહાર, યુ.પી. વગેરેમાં ફોજની ભરતી થઈ અને ખૂબ જ પ્રમાણમાં ચંદા થયા. અને સૈયદ અહમદ સિપાહી પણ હતા અને જાહિલ પણ હતા. અને સિપાહીનું કામ જાહિલ સિપાહી જ સારું કરી શકે છે, પરંતુ એ કામમાં મઝહબી રૂહ ફૂંકવા માટે મોલ્વીની જરૂરત હોય છે જેથી ઉલમાની એક જમીઅત પણ સાથે જોડાઈ, કેમ કે મોલ્વી કાનૂનને ઉલટવા પલટવામાં તો કામ કરી શકે છે પણ સિપાહીનું કામ તેના વશની વાત નથી. મોલ્વીઓએ ''સૈયદ અહમદ રાયબરેલ્વી''ના દિમાગી સંતુલનને એટલુ બગાડયું કે હવે ઈલ્હામોનો ક્રમ શરૂ થઈ ગયો! દાવો કરવા લાગ્યા કે શીખોનું મૂળ પણ દુનિયામાં ન રહી જાય, એના માટે તે (પોતે) અલ્લાહ તઆલા તરફથી નિયુક્ત થયેલા છે. તેમણે પોતાની સચ્ચાઈની દલીલ એ ઠરાવી કે આ લાંબા લાંબા બાલોવાળી કૌમનું સત્યાનાશ ન કરી આપ્યું તો પૂરી ચળવળને જૂઠી ચળવળ સમજવી.

આગળ વધતાં વધતાં એ સ્થિતિ ઉભી થઈ કે પોતાની હુકૂમત બનાવી લીધી અને કેબીનેટમાં ઈસ્માઈલ દહેલ્વી વગેરેને લીધા, અને ખુદ અમીરુલ મો'મિનીન બનીને લોકોથી તેની બયઅત લીધી અને આખી ફૌજમાં એ યકીન પીવડાવી આપ્યું કે સૈયદ અહમદ અમીરુલ મો'મિનીન છે, અલ્લાહ તરફથી નિયુક્ત થયા છે, અલ્લાહ તઆલા સાથે ડાયરેક્ટ મુકાલમા તથા મુસામરા (વાર્તાલાપ) થાય છે. અલ્લાહ તઆલા એમનો છે અને એ અલ્લાહ તઆલાના છે. આપણે જીતીશું અને શીખોને દુનિયામાંથી ખતમ કરી દઈશું. એમાં શંકા કરવી કુફ્રના સમાન છે. એ ફૌજ અને તેના સરદારોના અંદાઝને જોઈને દિલ્હીની ઈસ્લામી હુકૂમતને ખતરો થયો કે દિમાગી સંતુલન આવું જ રહ્યું તો દિલ્હીની હુકૂમતથી બગાવત કરવામાં શું વાર લાગશે ?! પરંતુ સંપૂર્ણ હોશિયારીની સાથે દિલ્હીની હુકૂમતથી પોતાની સફાઈની કોશિશ પણ ચાલુ રહી, અને અધિક્તર સમય ઈલ્હામોના એલાનમાં ખર્ચ થવા લાગ્યો.

## ★ પેશાવરના પઠાણોના હાથે કહેવાતા શહીદ ખતમ થયેલા ! ★

એ જંગનું પરિણામ શું આવતું, લાંબા લાંબા બાલવાળા ખતમ થઈ જાત અથવા મૂંડેલા માથાં અને ઊંચા પાયચાવાળા નાબૂદ થઈ જાત ! પણ હજી એની નોબત આવી ન હતી એવામાં પેશાવરના પઠાણો પર અને તેમની ઈજ્જતદાર પર્દાનશીનો (સ્ત્રીઓ) તરફ પૂરી ફોજની લલચાયેલી નજર પડી અને તેમની સાથે જેહાદ કરવાનો રસ્તો વિચારાવા લાગ્યો. અને તેના માટે તેમના પર શિર્ક તથા બિદઅતના ફતવા લાગવા લાગ્યા. શખ્સી તકલીદની વિરુદ્ધ અમીરુલ મો'મિનીનના નિર્દેશો વધી ગયા. પઠાણોને બળપૂર્વક દબાવી લેવા આસાન ન હતું. એ ગૈરતવાળી કૌમે

www.barkatekhwaja.net

પોતાની ઈજ્જત આબરૂ તથા મઝહબને ખતરામાં જોઈને એક જ છાપા દરમિયાન અમીરુલ મો'મિનીનથી લઈને મામૂલી ચપરાશી સુધીનાને (સૈયદ અહમદ તથા ઈસ્માઈલ દહેલ્વી વગેરેને) એ રીતે ખત્મ કરી નાખ્યા કે લગભગ સો વરસથી તેમની (કહેવાતા શહીદ સૈયદ અહમદ રાય બરેલ્વી તથા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી વગેરેની) કબ્રો શોધવામાં આવી રહી છે છતાં નિશાન પણ નથી મળતું !

મોલ્વી જઅફર થાનેશ્વરીએ વારંવાર ખુલાસો આપ્યો છે કે એ જંગ અંગ્રેજો સાથે જંગ ન હતી અને છેવટે ગણી ગણીને ખુદ બતાવી આપ્યું કે એ કિતાબમાં ૭૩ જગાએ બતાવી દેવામાં આવ્યું છે કે એ જંગ અંગ્રેજો સાથે ન હતી. તો હવે કોઈ હિંદુસ્તાની બતાવી દે કે જે જંગ અંગ્રેજો સાથે ન હતી બલ્કે અંગ્રેજોના માટે હતી. હિંદુસ્તાની એક કૌમને નાબૂદ કરવા માટે હતી તેને અંગ્રેજો સાથેની જંગ બતાવવું અને આઝાદીની પ્રથમ જંગ કહેવું, અંગ્રેજો સાથે પહેલી ટક્કર બતાવવું કોઈ સત્ય બોલનારના માટે ભલા શક્ય પણ છે ?! હું તો કહી શકુ છું કે આ પ્રમાણે સાફ જૂઠ બોલવા માટે જો ઈબ્લીસને પણ મજબૂર કરવામાં આવે તો સાફ ઈન્કાર કરી આપશે !

## ★ દેવબંદીઓએ મુસલમાનોના દિલેથી ઈશ્કે નબીના જોશને ખતમ કરવા શું કર્યું ? ★

એ જંગથી જે ખ્વાબની તાબીરની તમન્ના હતી તે તો દફન થઈ ગઈ, પણ અંગ્રેજોનું ઘણુ બધુ ભલુ થઈ ગયું અને દિલ્હીની હુકૂમતનો અંગ્રેજોએ ખાત્મો કરીને પંજાબમાં પોતાના પંજા જમાવી લીધા અને તેને કેવળ દિલ્હીના તખ્તના વફાદારોનો ખતરો રહી ગયો જેઓ હિંદુસ્તાનભરમાં ફેલાયેલા હતા. અને કોઈ એક જ રાજ્યમાં ન હતા કે તેમને ખત્મ કરી દેવામાં આવતા. એના માટે એવા ઈદારાની જરૂરત હતી જે એ સબબોને ખત્મ કરી દે જે મુસલમાનોને ઉભારી શકે છે. તેણે પૂરી દિમાગસોઝી અને સૈયદ અહમદના વફાદારોના મશ્વરાથી એ જાણી લીધું કે **મુસલમાનોની જિંદગીનો વીમો એ છે કે પૂરી કૌમ પોતાના રસૂલ ﷺની સાથે દીવાનગીભરી મહોબ્બતમાં પોતાનું દષ્ટાંત પોતે જ છે, અને જ્યાં સુધી એ રૂહ એનામાં છે કોઈ વિદેશી હુકૂમતે એમના તરફથી સંતુષ્ઠ ન રહેવું જોઈએ.** હવે જરૂરત એની છે કે દિમાગી ક્રાંતિ પેદા કરવામાં આવે, રસૂલ ﷺની અસાધારણ શખ્સિયતને ઉતારી પાડવામાં આવે, રસૂલે પાક ﷺના ઈલ્મ તથા અમલને ચર્ચાનો વિષય બનાવી દેવામાં આવે, રસૂલની પોઝિશન તથા પાવરને કમજોર કરી દેવામાં આવે, અને રસૂલ તથા ઉમ્મતની વચ્ચે એવી ખાઈ સ્થાપી દેવામાં આવે કે બંનેવમાં મહોબ્બતનો સંબંધ બાકી ન રહે. **આ હતી તે પાયાની ચીજો જેના તકાઝા હેઠળ દેવબંદમાં એક મદ્રસો સ્થપાયો અને તેના સ્થાપક તથા સભ્યોએ અંગ્રેજોને સંતુષ્ઠ કરી આપ્યા કે આ કામ અમે કરીશું.**

આ ઈદારાએ (દેવબંદે) ઈ.સ. ૧૮૫૭ની જંગે આઝાદીમાં અંગ્રેજોના ફેવરમાં ફત્વા આપ્યા અને બ્રિટનની શક્તિ હેઠળ એવું કરી આપ્યું કે આજે રસૂલનો શબ્દ કાફિરો જેવી અસાવધાનીઓની સાથે બોલાવા માંડયો. અને પછી શું બતાવવામાં આવે કે દેશભરમાં ઘર ઘર એક એવી આગ ભડકાવી આપી કે જો "જમાઅતે રઝાએ મુસ્તફા" ન હોત તો ન જાણે મુસલમાનોનો શો બુરો હાલ થાત ?!

## ★ દેવબંદિયત સવારે કાંઈ તો સાંજે કાંઈ ! ડબલરંગી પોલીસી ! ★

હઝરાત ! દેવબંદિયતની એ સોચને પણ જુઓ કે મોલ્વી શબ્બીર અહમદ ઉષ્માની પાકા દેવબંદી અને પાકિસ્તાનના સમર્થક હતા અને શ્રીમાન હુસૈન અહમદ (ટાંડવી) સાહબને પાકા દેવબંદી અને હિંદુસ્તાનના સમર્થક બતાવવામાં આવે છે. અંગ્રેજોને યાદ કરીને માથા પર હાથ રાખીને રડનારા લીડરો આ જ હિંદુસ્તાનમાં મૌજૂદ છે, પાકિસ્તાનમાં પણ

છે, અને એઓ સૌ સંપૂર્ણપણે દેવબંદી છે. એટલે કે દેવબંદિયત કોઈ ફૌલાદ (મજબૂત લોખંડ) નથી, બલ્કે મીણનો ગોળો છે અને ઘણી જ સરળતાપૂર્વક દરેક સ્વરૂપમાં તબદલી થઈ શકે છે ! જે વખતે પણ ભારતની જનતા અને આપણી હુકૂમતના કર્તાધર્તાએ મહેસૂસ કરી લીધું કે દેવબંદી વિચારશ્રેણીની બનાવટમાં ફેરફાર પસંદી, ભારતની દરેક કૌમ કરતાં બેવફાઈ, વિદેશ પસંદી છે અને સાચી વાત તો એ છે કે સ્વાર્થીપણુ, પેટની પરવા અને સવારમાં કાંઈ તો સાંજે કાંઈ અલગ થઈ જવાની સર્વ લાયકાતો મૌજૂદ છે તો દેવબંદિયતની આ ટેમ્પરરી કામયાબીનો અંજામ પણ ઈન્શા અલ્લાહ ! જોવા જેવો થશે.

પૂરી દેવબંદિયત અવલિયાના મઝારોની વિરુદ્ધ મિલિટરી ફોર્સ પણ છે અને પૂરી દેવબંદિયત અવલિયાના મઝારોની રક્ષાના નામ પર ભરતી કરાવી રહી છે. પૂરી દેવબંદિયત શિર્કના વહેમથી પણ બેઝાર છે અને પૂરી દેવબંદિયત શિર્કથી મહેફૂઝ અને વફાદારીની દાવેદાર પણ છે. દેવબંદિયત કોંગ્રેસી પણ છે અને સોશિયલિસ્ટ પણ, કોમ્યુનિસ્ટ પણ. દેવબંદી મસ્જિદ બનાવનાર પણ છે અને સનમખાના બનાવનાર પણ. છેવટે આ ચટાપટાવાળો રંગ કેટલા દિવસ ચાલશે ! અત્યારે ભલે હાકિમો તથા વઝીરોના નામ પર મોટી મોટી થેલીઓ ઘર બેઠાં લેવામાં આવે છે અને કામ નથી થતું તો હુકૂમતના જિમ્મેદારોને બદનામ કરવામાં આવે છે કે લીધુ અને કાંઈ ન કર્યું, પરંતુ આ કાગળની નાવડી ક્યાં સુધી પાણીની ઉપર રહેશે ?! સ્ટેજ પર મુસ્લિમ લીગ પર તબર્રા કરવું (ભલુ બુરુ કહેવું) અને ઓફીસમાં બીજી મુસ્લિમ લીગ બનાવવાની તદબીર કરવી, છેવટે એની ઉમર જ કેટલી થશે ?!

### ★ "જમાઅતે રઝાએ મુસ્તફા"ની ડિમાન્ડ પૂરી થાત તો.... ★

જો મુસલમાનો અને પ્યારા સુન્ની ભાઈઓએ "જમાઅતે રઝાએ મુસ્તફા"ને કેવળ રઝાએ મુસ્તફાના નામ પર મજૂબત કરી દીધી અને આપણો કોઈ એક પોતાનો પ્રેસ તથા જમાઅતનું વિશિષ્ટ દૈનિક પત્ર બની ગયું તો દેવબંદિયતને આપણા દેશમાંથી તડીપાર કરી દેવામાં આવશે, અને આપણો આખો દેશ અમ્નનો ગહેવારો (શાંતિ નિકેતન) બનશે. અને દરેક સલામતી તથા ઈમાન પર આવી જશે. ઈન્શા અલ્લાહ !

આ "જમાઅતે રઝાએ મુસ્તફા" છે જેણે પૂરા દેશને અલલ એલાન કહી આપ્યું કે, "જીવો અને જીવવા દો" એના પર ભારતનું ઘડતર થાય. હવે હિંદુસ્તાન ન આંત્રિક ફિત્નાઓને છોડશે ન બાહ્ય હુમ્લાઓથી દબાશે અને શંકાસ્પદ તથા ધોકેબાઝ તબક્ા (વર્ગ)ને ક્યાંક સ્થળાંતર કરવા મજબૂર કરવામાં આવશે.

હઝરાત ! આ થોડાક વાક્યો થકી આપને માલૂમ પડી ગયું હશે કે "જમાઅતે રઝાએ મુસ્તફા"ની દીની ખિદમતો કેટલી મહાન શાનવાળી છે અને તેના ઈરાદાઓમાં કેટલી બુલંદી સમાયેલી છે. તમને સાફ સાફ ખબર પડી ગઈ હશે કે જો તમને દુનિયાની સત્તાની ખુરશી મળી જશે, તો "જમાઅતે રઝાએ મુસ્તફા"થી તેની ઉમ્મીદ ન રાખશો, જો તમને ઈલેકશન પ્રિય છે તો "જમાઅતે રઝાએ મુસ્તફા" આપની મદદ કરશે નહીં, જો તમને પેટ પરવરી પ્રિય છે તો "જમાઅતે રઝાએ મુસ્તફા"માં એની ગુંજાઈશ નથી. હા ! જો આપને કોઈપણ ભોગે ઈમાન પ્રિય છે, દુનિયામાં અમ્નો અમાન અને આખેરતમાં નજાત પ્રિય છે તો "જમાઅતે રઝાએ મુસ્તફા" તમારી છે અને તમો "જમાઅતે રઝાએ મુસ્તફા"ના છો.

અમે અમારા રસૂલે પાક ﷺની ઉમ્મતને ફિત્ના ફસાદની આગમાં પડવા દઈશું નહીં. અમે આ ભોળાભાળા ઘેટાંઓને શિકારીઓનો નિશાનો થવા નહીં દઈએ. અમે કોઈ સ્વાર્થીના માટે મુસ્લિમ ઉમ્મતને કુર્બાનીનો બકરો બનાવવા દઈશું નહીં. અમે ઈમાનના ડાકૂઓને કામયાબ થવા દઈશું નહીં. અમે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَથી દરેક વખતે ખુલ્લા દરવાજાઓથી ધકેલીને કરામતે રસૂલને જે એવા

દરવાજાઓ પર જે બંધ પણ થઈ જાય છે, જવા નહીં દઈએ અમે જુર્મોને ઉછેર પામવા ન દઈશું, અમે મુજરિમના જુર્મને છુપાવા ન દઈશું, અમે અમારી પૂરી મિલ્લતને ફિત્ના તથા ફસાદનો અખાડો બનવા દઈશું નહીં. અમે દરેક કા'બા દિલમાં વસાવી ઈમાનવાળાઓને ઈમાનની મીઠાશથી લિજ્જતયાબ કરીશું. અલ્લાહ વ રસૂલની વફાદારીનો દર્સ આપીશું. ફિર્કાબંદીના ચસ્કાને નેસ્તો નાબૂદ કરી દઈશું. અમે અલ્લાહ તઆલાની ઈબાદતમાં એટલા પ્રમાણમાં વ્યસ્ત કરી દઈશું કે ગૈર પર નિગાહ જ ન પડે. રસૂલે પાક ﷺની મહોબ્બતમાં એવા તરબોળ કરી દઈશું કે એ મસ્તી કદી ન ઉતરે. અમે દુનિયાભરને અમારા પ્રતિથી મુત્મઈન (સંતુષ્ઠ) જોવા ચાહીએ છીએ અને અમે સંતુષ્ઠ દુનિયામાં રહેવા ચાહીએ છીએ. અમે તે જ કરીશું જેમાં રઝાએ મુસ્તફા અને કેવળ રઝાએ મુસ્તફા હોય, (ﷺ) કેમ કે એમાં અને કેવળ એમાં મૌલા તઆલાની રઝા છે. આ જ અમારી પોલીસી છે અને આ જ અમારી રાજનીતિ છે. અને જ્યાં સુધી રઝાએ મુસ્તફાની ઉમ્મતને જરૂરત છે ત્યાં સુધી ''જમાઅતે રઝાએ મુસ્તફા''ની જરૂરત છે. રઝાએ મુસ્તફાની સૂર ફૂંકવાથી લઈને કયામત રચાતા સુધી અને જન્નત પામ્યા બાદ હમેશાં હમેશ સુધી જરૂરત છે, જેથી ''જમાઅતે રઝાએ મુસ્તફા''ની જરૂરત હમેશાં માટેની છે.

આ છે તે સવાલોના વિગતવાર જવાબો જે દેશભરમાં કરવામાં આવી રહ્યા છે, અને દુઆ કરો કે મુસ્તફાની રઝા ચાહનારાઓનો મેળો વધતો રહે અને મુબારક બંધારણના સરપરસ્તની હયાતનો સાયો આપણા માથાંઓ પર તંદુરસ્તી તથા ભલાઈની સાથે લંબાયેલો રહે, સુન્નીઓની બોલબાલા થાય અને દુશ્મનોનું મોં કાળુ થાય, અને સુન્નીઓની પ્રગતિ જહાનભરથી નિરાલી થાય. ---وماتوفیقی الاباللہ

**–ફકીર અબુલ્ મહામિદ સૈયદ મુહમ્મદ અશરફી જીલાની ગૂફિરલહૂ**

*(સદર ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા–બરેલી)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

**દયાદરા** : ખાતે તા. ૨૧–૧–૨૦૨૩, શનિવાર ૨૮ જમા. આખર, હિ. ૧૪૪૪ના રોજ ખલીલ યાકૂબ બાપુનો ઈન્તેકાલ થઈ ગયો છે. ★ તેમજ તા. ૨૨–૧–૨૦૨૩, રવિવાર, ૨૯ જમા. આખર હિ. ૧૪૪૪ના રોજ હાજી મુહમ્મદહુસૈન (ભીખા) અહમદ ખલીફાનો ઈન્તેકાલ થયો. ★ તેમજ તા. ૨૬–૧–૨૦૨૩, જુમેરાત, ૦૪–રજબ હિ. ૧૪૪૪ના રોજ હાજી ઈસ્માઈલ અલી બરેડીયા દયાદરાવાળાનો જાંબિયા–લુસાકા ખાતે ઈન્તેકાલ થઈ ગયો ★ તેમજ તા. ૪–૨–૨૦૨૩, શનિવાર, ૧૩–રજબ હિ. ૧૪૪૪ના રોજ મુશ્તાક મુહમ્મદ ગાડીવાળાનો ઈન્તેકાલ થયો. ★ તેમજ યુ.કે.થી પધારેલ હાજી ઈબ્રાહીમ ઉમરજી સાલેહ દયાદરવી તા. ૯–૨–૨૦૨૩, ૧૮ રજબ હિ. ૧૪૪૪ જુમેરાતના રોજ ઈન્તેકાલ કરી ગયા જેમની દફનવિધિ શનિવાર તા. ૧૧–૨–૨૦૨૩ના રોજ કરવામાં આવી. ★ **જેતપુર** : થી ડો. મુન્શી એમ. એસ. બરકાતે ખ્વાજા માસિકના ચાહક જણાવે છે કે મર્હૂમ મુહમ્મદ મિયાં અ.સત્તાર મિયાં નૂરી તા. ૧૫–૧૦–૨૦૨૨ના રોજ ખુદાની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہના મુરીદ હતા, નેક દિલ ઈન્સાન હતા, ખિદમતે ખલ્કનો ભરપુર જઝબો ધરાવતા હતા. દીની શાઈરી પણ લખતા હતા. આપનો લકબ 'અમીન' હતો. મર્હૂમના ઈસાલે સવાબ અર્થે **રૂા. ૧૦૦** બરકાતે ખ્વાજા મંથલીને મળ્યા છે. જઝાકલ્લાહ ! *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



www.barkatekhwaja.net

# હઝરત ઈમામ જઅફર સાદિક઼ رضی اللہ عنہ ની

## અણમોલ નસીહત

**રજૂકર્તા : હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી**
*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

આપણે અહલે બયતની મહોબ્બતનો દાવો તો કરીએ છીએ પણ કેવળ જીભ વડે જ કરીને રહી જઈએ છીએ. સાચો આશિક઼ે અહલે બયત તે જ કહેવાશે જે આપનાં ફર્માનો તથા નસીહતો પર અમલ કરે.

આપે ફર્માવ્યું : મને એ શખ્સ પર આશ્ચર્ય છે જે ચાર ચીજોમાં સપડાયેલો છે તે ચારથી કેવી રીતે ગાફેલ રહે છે ! :–

**(૧)** આશ્ચર્ય છે એના પર જે ગમમાં સપડાયેલો હોય તે શા માટે આ નથી પઢતો :

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ

(કોઈ મઅબૂદ નથી તારા સિવાય, પાકી છે તને બેશક ! મારાથી અયોગ્ય થયું. –સૂ. *અંબિયા, ૨૧/૮૭*) કેમ કે અલ્લાહ તઆલા આ આયત બાદ ફર્માવે છે :

فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَ نَجَّیْنٰهُ مِنَ الْغَمِّ ؕ وَ كَذٰلِكَ نُـْۨجِی الْمُؤْمِنِیْنَ

(તો અમે તેનો પોકાર સાંભળી લીધો અને તેને ગમથી નજાત બખ્શી અને એવી જ નજાત આપીશું મુસલમાનોને. –સૂ. *અંબિયા, ૨૧/૮૮*)

**(૨)** અને આશ્ચર્ય છે એના પર જે કોઈ આફતથી ડરતો હોય તે કેમ નથી કહેતો : حَسْبُنَا اللّٰهُ وَ نِعْمَ الْوَكِیْلُ (અલ્લાહ અમારા માટે પૂરતો છે અને કેટલો સારો કારસાઝ. –સૂ. *૩/૧૭૩*) કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَ فَضْلٍ لَّمْ یَمْسَسْهُمْ سُوْٓءٌ

(તો પલટયા અલ્લાહના એહસાન તથા ફઝ્લથી કે તેમને કોઈ બુરાઈ ન પહોંચી.

–*સૂ. આલે ઈમરાન, ૩/૧૭૪*)

**(૩)** અને આશ્ચર્ય છે એના પર જે લોકોના ધોકા ફરેબથી ડરે છે તે કેમ નથી કહેતા કે : وَ اُفَوِّضُ اَمْرِیْۤ اِلَى اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بَصِیْرٌۢ بِالْعِبَادِ (અને હું મારાં કામો અલ્લાહને સોંપુ છું, બેશક ! અલ્લાહ બંદાઓને જુએ છે. સૂ. *ગાફિર, ૪૦/૪૪*)

કેમ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : فَوَقٰىهُ اللّٰهُ سَیِّاٰتِ مَا مَكَرُوْا (તો અલ્લાહે તેને બચાવી લીધો તેમના ધોકા (પ્રપંચ)ની બુરાઈઓથી.

–*સૂ. ગાફિર, ૪૦/૪૫*)

**(૪)** અને આશ્ચર્ય છે એના પર જે જન્નત પ્રતિ આકર્ષણ ધરાવે છે તે કેમ નથી કહેતો : مَا شَآءَ اللّٰهُ ۙ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ (જે ચાહે અલ્લાહ, અમારામાં કોઈ શક્તિ નથી પણ અલ્લાહની મદદની. –સૂ. *કહફ, ૧૮/૩૯*) કેમ કે એના બાદ અલ્લાહ ફર્માવે છે : فَعَسٰى رَبِّیْۤ اَنْ یُّؤْتِیَنِ خَیْرًا مِّنْ جَنَّتِكَ (તો નજીક છે કે મારો રબ મને તારા બાગથી સારો (જન્નત) આપે. –સૂ. *કહફ, ૧૮/૪૦*) –*(મશાઈખે નક઼શબંદિયા)*

સારાંશ કે હઝરત ઈમામ જઅફર સાદિક઼ رضی اللہ عنہ તાકીદ કરી રહ્યા છે કે આ ચાર સંજોગોમાં આ ચાર ચીજો યક઼ીનની સાથે જરૂરથી પઢતા રહેવામાં આવે તો ગમ દૂર થશે, આફતથી બચી જવાશે, કોઈના ધોકાથી બચી જવાશે, અને જન્નતમાં પ્રવેશ મળી જશે. દરેક માણસને ઉપરોક્ત ચાર બાબતોની જરૂરત રહે જ છે તો આપણે જરૂરથી આ નસીહત પર દિલો જાનથી અમલ કરવો જોઈએ.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net



# ખત્મે નબુવ્વત નબવી હદીષોની રોશનીમાં

હપ્તો છેલ્લો

અઝ : મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### (ત્રીજો પ્રકાર)

### ★ અસ્માએ નબવી વિશે હદીષો ★

**હદીષ–૨૫** : મુહમ્મદ બિન જુબેર બિન મુત્ઈમ પોતાના પિતા જુબેર બિન મુત્ઈમથી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હું મુહમ્મદ છું, અહમદ છું, માહી છું કે મારા સબબે અલ્લાહ કુફ્રને મિટાવે છે. હું હાશિર છું, મારા કદમોમાં લોકોનો હશ્ર થશે. અને હું આકિબ છું" અને "આકિબ" તે છે જેના બાદ કોઈ નબી ન હોય. *(સહીહ મુસ્લિમ, ૨/૨૬૧, બાબો ફી અસ્માઈહી ﷺ, મજલિસે બરકાત, અલ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)*

"કદમોમાં હશ્ર" થવાનો મતલબ એ છે કે મારા નબુવ્વત તથા રિસાલતના જમાનામાં હશ્ર થશે કે મારા બાદ કોઈ નબી નથી. જેમ કે ઈમામ અબૂ ઝકરિયા મુહયુદ્દીન નવવી શાફઈ رحمۃ اللہ علیہ આ ઈસ્મે પાક (નામ)ની શરહમાં લખે છે : "ઉલમા ફર્માવે છે કે, "કદમોમાં હશ્ર થવાનો" મતલબ એ છે કે મારા બાદ અને મારા નબુવ્વત તથા રિસાલતના જમાનામાં હશ્ર થશે, અને મારા બાદ કોઈ નબી નથી. અને કહેવામાં આવ્યું છે કે એનાથી મુરાદ એ છે કે લોકો મારા પાછળ પાછળ હશે. *(અલ્ મિન્હાજ ફી શરહે સહીહ મુસ્લિમ, ૨/૨૬૧, કિતાબુલ ફઝાઈલ, બાબુન ફી અસ્માઈહી ﷺ, મજલિસે બરકાત, મુબારકપુર)*

**હદીષ–૨૬** : હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ અમને પોતાનાં નામ બતાવ્યાં, તો આપે ફર્માવ્યું કે હું મુહમ્મદ છું, અહમદ છું, મુકફ્ફી છું. (નબીઓ બાદ આવનાર જેના બાદ કોઈ નબી નથી), હાશિર છું. (મખ્લૂકાત–લોકોને હશ્ર આપનાર) અને નબીયે તૌબા તથા નબીયે રહમત છું.

*(સહીહ મુસ્લિમ, ૨/૨૬૧, ઉપર મુજબ)*

### (ચોથો પ્રકાર)

### ★ બશારતો (ખુશખબરીઓ)ની હદીષો ★

**હદીષ–૨૭** : હઝરત સઈદ બિન મુસૈયિબનું બયાન છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા કે "નબુવ્વતથી બાકી નથી પણ મુબશ્શરાત (બશારતો)." સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! એ મુબશ્શરાત શું છે ? તો આપે ફર્માવ્યું, "સારા ખ્વાબ." *(સહીહુલ બુખારી, ૨/૧૦૩૫, કિતાબુત્તા'બીર, બાબુલ મુબશ્શરાત, મજલિસે બરકાત)*

"સારા ખ્વાબ"ને નબુવ્વતના ૪૬ ભાગોમાંથી એક ભાગ કહેવામાં આવે છે. આ હદીષે પાકમાં એના પ્રતિ નિર્દેશ છે.

નબીની પાસે અલ્લાહ جل جلالہની તરફથી જે ઝરીયાઓથી વહી આવે છે એમાંનો એક ઝરીયો "નબીનો ખ્વાબ" પણ હોય છે. જેથી હદીષે નબવીનો મતલબ એ છે કે મારા વિસાલની સાથે વહીનો ક્રમ ખત્મ થઈ જશે, કેમ કે મારા બાદ કોઈ નવો નબી આવશે નહીં. હા ! વહીનો એક ઝરીયો "સારો ખ્વાબ" બાકી રહેશે, જેના થકી સાલેહીનને બશારત મળતી રહેશે. એનો ઉલ્લેખ આ હદીષમાં છે.

**હદીષ–૨૮** : હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નેક માણસનો સારો ખ્વાબ નબુવ્વતના ૪૬ ભાગોમાંથી એક ભાગ છે.

"નબુવ્વત" કોઈ એવી ચીજ નથી જે કોઈ

ભાગોથી મુરક્કબ (ભાગોના મિશ્રણથી) બનેલી હોય. એટલા માટે એનાથી મુરાદ એ છે કે નબી ભવિષ્યની ખબરો આપે છે, અને સારા ખ્વાબ થકી પણ ભવિષ્યમાં ઉપસ્થિત થનાર બાબતોનો નિર્દેશ આપવામાં આવે છે. તો આ મુનાસિબતથી જાણે તે નબુવ્વતના ભાગોથી છે.

તેમજ નબીનો ખ્વાબ અલ્લાહની વહી તથા શરઈ દલીલ હોય છે, અને સાલેહ મો'મિનનો સારો ખ્વાબ ભલે શરઈ દલીલ ન બને તેમ છતાં ભાવિની ખબર તથા બશારત હોય છે. ''સારા ખ્વાબ''ને ''ખ્વાબની વહી'' સાથે એક જાતનું મળતાપણુ છે કે હક્ક઼ આ પણ છે અને હક્ક઼ તે પણ છે. એટલા માટે તેને નબુવ્વતના ભાગોથી ગણવામાં આવ્યો.

નબીનો દરેક ખ્વાબ હક્ક઼ હોય છે, પણ મો'મિન બંદાનો દરેક ખ્વાબ હક્ક઼ નથી હોતો, કેમ કે તે ઘણા બધા ખ્વાબ એવા જુએ છે જેની કોઈ તાબીર નથી હોતી. જેથી મો'મિનના ભાવિની વાત દર્શાવતા તથા બશારતવાળા ખ્વાબ પોતાની તાબીરની સરખામણીના લેહાઝથી ''વહીના ખ્વાબ''ના ૪૬ મા હિસ્સામાં છે.

બલ્કે બીજી હદીષોથી માલૂમ પડે છે કે આ સરખામણીમાં વધઘટ પણ થયા કરે છે જેનો સબબ ખ્વાબ જોનાર બંદાના નેકીપણા તથા તક઼્વાની વધ ઘટ હોય શકે છે. અથવા સરકાર ﷺની જે પણ મુરાદ હોય.

અમારો હેતુ આ શરહ તથા વર્ણનથી એ છે કે, ''ખ્વાબે હસન'' ''સારો ખ્વાબ'' હક઼ીક઼તમાં નબુવ્વતનો કોઈ ભાગ નથી, બલ્કે એ નબી માટે વહીનો એક ઝરીયો હોય છે અને એનાથી અનેકગણા મળતાપણાના કારણે મો'મિનના ''સારા ખ્વાબ''ને ભાગથી તાબીર કરી દેવામાં આવ્યો. જેથી لَمْ يَبْقَ مِنَ النُّبُوَّةِથી મુરાદ એ છે કે, ''મારી વફ઼ાત પછી નબુવ્વતની વહીથી કાંઈ બાકી ન રહેશે.'' કેમ કે મારા બાદ નબી હોવાનો ક્રમ ખત્મ થઈ જશે. જેમ કે હઝરત અનસ ઈબ્ને માલિક, હઝરત ઉમ્મે કુરઝ અને હઝરત હુઝૈફ઼ા બિન અસીદ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની હદીષો એના માટે ખૂબ ઉઘાડી રીતે દલીલ પૂરી પાડે છે.

**હદીષ-૨૯** : મુખ્તાર ઈબ્ને ફુલફુલ કહે છે કે હઝરત અનસ ઈબ્ને માલિકે અમને એ હદીષ વર્ણન કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નબુવ્વત તથા રિસાલત ખત્મ થઈ ગઈ, મારા બાદ ન કોઈ રસૂલ છે ન કોઈ નબી.

હઝરત અનસ કહે છે કે એ વાત લોકો પર કઠિન ગુજરી તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, 'હા ! મુબશ્શિરાત (બશારતો) બાકી છે.'' સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! મુબશ્શિરાત શું છે ? તો આપે ફર્માવ્યું કે એ મુસલમાનનો ખ્વાબ છે જે નબુવ્વતના ભાગોમાંથી એક ભાગ છે.

આ પ્રકરણમાં હઝરત અબૂ હુરૈરહ્, હઝરત હુઝૈફ઼ા બિન અસીદ, ઈબ્ને અબ્બાસ તથા ઉમમે કુરઝ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી પણ હદીષો રિવાયત પામેલી છે અને આ હદીષ સહીહ છે અને મુખ્તાર બિન ફુલફુલના તરીક઼ાથી ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૫૧, અબ્વાબુર્રુઅયા઼ ઝિન રસૂલુલ્લાહ ﷺ)*

**હદીષ-૩૦** : હઝરત ઉમ્મે કુરઝ رضی اللہ عنہاની હદીષના શબ્દો આ પ્રમાણે છે :

''મેં રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા કે નબુવ્વત ચાલી ગઈ અને મુબશ્શિરાત બાકી રહી ગઈ.'' *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૪૧૯, કિતાબુત્તાબીર, વર્રુઅ્યા...........તથા સહીહ ઈબ્ને હબ્બાન, ૧૩/૪૧૧, કિતાબુર્રુઅ્યા, બૈરૂત)*

**હદીષ-૩૧** : અને હઝરત હુઝૈફ઼ા ઈબ્ને અસીદ رضی اللہ عنہની હદીષના શબ્દો આ પ્રમાણે છે : ''રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે નબુવ્વત ચાલી ગઈ, તો મારા બાદ બીજાના માટે કોઈ નબુવ્વત નથી. હા ! મુબશ્શિરાત (સાચા ખ્વાબ) બાકી છે. *(અલ્મોઅજમુલ કબીર લિલ્તબરાની, ૩/૨૦૦, હદીષ નં. ૩૦૫૧, કાહિરા)*

આ મુબારક હદીષો ન્યાયી સાક્ષી છે કે હુઝૂર

www.barkatekhwaja.net

સૈયદે કાઈનાત ﷺના પછી નબુવ્વત તથા રિસાલતનો ક્રમ ખત્મ થઈ ગયો, જેથી હુઝૂર પછી ન કોઈને નબુવ્વત કે રિસાલત મળશે, ન કોઈ નવો નબી કે રસૂલ જાહેર થશે.

### *(પાંચમો પ્રકાર)*

### ★ ખત્મે નબુવ્વતના દષ્ટાંત દર્શાવતી હદીષો ★

હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ "ખત્મે નબુવ્વત"ના ભાવાર્થને એક દિલનશીં દષ્ટાંત થકી સમજાવેલ છે જેનાથી મામૂલી સમજવાળો માણસ પણ સમજી શકે છે કે હુઝૂર આખરી નબી છે, આપના બાદ કોઈને નબુવ્વતથી સરફરાઝ કરવામાં નહીં આવે.

**હદીષ-૩૨** : "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારું અને પહેલાંના નબીઓનું દષ્ટાંત એ શખ્સની જેમ છે જેણે કોઈ સારુ અને ખૂબસૂરત ઘર બાંધ્યું પણ કોઈ ખૂણામાં એક ઈંટની જગા ખાલી રાખી. લોકો એ ઈમારતને જોવા માટે એની આસપાસ ચક્કર લગાડતા અને તેની ખૂબસૂરતી પર આશ્ચર્ય કરતા અને એવું કહેતા કે આ જગાએ ઈંટ કેમ રાખવામાં નથી આવી !

હુઝૂર ﷺ ફર્માવે છે કે, "તે આખરી ઈંટ હું છું, અને હું ખાતમન્નબિય્યીન છું." *(અલ સહીહુલ બુખારી, ૧/૫૦૧, કિતાબુલ મનાક઼િબ, બાબુ ખાતમન્નબિય્યીન, સહીહુલ મુસ્લિમ, ૨/૨૪૮, કિતાબુલ ફઝાઈલ, .................મુબારકપુર)*

**હદીષ-૩૩** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, મારી તથા તમામ નબીઓનું દષ્ટાંત એ શખ્સની જેમ છે જેણે કોઈ ઘર બનાવ્યું તો એક ઈંટની જગા છોડીને સર્વ કાંઈ સંપૂર્ણ કરી આપ્યું. પછી હું આવ્યો તો મેં નબુવ્વતની ઈમારતને તે ઈંટ ભરી આપી. *(અલ સહીહુલ મુસ્લિમ, ૨/૨૪૮, કિતાબુલ ફઝાઈલ, ..........મુબારકપુર)*

**હદીષ-૩૪** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે મારું તથા નબીઓનું દષ્ટાંત એના જેવું છે, જેણે કોઈ મહેલ બંધાવ્યો અને એક ઈંટની જગાના સિવાય તેને સંપૂર્ણ દુરુસ્ત તથા સજાવી આપ્યો અને લોકો તેને જોવા માટે તેમાં જવા લાગ્યા તથા તેની ખૂબસૂરતી પર આશ્ચર્ય કરવા લાગ્યા. તેમજ એ આશ્ચર્ય સાથે કહેવા લાગ્યા કે કાશ ! એક ઈંટની જગા ખાલી ન હોત. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે એ (આખરી) ઈંટની જગા હું છું. તો મારા પર અંબિયા علیہ السلامનો ક્રમ પૂર્ણ થયો. *(હવાલો : ઉપર મુજબ)*

**હદીષ-૩૫** : હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે નબીઓમાં મારું દષ્ટાંત એ શખ્સની જેમ છે જેણે કોઈ મહેલ સારો (નક઼શા તથા મજબૂતી વગેરે લેહાઝથી) અને કામિલ અને ખૂબસૂરત બનાવ્યો. અને એક ઈંટની જગા છોડી આપી જે ન લગાડી તો લોકો એ ઈમારતને દરેક રીતે જોતા અને તેના સારા બાંધકામ તથા ખૂબસૂરતી પર આશ્ચર્ય કરતા અને તમન્ના પ્રદર્શિત કરતા કે કાશ ! આ એક ઈંટની જગા પૂરી થઈ જતી. તો અંબિયામાં એ એક ઈંટની જગા હું છું." *(જામેઅ તિર્મિઝી, ૨/૨૦૧, અબ્વાબુલ મનાક઼િબ, મજલિસે બરકાત, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ: ૧૫૬૧)*

ઈમામ અબૂ ઈસા તિર્મિઝી رضی اللہ عنہએ આ હદીષને તખરીજ કરીને એ જાહેર કર્યું છે કે, هٰذا احديث حسنٌ، صحيحٌ، غريب "આ હદીષ હસન, સહીહ, ગરીબ છે." *(જામિઉત્તિર્મિઝી, ૨/૨૦૧, અબ્વાબુલ મનાક઼િબ, મજલિસે બરકાત-મુબારકપુર)*

આ હદીષોમાં હાદીયે આલમ હુઝૂર નબીયે અકરમ ﷺએ એક ખૂબ જ સ્પષ્ટ અને મહેસૂસ દષ્ટાંત આપીને દરેક આમ તથા ખાસ પર એ રોશન કરી આપ્યું કે આપ સર્વ નબીઓ અને રસૂલોમાં સૌથી અંતિમ નબી તથા રસૂલ છે.

www.barkatekhwaja.net

જેવી રીતે કોઈ શાનદાર મહેલમાં એક ઈંટની જગા ખાલી છોડી આપવામાં આવી હોય, જ્યારે એ જગામાં તે ઈંટ ચણી દેવામાં આવે તો તે મહેલ સંપૂર્ણ થઈ જાય છે અને એમાં કોઈ અન્ય ઊંટ રાખવું શક્ય નથી હોતુ, કે જે કાંઈ શક્ય હતું તે એ આખરી ઈંટે પૂર્ણ કરી આપ્યું.

એ જ પ્રમાણે હઝરત આદમ علیہ السلامથી હઝરત ઈસા علیہ السلام અને હુઝૂર સૈયદે કાઈનાત જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺનો હાલ છે કે હઝરત ઈસા علیہ السلامના ઝહૂર સુધી નબુવ્વતના અઝીમુશ્શાન મહેલમાં એક નબીની જગા ખાલી રહી ગઈ હતી જેને રસૂલોના સરદાર અને નબીઓના તાજદાર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના ઝહૂરે કુદસીથી પૂર્ણ થઈ ગઈ અને તે અઝીમુશ્શાન મહેલ પોતાની તમામે તમામ ખૂબીઓની સાથે સંપૂર્ણ થઈ ગયો.

નબી કરીમ ﷺએ આ દૃષ્ટાંતથી એ સમજાવ્યું છે કે જેવી રીતે એ જાહેર મહેલમાં આખરી ઈંટ ભરી આપ્યા બાદ ત્યાં કોઈ અન્ય ઈંટ રાખવી શક્ય નથી રહી જતી, એવી જ રીતે નબીઓ તથા રસૂલોના આ મહેલમાં સરકારે દો આલમ ﷺના ઝહૂર કુદસી (પવિત્ર ઝહૂર) પછી કોઈ અન્ય નબીનું આવવું શક્ય ન રહ્યું.

*(છઠ્ઠો પ્રકાર)*

## ★ અંબિયા તથા રસૂલના ખલીફાઓની આગેવાની ★

**હદીષ-૩૬** : ફુરાત કઝ્ઝાઝથી રિવાયત છે કે મેં અબૂ હાઝિમનો આ ઈર્શાદ સાંભળ્યો કે હું હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની સોહબતમાં પાંચ સાલ રહ્યો. એ દરમિયાનમાં મેં તેમનાથી આ હદીષ સાંભળી કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, "બની ઈસ્રાઈલ કૌમની સરદારી નબીઓ કરતા હતા. જ્યારે પણ કોઈ નબી પર્દો કરતા તો તેમના બાદ બીજા નબી આવી જતા." અને "બેશક ! મારા બાદ કોઈ નબી નથી." (મારા બાદ) મારા ખૂબ જ અધિક ખલીફા થશે.

સહાબાએ પૂછયું કે યા રસૂલલ્લાહ ! એમના બારામાં આપ અમને શો હુકમ આપો છો ? તો આપે આદેશ આપ્યો કે એક પછી એક દરેક પ્રથમ ખલીફાથી બયઅત કરો અને તેમનો હક્ક અદા કરો. અલ્લાહ તઆલા તેમનાથી તેમની પ્રજાના બારામાં પૂછશે. *(સહીહુલ બુખારી, ૧/૪૯૧, કિતાબુલ અંબિયા, બાબ : મા ઝકર અન બની ઈસ્રાઈલ, મજલિસે બરકાત, અલ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)*

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં એ વર્ણવી આપ્યું કે પહેલાંના નબીઓમાં જ્યારે કોઈ નબી દુનિયાથી તશરીફ લઈ જતા તો તેમના બાદ બીજા નબી તશરીફ લાવતા, પણ મારા બાદ કોઈ નબી નહીં આવે. મારી જાનશીનીનુ કામ મારા ખલીફાઓ અંજામ આપશે.

જ્યારે હુઝૂર સૈયદુલ અંબિયા ﷺએ સાફ સાફ ફર્માવી આપ્યું : لا نبی بعدی "મારા બાદ કોઈ નબી નથી." તો એ કહેવું કે આપના પછી નબી આવી શકે છે એ જરૂર નબવી હદીષોથી વિમુખ થવું (ઈન્હેરાફ) છે."

*(સાતમો પ્રકાર)*

## ★ હુઝૂર ﷺના ઝહૂર બાદ નબુવ્વતનું નિષેધ હોવું ★

હઝરત ઈસ્માઈલ બિન અબૂ ખાલિદ કહે છે કે મેં હઝરત અબૂ અવફા رضی اللہ عنہને પૂછયું, શું આપે નબી કરીમ ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમને જોયા હતા ? તેમણે ફર્માવ્યું કે તે બચપનમાં મૃત્યુ પામી ગયા, અને જો મુહમ્મદના પછી નબી હોવું મુકદ્દર હોત તો હુઝૂરના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ ઝિંદા રહેત, પરંતુ હુઝૂર બાદ કોઈ નબી નથી. *(સહીહુલ બુખારી, ૨/૯૧૪, કિતાબુલ અદબ, બાબો ઈસ્મુલ હઝ્ન, મજલિસે બરકાત)*

આ ૩૭ હદીષો છે, પરંતુ એ આ વિષયની સર્વ હદીષો નથી.

મુહદ્દિષે જલીલ ઈમામ અહમદ રઝા

رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ "જઝાઉલ્લાહિ અદુવ્વહૂ બિ ઈબાઈહી ખતમન્નબુવ્વતિ"માં "એકસો એક" હદીષો જમા કરી છે અને તજઈલાત (સંદર્ભમાં આવતી)ની સાથે તો એમની અસંખ્યા "એકસો અઢાર" સુધી પહોંચી જાય છે. એમાં મરફૂઅ હદીષોની સંખ્યા (૯૦) છે અને તેના રાવી સહાબા તથા તાબઈનની સંખ્યા "ઈકોતેર" (૭૧) જેમાં તાબઈન કેવળ અગીયાર છે, બાકીના સાઈઠ હઝરાત સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે.

ઉપરોક્ત દર્શાવેલ કિતાબ "જઝાઉલ્લાહિ અદુવ્વહૂ બિ ઈબાઈહી ખતમન્નબુવ્વતિ"માં ખત્મે નબુવ્વતની હદીષોના રાવી તાબઈન તથા સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની યાદી પણ રજૂ કરવામાં આવે છે, તે યાદીને તમો પણ જોઈ લો :

## ★ સહાબા તથા તાબઈનમાં કેવળ ૧૧ તાબઈ છે ★

(૧) ઈમામે અજલ મુહમ્મદ બાકિર (૨) અબ્દુલ્લાહ ઈબ્ને અબીબ હઝીલ (૩) મુજાહિદ મક્કી (૪) સઅદ બિન ષાબિત (૫) અલામ બિન ઝિયાદ (૬) મુહમ્મદ બિન કઅબ કર્ઝી (૭) ઈબ્ને શહાબ ઝુહરી (૮) અબૂ કલાબા (૯) વહબ બિન મુનબ્બહ (૧૦) આમિર શઅબી (૧૧) કઅબ અહબાર. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

**એકાવન સહાબાએ કિરામ :** (૧૨) ઉબય ઈબ્ને કઅબ (૧૩) બરાઅ ઈબ્ને આઝિબ (૧૪) જાબિર બિન અબ્દુલ્લાહ (૧૫) હુઝૈફા બિન યમાત (૧૬) ઈબ્ને ઝમલ (૧૭) સઅદ બિન અબી વક્કાસ (૧૮) સહબ બિન સઅદ (૧૯) અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (૨૦) અરબાઝ ઈબ્ને સારિયા (૨૧) અમીરુલ મો'મિનીન અલી (૨૨) ઉમ્મે કુરઝ (૨૩) મઆઝ ઈબ્ને જબલ (૨૪) અબૂ મુન્ઝૂર (૨૫) અબૂ ઉમામા બાહિલી (૨૬) બિલાલ મોઅઝ્ઝિન (૨૭) જુબેર ઈબ્ને મુત્ઈમ (૨૮) હસ્સાન બિન ષાબિત (૨૯) ઝિયાદ ઈબ્ને લબીદ (૩૦) સઈદ ઈબ્ને ઝયદ (૩૧) ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા (૩૨) અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (૩૩) અસ્મહ બિન માલિક (૩૪) અમીરુલ મો'મિનીન ઉમર (૩૫) માલિક બિન હુવૈરિષ (૩૬) અમીર મુઆવિયહ (૩૭) અબૂ મૂસા અશઅરી (૩૮) અનસ બિન માલિક (૩૯) ષૌબાન મૌલા રસૂલુલ્લાહ ﷺ (૪૦) હુબ્શી બિન જનાદા (૪૧) હુવૈસા બિન મસ્ઊદ (૪૨) ઝયદ બિન અરકમ (૪૩) અબૂ સઈદ ખુદરી (૪૪) અબૂત્તુ ફૈલ આમિર બિન રબીઆ (૪૫) ઉકબા બિન આમિર (૪૬) ઔફ બિન માલિક (૪૭) ઔફ બિન માલિક અશજઈ (૪૮) માલિક બિન સનાન વાલિદે અબી સઈદ ખુદરી (૪૯) મુગીરા બિન શઅબા (૫૦) અબૂ હુરૈરહ (૫૧) અસ્બા બિન્તે અમીસ (૫૨) જાબિર બિન સમુરહ (૫૩) હુઝૈફા બિન અસીદ (૫૪) અબૂઝર (૫૫) ઝયદ બિન અબી ઔફા (૫૬) સલ્માન ફારસી (૫૭) આમિર બિન રબીઆ (૫૮) અદી બિન રબીઆ (૫૯) અકીલ ઈબ્ને અબી તાલિબ (૬૦) ઉમ્મુલ મો'મિનીન સિદીકા (૬૧) મુહમ્મદ બિન અદી બિન રબીઆ (૬૨) ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

## ★ તઝઈચ્યાતમાં ★

**નવ સહાબી :** (૬૩) હાતિબ બિન અબી ઔફા (૬૪) અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ (૬૫) હિશામ બિન આસ (૬૬) અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા (૬૭) ઓબાદા બિન સામિત (૬૮) અબ્દુલ્લાહ બિન ઝુબેર (૬૯) ઓબૈદ બિન અમ્ર લૈષી (૭૦) અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (૭૧) નઈમ બિન મસ્ઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

કિતાબ "જઝાઉલ્લાહિ અદુવ્વહુ બિઈબાઈહી ખતમન્નબુવ્વતિ", પેજ : ૭૮, ૭૯, કાદરી બુક ડેપો બરેલી, આ કિતાબ ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૨૨, મતબૂઆ : ઈમામ અહમદ રઝા એકેડમી, બરેલી શરીફમાં પ્રસિદ્ધિ પામેલ છે.

www.barkatekhwaja.net

આ વિસ્તારપૂર્વક વિગત ન્યાયી સાક્ષી છે કે આ હદીષો મુતવાતિર છે. શબ્દો તથા બનાવો ભલે વિવિધ છે પણ આ સૌ આ વિષય પર કતઈ તથા યકીની તૌર પર દલીલ પૂરી પાડે છે કે **સૈયદુલ મુરસલીન** صلی اللہ علیہ وسلم **"ખાતમન નબિય્યીન" છે. આપના બાદ કોઈ નબી પેદા નહીં થાય, જેથી જો કોઈ આપના બાદ નબુવ્વતનો દાવો કરે છે તો તે દજ્જાલ તથા કઝ્ઝાબ છે.**

**આ જ તે નુસૂસે મુતવાતિરા (સ્પષ્ટ દલીલો જે તવાતુર સાથે ચાલી આવતી હોય) છે જેના આધાર પર સલફ તથા ખલફ (આગલા તથા પાછલા) બુઝુર્ગોનો કતઈ ઈજમાઅ નિશ્ચિત થઈ ગયો કે હુઝૂર પુરનૂર શાફએ યૌમુન્નશૂર** رضی اللہ عنہ**ના બાદ કોઈ નવો નબી આવવો અશક્ય તથા મુહાલ છે, નહીં તો અલ્લાહ** عزوجل تعالیٰ**નું જૂઠુ હોવું લાઝિમ ઠરશે, અને એ અશક્ય છે.** જેવું આગલા પ્રકરણમાં અને વિગતવાર સ્પષ્ટ કરી દેવામાં આવ્યું.

એક બાજુ આ ખૂબ જ પ્રમાણમાં, મુતવાતિરા હદીષો છે જે વારંવાર એલાન કરી રહી છે કે હુઝૂર શાફએ યૌમુન્નુશૂર صلی اللہ علیہ وسلم આખરી નબી છે. આપના બાદ કોઈ નવો નબી નથી આવી શકતો. અને એની બીજી બાજુ વહાબી ફિર્કાનો ઈમામ "તકવિયતુલ ઈમાન"ના હેઠળ આવુ એલાન કરી રહ્યો છે કે : "હુઝૂરના બાદ પણ નબી આવી શકે છે, અને એક નહીં બલ્કે કરોડો નબી આવી શકે છે."

જેથી આ ખૂબ જ અધિક પ્રમાણમાં આવેલી હદીષો, ખાસ કરીને સહીહ હદીષોથી ઉઘાડી રીતે વિમુખ થવું (ભાગવું) છે.

અને સહાબાએ કિરામ, તાબઈને એઝામ, ઈસ્લામના ફકીહો, અવલિયાએ કિરામ, અને બાદના સાલેહીન અને આમ ઉમ્મતના માર્ગથી અલગ માર્ગ કાઢવું છે જે વિના શંકાએ وَيَتَّبِعْ غَيْرَ سَبِيلِ الْمُؤْمِنِينَ (મુસલમાનોની રાહથી અલગ ચાલે. —સૂરએ નિસાઅ, ૪/૧૧૫)ને સમર્થન કરે છે. એને ધ્યાનમાં રાખીને દરેક બુદ્ધિશાળી ફેંસલો કરી શકે છે કે હક્ક શું છે અને બાતિલ શું છે ?

અલ્લાહ તઆલા તે નામ પૂરતા મુહદ્દિષોને હદીષોની સમજની સઆદત અને હક્ક સ્વીકારવાની તૌફીક બખ્શે અને મુસલમાનોને ઉમ્મતના માર્ગે ચાલવાની અડગતા નસીબ કરે. (સંપૂર્ણ)

*(હવાલો : અહાદીષે સહીહૈનસે ગૈર મુકલ્લિદીન કા ઈન્હેરાફ, જિલ્દ : ૧, અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી—મુબારકપુર)*

## ખોજબલમાં જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

**ખોજબલ** : (તા. વાગરા) : ખાતે તા. ૨૬—૧—૨૦૨૩, જુમેરાતે ઈશા બાદ, મસ્જિદ ચોકમાં "જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ" શાનો શૌકતથી મનાવાયો જેમાં શરૂમાં હઝરત મુફતી સાબિર મિસ્બાહી (સદર દારુલ ઈફતા વ દારુલ કઝા, દા.ઉ. બરકાતે ખ્વાજા—આમોદ) થકી દીની સવાલો જવાબની મેહફિલ રચાઈ જેમાં ખૂબ જ ઈલ્મી વાનગી આપે લોકોના સવાલોના જવાબમાં પીરસી, તેમજ બુલબુલે બાગે મદીના જનાબ કારી ગુલામ ગૌષ મુહમ્મદ (મર્હૂમ કારી રિયાઝુદ્દીનના ભાઈ, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ અનોખા અંદાઝમાં કિરાઅત, નઅતો મન્કબત પેશ કરી હતી, છેવટમાં હઝરત મૌલાના સાદિક રઝવી સાહબ—મુંબઈ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہની જિંદગી, આપની ખૂબીઓ, કમાલો કરામતોની ચર્ચા કરીને આપણી જિંદગીને ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہના નકશે કદમ પર ચાલીને ગુજારવા ખાસ તાકીદ કરી હાજરજનોની ઈસ્લાહ કરી હતી. *—અબ્બાસભાઈ ખોજબલ*

www.barkatekhwaja.net

# જૂઠી રિવાયતો વિશે જાણો

અઝ : મુફ્તી મુનીબુર્રહમાન સાહબ
*(મુફ્તીએ આ'ઝમ પાકિસ્તાન)*

"રત્બુન"નો અર્થ છે "ભીનુ" અને "યાબિસ"નો અર્થ છે "સૂકુ" કુર્આને કરીમમાં છે : "અને તેની પાસે જે ગૈબની ચાવીઓ છે, તેમને તેના સિવાય (પોતે) કોઈ નથી જાણતું. અને તે દરેક એ ચીજ જાણે છે જે ધરતી અને સમુદ્રોમાં છે અને તે દરેક એ પાંદડાને જાણે છે જે (ઝાડથી) પડે છે. અને જમીનની અંધારીઓમાં દરેક દાણો અને દરેક સૂકુ અને ભીનું (સર્વ કાંઈ) લોહે મહેફૂઝમાં લખેલ છે."

*(સૂરએ અન્આમ, આ. ૬/૫૯)*

કુર્આને કરીમમાં "રત્બો યાબિસ" દરેક પ્રકારની જાણકારીના સમાવેશના અર્થ માટે આવ્યું છે પરંતુ આપણા ઉર્દૂના મુહાવરામાં સત્ય અને જૂઠ, ખરા અને ખોટા તથા ગલત અને સહીના મિશ્રણને "રત્બો યાબિસ" કહે છે. જયારે કોઈ કિતાબમાં વિશ્વસનીય અને અવિશ્વસનીય બંને પ્રકારની વાતો એકત્રિત હોય તો કહેવામાં આવે છે : "આ કિતાબ 'રત્બો યાબિસ' (સાચી જૂઠી દરેક પ્રકારની વાતો)નો સંગ્રહ છે." આપણે ત્યાં મીડિયાની ચઢાઈ છે, અસંખ્ય ટેલિવિઝન ચેનલો છે, તે સિવાય યુટયુબ પર ડિઝિટલ ચેનલોની ભરમાર છે. તેમજ વોટ્સઅપ, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને ટવીટરનો એક અસીમિત ક્રમ છે. ખબરો અને વિશ્લેષણોની પુષ્કળતા છે જેમનામાંથી અમુક સત્ય પર આધારિત હોય છે પરંતુ અધિક્તમ અંદાજાઓ, અટકળો, શંકાઓ, ધારણાઓ અને ઈચ્છાઓ પર આધારિત હોય છે. એક જ વસ્તુથી દરેક પોતાનું મનપસંદ તારણ કાઢે છે, જેથી ખબર, જાણકારીનું માધ્યમ છે પરંતુ તેનાથી અજ્ઞાનતા, માનસિક વિકૃતિ અને સોચની ખરાબીઓ ફેલાઈ રહી છે.

સિરાજ ઔરંગાબાદીએ કહ્યું છે;

*ખબરે તહય્યુરે ઈશ્ક સુન, ન જુનૂ રહા, ન પરી રહી*
*ન તો તૂ રહા, ન તો મૈં રહા, જો રહી સો બેખબરી રહી*

### ★ ખબર બાબતે કુર્આની આદેશ ★

કુર્આને કરીમે "ખબર" બાબતે આ નિયમ વર્ણન ફર્માવ્યો :

"હે ઈમાનવાળાઓ ! તમારા પાસે ફાસિક્ વ્યક્તિ કોઈ ખબર લાવે તો સારી રીતે છાનબીન કરી લીધા કરો, ક્યાંક એવું ન બને કે તમે બેખબરી (અજાણતા)માં કૌમને તકલીફ પહોંચાડી દો પછી તમને પોતાના કર્યા પર પસ્તાવું પડે." *(સૂરએ હુજુરાત, આ. ૬)*

અહાદીષે મુબારકા માટે પણ સ્વીકાર અને અસ્વીકારના માપદંડો નક્કી કરવામાં આવ્યાં છે અને તેના માટે ઈલ્મનો એક આખો વિભાગ ઈલ્મે "જર્હો તઅ્દીલ" અસ્તિત્વમાં આવ્યો. હદીષના રિવાયત કર્તાઓના અહેવાલને નિયમબદ્ધ કરવા માટે ઈલ્મે "અસ્માઉર્રિજાલ"ની કિતાબ મૌજૂદ છે. સનદ અને રિવાયત કર્તાઓના આધારે અહાદીષે મુબારકાનું વર્ગીકરણ કરવામાં આવ્યું.

### ★ નબી ﷺ પ્રતિ જૂઠી વાત સંબંધિત કરનારનો અંજામ ★

રસૂલે અકરમ ﷺએ પોતાની ઝાતે મુબારક તરફ જૂઠી વાત જોડવા પર સખત ચેતવણી ફર્માવી છે :

"જે મારા પર જાણી જોઈને જૂઠ બોલે (જૂઠી વાત મારાથી જોડે, જે મેં કહ્યું નથી તેને મારું કહેલું બતાવે), તે પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવી લે."

*(બુખારી : ૧૦૭)*

તેમજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما બયાન કરે છે : નબી ﷺએ ફર્માવ્યું, મારાથી સંબંધિત કોઈ વાત વર્ણન કરવામાં સાવચેતી રાખો, કેવળ એ જ વાત મારાથી જોડો જેના વિશે તમને યકીન સાથે જાણકારી હોય. (કે વાસ્તવમાં એ મારું કીધેલું અથવા કરેલું છે) જે મારા પર જાણી જોઈને

જૂઠ બોલે (જૂઠી વાત મારાથી જોડે, જે મેં કહ્યું નથી તેને મારું કહેલું બતાવે), તે પોતાનું ઠેકાણુ જહન્નમમાં બનાવી લે, અને જેણે કુર્આનમાં પોતાની મરજી મુજબ કોઈ વાત કહી (પોતાની મરજી મુજબ અર્થઘટન કર્યું), તે (પણ) પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવી લે.

*(તિર્મિઝી : ૨૯૫૧)*

એ જ કારણે ઉલમાએ હદીષે ઘણી જ મહેનત અને સુક્ષ્મદર્શકતાથી હદીષોની છાનબીન કરી, હદીષના રિવાયતકર્તાઓના અહેવાલ લખ્યા, લોકોની મનઘડત હદીષોની જાંચ પડતાલ કરી અલગ કરી દીધી, ખરાને ખોટાથી અલગ પાડયું અને મનઘડત હદીષો પર કિતાબ લખી.

## ★ જૂઠી રિવાયત બયાન કરનારે ઈમામ શઅબીની પિટાઈ કરી ! ★

અલ્લામા અલી સુલતાન મુહમ્મદ અલ્ કારી લખે છે : "શઅ્બી બયાન કરે છે; હું એક મસ્જિદમાં નમાઝ પઢી રહ્યો હતો. મારા નજીકમાં એક લાંબી દાઢીવાળો માણસ બેઠો બેઠો વાઅઝ કરી રહ્યો હતો, તેની આસપાસ લોકોનું મોટુ વર્તુળ હતું. તેણે બયાન કર્યું, "ફલાણાએ ફલાણાથી અને ફલાણાએ ફલાણાથી અને તેણે નબી ﷺથી આ હદીષ બયાન કરી :–

"અલ્લાહ તઆલાએ બે સૂર બનાવ્યાં છે અને દરેક સૂર બે વાર ફૂંકવામાં આવશે, એકવાર ફૂંકવાથી લોકો બેહોશ થઈ જશે અને બીજીવાર કયામત માટે ફૂંકવામાં આવશે.

શઅ્બી કહે છે : મારાથી સહન ન થયું, મેં નમાઝ જલ્દી જલ્દી પૂરી કરી તેની તરફ વળ્યો અને કહ્યું : "શૈખ ! અલ્લાહથી ડરો અને ખોટી વાતો બયાન ન કરો ! અલ્લાહ તઆલાએ માત્ર એક સૂર પેદા કર્યું છે, તેને જ બીજીવાર ફૂંકવામાં આવશે. તે શૈખે કહ્યું, હે પાપી ! મારાથી ફલાણા ફલાણાએ આ હદીષ બયાન કરી છે અને તું મારો રદિયો કરે છે ?! અને તેણે પોતાની જૂતી ઉઠાવી મને પીટવાનું શરૂ કર્યું અને તેને જોઈ તેના મુરાદોએ પણ પોતાના જૂતા વડે મને મારવાનું શરૂ કરી દીધું, બખુદા ! એ લોકોએ મને ત્યાં સુધી ન છોડયો જ્યાં સુધી તેમણે મારાથી એ ન કહેવડાવી લીધું કે અલ્લાહ તઆલાએ બે સૂર પેદા કર્યાં છે ! *(મૌઝૂઆતે કબીર, પેજ : ૧૨)*

## ★ ચાર હજાર બનાવટી હદીષો ઘડનારનો બનાવ ★

હાફિઝ અબુલ કાસિમ અલી હસન અલમઅરૂફ બઈબ્ને અસાકિર (વફાત : હિ.સ. ૫૭૧) બયાન કરે છે : (ખલીફા) હારૂન રશીદ પાસે એક ઝિંદીક (નાસ્તિક, અધર્મી)ને લાવવામાં આવ્યો, ખલીફાએ તેને કતલ કરવાનો હુકમ આપ્યો. તો ઝિંદીકે કહ્યું, મને તો તમે કતલ કરી દેશો પરંતુ એ ચાર હજાર હદીષોનું શું કરશો જેમને મેં ઘડીને લોકોમાં ફેલાવી દીધી છે ! તેમનામાં હલાલને હરામ અને હરામને હલાલ કરી દીધું છે અને તેમનામાં નબીનો ફર્માવેલો એક શબ્દ પણ નથી ! હારૂન રશીદે કહ્યું, હે ઝિંદીક ! તું અબ્દુલ્લાહ બિન મુબારક અને ઈબ્ને ઈસ્હાક ફઝારી رضی اللہ عنہماને શું સમજે છે ?! તેમની આલોચના અને ટીકાની ચારણીથી તારી મનઘડત હદીષોનો એક એક શબ્દ નીકળી જશે. *(તારીખે દમિશ્ક, ૭/૧૨૭)*

## ★ સોશિયલ મીડિયા પર સુની સુનાઈ વાત ફોરવર્ડ ન કરો ! ★

આજકાલ સોશિયલ મિડિયા પર આવી ખુરાફાતની ભરમાર છે અને લોકો ખરા ખોટાની ચકાસણી વિના કેવળ સાંભળેલી વાતો આગળ ફેલાવી (**Share** તથા **forward**) દે છે. જ્યારે કે દરેક તે આદમી જે પોતે મુસલમાન હોવાનો દાવો કરે છે તેને નબીએ કરીમ ﷺનું આ ફર્માન હરગિઝ ભૂલવું ન જોઈએ : **કોઈ વ્યક્તિના જૂઠા હોવા માટે એટલો પુરાવો જ કાફી છે કે તે (ચકાસણી, તપાસ) વિના દરેક સુની સુનાઈ વાતને આગળ બયાન કરતો ફરે.** *(સુનને અબૂ દાઊદ, ૪૯૯૨)*

**★ જૂઠી હદીષો ઘડનારા કેવા કેવા હોય છે ?! ★**

અલ્લામા અલી બિન સુલ્તાન મુહમ્મદ અલ્કારી (મુલ્લા અલી કારી) લખે છે : "ઈમામ અહમદ અને યહયા બિન મઈને મસ્જિદે રસાફામાં નમાઝ પઢી. તેમના સામે એક કથાકાર ઉભો થયો અને તેણે એક હદીષ બયાન કરી : "અહમદ બિન હંબલ અને યહયા બિન મઈને અબ્દુર્રઝ્ઝાકથી, તેમણે મઅ્મરથી, તેમણે કતાદાથી, તેમણે હઝરત અનસથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે લા ઈલાહ ઈલ્લલ્લાહ" કહ્યું અલ્લાહ તઆલા તેના દરેક શબ્દથી એક પક્ષી પેદા કરે છે, જેની ચાંચ સોનાની હોય છે અને પાંખ મર્જાનની. ઈમામ અહમદ અને યહયા બિન મઈન આશ્ચર્યથી એકબીજા તરફ જોઈ રહ્યા હતા. એ બંનેએ એ હદીષથી અજાણતા વ્યક્ત કરી, અને કથાકાર વાએઝને પૂછયું, તમે આ હદીષ કોનાથી રિવાયત કરી છે ?! તેણે કહ્યું, અહમદ બિન હંબલ અને યહ્યા બિન મઈનથી. યહ્યા બિન મઈને કહ્યું, હું યહ્યા બિન મઈન છું અને આ અહમદ બિન હંબલ છે. અમે રસૂલુલ્લાહ ﷺથી આ હદીષ હરગિઝ રિવાયત નથી કરી, તમે કેમ રસૂલુલ્લાહ ﷺ પર જૂઠ બાંધો છો ? તેણે કહ્યું, હું એક મુદ્દતથી સાંભળતો હતો કે યહ્યા બિન મઈન મૂર્ખ છે, આજે તેની પુષ્ટિ થઈ ગઈ. યહ્યાએ પૂછયું, કઈ રીતે ? તેણે કહ્યું; તમે એમ સમજો છો કે દુનિયામાં કેવળ તમે જ યહ્યા બિન મઈન અને અહમદ બિન હંબલ છો ?! અને તેમની મજાક ઉડાવી ચાલ્યો ગયો.

*(મૌઝૂઆતે કબીર, પેજ : ૧૨)*

**★ હદીષ મનઘડત હોવાની એક નિશાની ★**

અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની લખે છે : **હદીષના મનઘડત હોવાની એક નિશાની એ છે કે (એ હદીષમાં) કોઈ સાધારણ વાત પર અત્યંત સખત અઝાબની વઈદ (વર્ણન કરવામાં આવી) હોય અથવા કોઈ સામાન્ય કામ પર ઘણા બધા સવાબની બશારત (વર્ણન કરવામાં આવી) હોય, અને આ વાત બજારી લોકો તથા કિસ્સા કહાનીઓ વર્ણન કરનારાઓના બયાનોમાં પુષ્કળ જોવા મળે છે.**

*(અનુકતુ અલા કિતાબે ઈબ્નિસ્સલાહ, ૨/૮૪૩, ૮૪૪)*

**★ રમઝાન કે રબીઉલ અવ્વલ વિશે આવી કોઈ હદીષ નથી ! ★**

એ જ રીતે આપણે ત્યાં રમઝાનુલ મુબારક અને રબીઉલ અવ્વલના આગમન પહેલાં એક મનઘડત હદીષ સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવે છે, જેણે સૌથી પહેલા રમઝાનુલ મુબારક અથવા રબીઉલ અવ્વલના આગમનની ખબર આપી, તેને જહન્નમથી આઝાદ કરી દેવામાં આવે છે."

આ પ્રકારની કોઈ હદીષ પણ સહીહ બલ્કે ઝઈફ અથવા મૌઝૂઅ વિશે લખવામાં આવેલી કિતાબોમાં પણ મળતી નથી. એટલા માટે તેને રસૂલુલ્લાહ ﷺથી જોડવું યોગ્ય નથી, માટે આવા મેસેજ (આવી પોસ્ટ, ઈમેજ, વીડિયો વગેરે) અન્યોને સેન્ડ (શેર, ફોરવર્ડ) ન કરવા જોઈએ.

હદીષે પાકમાં તો છે : રસૂલુલ્લાહ ﷺથી પૂછવામાં આવ્યું, શું મુસલમાન કાયર હોઈ શકે છે ? ફર્માવ્યું, હા ! પછી પ્રશ્ન થયો : શું મુસલમાન કંજૂસ હોઈ શકે છે ? આપે ફર્માવ્યું, હા ! ફરી પ્રશ્ન થયો, શું મુસલમાન જૂઠો હોઈ શકે છે ? આપે ફર્માવ્યું, નહીં.

*(મોઅત્તા ઈમામ માલિક, પેજ : ૩૬૩૦)*

પરંતુ આપણે ત્યાં સાચા જૂઠનો ફરક સમાપ્ત થઈ ગયો છે. દરેકને એ જ સત્ય સ્વીકાર્ય છે જે તેના ફાયદાનું હોય.

**★ હઝરત બિલાલ رضی اللہ عنہ વિશે બનાવટી હદીષ ★**

એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો : શું આ રિવાયત સહીહ છે કે હઝરત બિલાલ رضی اللہ عنہએ અઝાન ન કહી તો સૂરજ નીકળ્યો નહીં. એ જ રીતે આ રિવાયત પણ

કેટલાક કથાકાર વાએઝો સંભળાવે છે : હઝરત બિલાલ رضی اللہ عنہની ઝબાનમાં લુકનત (તોતડાપણુ) હતી અને તેઓ "શીન"નો ઉચ્ચાર "સીન"થી કરતા હતા જેથી અમુક લોકોની શિકાયત પર નબી કરીમ ﷺએ બિલાલને અઝાન આપવાથી મના કરી દીધું, તો તે દિવસે સુબ્હે સાદિક ન થઈ. સહાબાએ કિરામ પરેશાન થઈ ગયા, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહની બારગાહમાં બિલાલનો "સીન" પણ "શીન" છે, જ્યાં સુધી બિલાલ અઝાન નહીં આપે સવાર થશે નહીં.

**આ રિવાયત પણ મૌઝૂઅ્ (બનાવટી) અને મનઘડત છે,** તેનો કોઈ પુરાવો નથી. તેના વિશે હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક્ અમજદી શારેહે બુખારી લખે છે : "સર્વ મુહદ્દિષોની આ વાત પર સહમતી છે કે આ રિવાયત મૌઝૂઅ, મનઘડત અને તદ્દન જૂઠ છે. (ફતાવા શારેહે બુખારી, ૨/૩૮) વધુ લખે છે : મુકર્રિરોએ તેમની ઝુબાનમાં તોતડાપણુ બતાવ્યું છે, તે પણ ખોટું છે. તેમનો અવાજ અત્યંત મીઠો, ઊંચો અને આકર્ષક હતો.

*(ફતાવા શારહે બુખારી, ૨/૪૧)*

શૈખ મરઅ્ બિન યૂસુફ કરમી મુકદસી (અલ્ફવાઈદુલ મૌઝૂઆ, પેજ : ૩૮), ઈમામ બદરુદ્દીન ઝરકશી (અત્તઝ્કેરહ ફીલ અહાદીષિલ મુશ્તહરા, ૧/૨૦૮), ઈમામ જલાલુદ્દીન સિયૂતિ (અદ્દરરુલ મુન્કરહ ફીલ અહાદીષિલ મુશ્તહરા)માં અને અન્ય મુહદ્દિષોએ પણ આ જ વાત લખી છે.

અરબી ભાષાના ઈલ્મુલ મઆનીમાં "ખબર"ની વ્યાખ્યા આ લખવામાં આવી છે : ખબર એ (વાક્ય રચનાને કહેવામાં આવે) છે જેમાં સત્ય અને અસત્ય (બંને હોવા)ની સંભાવના હોય. અર્થાત જ્યાં સુધી ખબરનું સાચુ હોવું સાબિત ન થઈ જાય ત્યાં સુધી તેને કોઈ બાબતના પુરાવામાં દલીલ રૂપે ઉપયોગ કરી શકાય નહીં. સિદક્ (સાચુ હોવા)થી મુરાદ એ છે કે : (ખબરમાં) જે કહેવામાં આવ્યું છે તે વાસ્તવ અને હકીકતના મુજબ હોય અને કિઝ્બ (જૂઠી હોવા)થી મુરાદ એ છે કે (ખબરમાં) જે કહેવામાં આવ્યું છે તે વાસ્તવ અને હકીકતના મુજબ ન હોય."

## ★ "અલ્ ફક્રો ફખ્રી" હદીષ છે કે નહીં?! ★

અમુક ખતીબો અને મુકર્રિરો પોતાના બયાનોમાં આ હદીષ બયાન કરે છે : નબી કરીમ ﷺએ ફર્માવ્યું, الفقرفخری "ફક્ર મારો ફખ્ર (ગર્વ) છે." ન કેવળ વાએઝો બલ્કે ઘણી બધી નામચીન શખ્સિયતો પોતાની કિતાબોમાં વધુ પ્રમાણમાં તેને રસૂલુલ્લાહ ﷺની હદીષ રૂપે વર્ણન કરે છે અને નઅતગો શાયરો પોતાના કલામમાં આ વાતને શાયરીમાં ઉપયોગ કરે છે, ત્યાં સુધી કે અલ્લામા ઈકબાલે કહ્યું :

*સમાં الفقرفخری કા રહા શાને અમારત મેં*
*બઆબો રંગો ખત્તો ખાલો ખત ચે હાજત રુએ ઝૈબા રા*

હફીઝ જાલંધરીએ કહ્યું :–

*અગર ચે ફક્રો ફખ્રી રુત્બા હૈ, તેરી કનાઅત કા*
*મગર કદમોં તલે હૈ, કિસરાઈ વ ખાકાની*

બહાદુરશાહ ઝફરે કહ્યું :–

*જિસ કો હઝરતને કહા الفقرفخری અય ઝફર !*
*ફખ્રે દીં, ફખ્રે જહાં પર વો ફકીરી ખત્મ હૈ*

**મુહદ્દિષોના મતે આવી કોઈ હદીષ નબી કરીમ ﷺથી સાબિત નથી અને એ બનાવટી તથા મનઘડત છે.** અમીરુલ મોઅ્મિનીન ફીલ હદીષ ઈમામ ઈબ્ને હજર અસ્કલાની લખે છે : "આ હદીષ વિશે હાફિઝ ઈબ્ને તયમિયાથી પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું, આ જૂઠ છે, મુસલમાનોના હદીષ સંગ્રહમાં આ પ્રકારની કોઈ ચીજ નથી મળતી. અને ઈમામ સગાનીએ પણ તેના મનઘડત હોવાનું સમર્થન ફર્માવ્યું છે." *(અત્તલખીસુલ હબીર, ૨૩/૨૪૧)*

અલ્લામા સખાવીએ અલ્મકાસિદુલ હસના (પેજ : ૪૮૦) અલ્લામા અજ્લૂનીએ કશ્ફુલ ખિફા (૨/૮૭) અલ્લામા મુહમ્મદ તાહિર પટનીએ તઝકેરુલ મૌઝૂઆત (૧૭૮)માં આ રિવાયતને બાતિલ તથા

www.barkatekhwaja.net

મનઘડત ઠરાવી છે. એનાથી વિપરિત સહીહ અહ઼ાદીષે મુબારકથી એ વાત સાબિત છે કે નબી ﷺ ફક્ર અને ફાક઼ા (તંગદસ્તી)થી અલ્લાહ તઆ઼લાની પનાહ માગ્યા કરતા હતા અને આપે પોતાના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને પણ એ જ તઅ્ લીમ ઈર્શાદ ફર્માવી કે તેઓ ફક્રો ફાક઼ાથી અલ્લાહની પનાહ તલબ કરે, જેમ કે હુઝૂર ﷺ આ દુઆ માગ્યા કરતા હતા : હે અલ્લાહ ! હું ફક્ર (તંગદસ્તી)ના ફિત્નાથી તારી પનાહ માગુ છું.

*(સહ઼ીહ બુખારી, ૬૩૭૬)*

એક રિવાયતમાં છે : આપે દુઆ ફર્માવી : (હે અલ્લાહ !) હું કુફ્ર અને ફક્રથી તારી પનાહ માગુ છું. (સુનને અબૂ દાઊદ, ૫૦૯૦) અલ્બત્તા ! હુઝૂર ﷺનું અલ્લાહ તઆ઼લાથી "મસ્કનત"ની દુઆ માગવું સાબિત છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ બયાન કરે છે : નબી કરીમ ﷺએ ફર્માવ્યું, હે અલ્લાહ ! મને મિસ્કીન જ જીવતો રાખ, મસ્કનતમાં મૌત અતા ફર્માવ અને મિસ્કીનો સાથે મારો હશ્ર ફર્માવ. (સુનને તિર્મિઝી, ૨૩૫૨) પરંતુ મુહદ્દિષો ફર્માવે છે : અહીંયા "મસ્કનત"થી ગરીબી અને ફક્રો ફાક઼ા મુરાદ નથી બલ્કે તવાઝોઅ તથા આજીજી અને પોતાના રબના સમક્ષ લાચારી અને હાજતમંદીનો એહસાસ અને અલ્લાહની હિફાઝત, રહ્મત અને નિગરાનીને તલબ કરનાર હોવું મુરાદ છે. ઈમામ બયહકી ફર્માવે છે : "મારા નજીક આ હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ તે "મસ્કનત" નથી માગી જેનો અર્થ "કિલ્લત" (તંગી) લેવામાં આવે છે બલ્કે આપે તે "મસ્કનત" માગી છે જેનો અર્થ આજીજી અને ઈન્કેસારી છે. *(સુનને બયહકી, ૭/૧૮)*

**અઈમ્મએ દીન તથા ફુક઼હાએ ઈસ્લામે અંબિયાએ કિરામ સંબંધે "ફક઼ીર, ગરીબ, યતીમ, મિસ્કીન અને બેચારા" વગેરે એવા શબ્દોના પ્રયોગને સખ્તીથી નાજાઈઝ અને હરામ બતાવ્યું છે જેમનામાં બેઈજ્જતી, બેઅદબી અને તોહીનનો પહેલુ નીકળતો હોય.** જેમ કે ઈમામે અહલે સુન્નત ઈમામ અહ્મદ રઝા ક઼ાદરી رضی اللہ عنہથી સવાલ થયો : એક ખતીબે વાઅઝ દરમિયાન નબી કરીમ ﷺના વિશે કહ્યું : "આપ યતીમ, ગરીબ, બિચારા હતા." ઈમામે એહલે સુન્નતે તેના જવાબમાં વિવિધ કિતાબોના હવાલાઓ સાથે લખ્યું :–

**"એ જાઈઝ નથી કે આપણા આક઼ા નબી કરીમ ﷺને ફક઼ીર કહેવામાં આવે.** રહ્યું લોકોનું **الفقر فخری ને આપથી રિવાયત થએલ કહેવું, તો તેની કોઈ અસ્લ નથી.** ઈમામ બદરુદ્દીન ઝરકશીએ ઈમામ સુબ્કીની જેમ એ કહ્યું છે કે, **એ જાઈઝ નથી કે આપને ફકીર અથવા મિસ્કીન કહેવામાં આવે** અને આપ અલ્લાહના ફઝ્લથી લોકોમાં સૌથી અધિક ગ઼ની (ધનવાન, માલદાર) છે, વિશેષ કરીને અલ્લાહના ઈર્શાદ : "અમે તમને હાજતમંદ પામ્યા તો ગ઼ની કરી દીધા."ના નાઝિલ થયા બાદ, (અને) રહ્યું આપનું એ ફર્માન : "હે અલ્લાહ ! મને મિસ્કીન જીવાડ." તો તેનાથી મુરાદ બાતિની મસ્કનતને ખુશૂઅ સાથે તલબ કરવું છે અને الفقر فخری બાતિલ છે, તેની કોઈ અસ્લ નથી. જેમ કે હાફિઝ ઈબ્ને હજર અ઼સ્ક઼લાનીએ ફર્માવ્યું. (ક્રમશઃ)

*(ફતાવા રઝવિય્યહ્, ૧૪/૬૨૮)*

## સુન્ની ઈજતેમામાં બયાને શાને ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہ

**દયાદરા** : ખાતે તા. ૧૨–૨–૨૦૨૩, રવિવાર અસરબાદ હફતાવારી સુન્ની ઈજતેમામાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ હઝરત ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہની શાન, આપની ખૂબીઓ કમાલાત વર્ણવીને પછી આપના મલ્ફૂઝાત પેશ કરી હાજરજનોને પ્રોત્સાહિત કર્યા કે જો આશિક઼ે અહલે બયતનો આપણો દાવો છે તો અહલે બયતના આ મહાન ઈમામની વાતો પર પણ અચૂક અમલ થવો જોઈએ.



www.barkatekhwaja.net

ઈસ્લામના મુજદ્દિદો
વિશે વર્ણન

**પ્રથમ સદીના મુજદ્દિદ**

# હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ

**(હિ.સ. ૬૧ થી ૧૦૧)**

*(કાર્યાલય)*

ઈલ્મો ફન તથા ફઝ્લો કમાલની દુનિયામાં જે ઉચ્ચ કક્ષાની શખ્સિયતો પોતાના પાર વિનાના ઈલ્મો ફઝ્લ, અસીમ સમજ તથા શાણપણ અને અમૂલ્ય ઈલ્મી યાદગારો અને કારનામાંઓના સબબે મુમતાઝ (અનોખી) બની, એ જ મહાન મર્તબાવાળી હસ્તીઓમાં હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہની ઝાતે ગિરામી પણ છે જેમના થકી અલ્લાહ તબારક વ તઆલાએ અહયાએ દીન (દીનને જીવંત કર્યો) અને શરીઅતે મુહમ્મદીની તજદીદ (નવીનીકરણ) કરી.

**ખાનદાની હાલાત** : આપનો સંબંધ કુરૈશના કબીલા બની ઉમૈયાથી હતો. આપના પિતાનું નામ અબ્દુલઅઝીઝ બિન મરવાન હતું જે મશહૂર ઉમ્વી રાજકર્તા અબ્દુલ માલિકના ભાઈ અને મિસરના ગવર્નર હતા. બની ઉમૈયાને કુરેશ કબીલામાં વિશિષ્ટ સ્થાન હાંસલ હતું. ખાસ કરીને લડાઈ તથા મારપીટ અને જંગી મામલાઓમાં અગ્રતા તથા બરતરી હાંસલ હતી. સાથોસાથ અન્ય કુરેશ કબીલાઓમાં સાહિબે દસ્તાર પણ ગણાતા હતા. ઈતિહાસકારોએ એ વાતની સ્પષ્ટતા કરી છે કે ઉમૈયાના પુત્ર અબુલ આસને એક વિશિષ્ટ હેસિયત હાંસલ હતી અને અબુલ આસના પુત્ર સઈદ બિન અબુલ આસ પોતાના કબીલામાં "સાહિબે દસ્તાર" નામથી લકબ પામેલ હતા. *(હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ, મિન્હાજે ખિલાફતે રાશિદ કા એક રોશન બાબ, અઝ : અબ્દુર્રશીદ ઈરાકી, પેજ–૩૫)*

**વંશવેલો** : ઉમર બિન અબ્દુલઅઝીઝ મરવાન બિન હકમ બિન આસ બિન ઉમૈયા બિન અબ્દુશશમ્સ બિન અબ્દે મુનાફ બિન કુસઈ.

**જન્મ મુબારક** : આપ હલ્વાન સ્થળે જે મિસરની આસપાસના વિસ્તારમાં આવેલ છે ત્યાં હિ.સ. ૬૧ કે ૬૩માં પેદા થયા. *(તારીખુલ ખુલફા, હાફિઝ જલાલુદ્દીન સિયૂતી, હિ.સ. ૧૮૩, તુજ્જારુલ કુતુબ, જામલી મહોલ્લા, મુંબઈ)*

**તા'લીમ તથા તર્બિયત** : આપ જ્યારે મદીના મુબારક આવ્યા એ જ સમયથી કુર્આનના હિફ્ઝ તથા દર્સે હદીષમાં મશગૂલ થઈ ગયા. આપ શરૂથી જ પાક દામન, ફર્માંબરદાર, બેદાગ અને સારી ફિતરતવાળા હતા, ત્યાં સુધી કે જ્યારે હિફ્ઝે કુર્આનથી ફારિગ થયા તો અમુક સહાબા તથા અકાબિર તાબઈનની સાથે સમાએ હદીષની સાથે તેમની સાથે હદીષની રિવાયત પણ કરવા લાગ્યા. જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર, અનસ ઈબ્ને માલિક, અબૂ બકર ઈબ્ને અબ્દુર્રહમાન અને અબ્દુલ્લાહ ઈબ્ને ઉત્બા બિન મસ્ઊદ આપનાથી હદીષની રિવાયત કરે છે. અને ઈબ્ને ઉત્બા ઈબ્ને મસ્ઊદથી આપની ખૂબ જ અધિક પ્રમાણમાં રિવાયતો છે. *(ખલીફતુઝ્ ઝાહિદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ : હયાત વ કારનામે, અલ્લામા અબ્દુલ અઝીઝ સૈયદુલ અહલ, અનુવાદક : મૌલાના રાગિબ રહમાની, પેજ–પર, જાન્યુ. ૨૦૧૫, ફરીદ બુક ડેપો, દિલ્હી)*

**બયઅત તથા ખિલાફત** : સુલૈમાનની વફાત બાદ રજા બિન હયાતે એ ખતરો મહેસૂસ કર્યો કે મૌતની ખબર સાંભળ્યા બાદ બની શકે છે કે ખાનદાનવાળાઓ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની બયઅતમાં કાંઈક આનાકાની કરે, એટલા માટે તેમણે પોતાની ખબર ગુપ્ત રાખી અને ખાનદાનવાળાઓને એકત્ર કરીને તેમનાથી સુલેમાનના વસિયતનામા પર બયઅત લીધી. બયઅત મજબૂત કર્યા બાદ સુલેમાનના મૃત્યુનું એલાન કરી આપ્યું અને વસિયતનામુ વાંચી સંભળાવ્યું.

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہનું નામ સાંભળીને કેવળ હેશામ બિન અબ્દુલમલિકે તેમની બયઅતથી ઈન્કાર કર્યો. પરંતુ રજા બિન હયાતે કહ્યું, ચૂપ ચાપ બયઅત કરી લો ! નહીં તો તમારું માથુ કાપી

www.barkatekhwaja.net

નાખીશ ! અને હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہનો હાથ પકડીને મિમ્બર પર બેસાડી આપ્યા, પછી કોઈએ પણ આનકાની નથી કરી.

ખિલાફતનો ભાર માથા પર આવતાં જ હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہની જિંદગી બદલાઈ ગઈ, અને ખિલાફતના તખ્ત પર કદમ રાખતાં જ આપે અબૂ ઝર ગફ્ફારી તથા અબૂ હુરૈરહ્ رضی اللہ عنہمાનું સ્વરૂપ (ઢબ) અપનાવી લીધું. સુલૈમાનના કફન દફનથી પરવાર્યા પછી નિયમાનુસાર જ્યારે આપની સમક્ષ શાહી સવારી પેશ કરવામાં આવી તો આપે તેને પરત કરી આપી અને ફર્માવ્યું કે, ''મારા માટે મારું ખચ્ચર પૂરતુ છે.''

*(તબ્કાતે ઈબ્ને સઅદ, મુહમ્મદ બિન સઅદ મમ્બઅ હાશમી બસરી, ૫/૨૬૦, દારુલ કુતુબુલ ઈલ્મિયા–બૈરૂત, લબનાન, હિ.સ. ૧૪૧૮, ઈ.સ. ૧૯૯૭)*

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે ખિલાફતના તખ્ત પર કદમ રાખતાં જ એ સર્વ બુરાઈઓને ખતમ કરવાનુ નક્કી કરી લીધું જે હુકૂમતની વ્યવસ્થામાં પ્રવેશી ગઈ હતી. આ મહત્વના કામના માટે આપે શરૂથી જ કોશિશ શરૂ કરી આપી. ખલીફા બન્યા બાદ સૌ પ્રથમ જે તક્રીર આપે કરી એમાં તક્વા તથા તહારત (પાકીઝગી)ની શીખ આપ્યા બાદ ઈસ્લામી ખલીફાની અસલી હેસિયતને જાહેર કરી અને પોતાનો હેતુ સૌની સમક્ષ સ્પષ્ટ કરી આપ્યો. જેમ કે આપે ઈર્શાદ ફર્માવ્યો, ''હે લોકો ! તમારા નબી પછી કોઈ બીજો નબી આવવાનો નથી અને ખુદાએ તેમના પર જે કિતાબ ઉતારી છે. હું મારા તરફથી કોઈ ફૈંસલો કરનાર નથી, બલ્કે કેવળ એહકામે ઈલાહીને લાગુ પાડનાર છું. ખુદ મારા તરફથી નવી વાત પેદા કરનાર નથી, બલ્કે કેવળ પયરવી કરનાર છું. હું તમારામાંનો કોઈ વિશિષ્ટ માણસ પણ નથી, બલ્કે એક સામાન્ય વ્યક્તિ છું, અલ્બત્ત તમારા મામલામાં ખુદાએ મને અધિક જિમ્મેદાર કર્યો છે. અને યકીનન ! જાલિમ ઈમામથી ભાગનારો જાલિમ નથી. કોઈને એ હક્ક નથી પહોંચતો કે ખુદાની નાફર્માનીમાં તેની આજ્ઞાનું પાલન કરવામાં આવે.''

**વિસાલ પુરમલાલ અને મઝાર મુબારક** : હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની સુધારણાઓ તથા ન્યાયપ્રિયતાના કારણે બની ઉમૈયાના અમીરો આપની વિરુદ્ધ હતા. તેઓ એવું સમજી બેઠા હતા કે જ્યાં સુધી તેમનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી અમારું કાંઈ જ ચાલશે નહીં, જેથી તેમના ખાણામાં ઝહેર મિલાવી દેવામાં આવ્યું. વીસ દિવસ બીમાર રહીને ૨૫ રજબ હિ.સ. ૧૦૧માં બુધવારના દિવસે ૩૯ વરસ છ મહીનાની ઉમરમાં નાશવંત જગતથી કૂચ કરી ગયા અને દેરે સમ્આનમાં દફન કરવામાં આવ્યા. આપની ખિલાફતની મુદ્દત ૨ વરસ ૫ મહિના રહી.

*(તારીખે ખુલફા, પેજ–૧૯૭)*

**તજદીદી કારનામાંઓ** : આપે આપની અગાઉ થયેલા ખલીફાઓથી વિપરિત પોતાની સલ્તનતના વિસ્તારને વિસ્તારવાને હેતુ ન બનાવતાં હુકૂમતના સર્વ ક્ષેત્રોમાં સુધારણાઓ કરી. એના સંબંધે આપે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના પૌત્ર હઝરત સાલિમ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ સાથે સંબંધ સ્થાપિત કર્યો અને તેમના નામે આ પત્ર લખ્યો :–

''જો ખુદા મને એની શક્તિ (ક્ષમતા) આપે તો હું પ્રજાના મામલાઓમાં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہની રવિશ અપનાવીશ. એના માટે તમે મારી પાસે તેમનાં એ લખાણો અને ફૈંસલાઓ જે તેમણે મુસલમાનો તથા ઝિમ્મીઓના બારામાં કર્યા છે તે મોકલો. જો ખુદાને મંઝૂર છે તો હું એમના નક્શે કદમ પર ચાલીશ.''

આપના પત્રના જવાબમાં હઝરત સાલિમે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ફૈંસલાઓ તથા હુકમનામાંઓ મોકલી આપ્યાં. પછી આપે એમના પ્રમાણે હુકૂમતના સર્વ વિભાગોમાં સુધારણાઓ કરી અને પોતાની હુકૂમતના દૌરને ફારૂકી દૌરનો આઈનો બનાવવામાં એકધારા વ્યસ્ત થઈ ગયા. *(તારીખે ખુલફા, પેજ–૧૮૫)*

**પચાવી પાડેલા માલોને પરત કરવું** : હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ સૌ પ્રથમ એ સંપત્તિઓને પરત કરી જેને શાહી ખાનદાનની વ્યક્તિઓ, સલ્તનતે બની ઉમૈયાના અમલદારો તથા અન્ય ઉચ્ચ પદાધિકારીઓએ પોતાના કબજામાં લઈ

રાખી હતી. આ બારામાં સૌ પ્રથમ આપે પોતાની તથા પોતાના ખાનદાનની સંપત્તિઓને તેમના માલિકોના હવાલે કરવાનો ઈરાદો કર્યો અને પોતાના ખાનદાનવાળાઓને ભેગા કરીને આ પ્રમાણે તક્રીર કરી :–

"હે બની મરવાન ! તમને શરફ તથા દોલતનો મોટો હિસ્સો મળ્યો છે. મારા ખયાલમાં ઉમ્મતનો અડધો કે ૨/૩ માલ તમારા કબજામાં છે, એટલા તમો તે માલોને તેના હક્કદારોને સુપ્રત કરી દો."

આપની આ તક્રીર સાંભળીને ખાનદાનના લોકો ગુસ્સાથી લાલચોળ થઈ ગયા અને ઘણી જ સખ્તીપૂર્વક હુકમના પાલનનો ઈન્કાર કર્યો. તેમના આવા વર્તાવ પર નારાઝગી જાહેર કરતાં આપે ખૂબ જ ગુસ્સામય લહેજામાં ઈર્શાદ ફર્માવ્યો :

"ખુદાની ક્સમ ! જો આ હક્કમાં મારી મદદ નહીં કરો તો હું તમને ઝલીલ રુસ્વા (બેઈજ્જત) કરીને છોડીશ." પછી આપે મુસલમાનોના ભર્યા મજમાને સંબોધન કર્યું, "એ લોકો (ઉમ્વી ખલીફાઓ)એ અમારા ખાનદાનને એવી જાગીરો અર્પણ કરી છે, બખુદા ! જેને આપવાનો ન તો તેમને કોઈ હક્ક હતો, ન અમને તેને લેવાનો. હવે હું એ સૌ અસલી હક્કદારોને પરત કરું છું અને એ કામ પોતાની જાત અને પોતાના ખાનદાનથી શરૂ કરું છું."

ત્યાર બાદ આપે સનદો મંગાવીને તેના સરકારી દસ્તાવેજોને કાતર વડે કાપી કાપી અલગ કરીને દરેકને તેનો હક્ક પરત કરી આપ્યો. આપે આ કાર્યમાં એટલી સખ્તી વર્તી કે આપની પત્નીને તેમના પિતાએ એક મૂલ્યવાન પથ્થર આપ્યો હતો તેને પણ બયતુલ માલમાં સામેલ કરી આપ્યો અને એક નગીનો પણ પોતાની પાસે ન રાખ્યો. *(તારીખુલ ખુલફા, પેજ–૧૮૬)*

**બયતુલ માલની સુધારણા :** હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ થી પહેલાં બનૂ ઉમૈયાના ખલીફાઓના દૌરમાં બયતુલ માલમાં કેટલીક ખરાબીઓ ઉમેરાઈ ગઈ હતી. આપે બયતુલ માલની સુધારણા પ્રતિ ખાસ ધ્યાન કર્યું જેનો ટૂંક રિપોર્ટ આ મુજબ છે :

"આપની ખિલાફતના દૌર પહેલાં સર્વ આવકો ખમ્સ, સદક઼ા તથા ફઈ એક જગાએ એકત્ર થતી. તેનો અલગ હિસાબ રાખવામાં આવતો ન હતો. આપે હુકમ આપ્યો કે દરેક પ્રકારની આવક અલગ જમા કરવામાં આવે અને તેનો અલગ હિસાબ રાખવામાં આવે. બયતુલ માલ મુસલમાનોનો સંયુક્ત ખજાનો છે, તેનાથી દરેક મુસલમાન સમાન રીતે ફાયદો ઉઠાવી શકે છે. આપના પહેલાં શાહી ખાનદાનના વઝીફા ખાસ હતા. આપે તેને પણ સંપૂર્ણપણે બંધ કરી આપ્યા.

આપનાથી પહેલાંના ખલીફા તે શાયરો તથા સાહિત્યકારોને જેઓ તેમની પ્રશંસામાં ક઼સીદા (કાવ્યો) વગેરે લખતા હતા તેમને બયતુલ માલથી ઈનામો આપ્યા કરતા હતા. આપે આ સર્વ ઈનામો તથા વઝીફા બંધ કરાવી દીધા.

આપનાથી અગાઉના ખલીફાઓ જ્યારે ઈશા તથા ફજરની નમાઝના માટે મસ્જિદે જતા તો એક માણસ શમ્અ લઈને ચાલતો હતો અને શમ્અનો ખર્ચ બયતુલ માલ પર આવતો હતો. જુમ્આના દિવસે અને રમઝાનના મહિનામાં મસ્જિદોમાં ખુશ્બુ સળગાવવામાં આવતી હતી તેનો ખર્ચો બયતુલ માલથી અદા કરવામાં આવતો હતો. આપે આ ક્રમ પણ તદ્દન બંધ કરી આપ્યો.

*(તારીખુલ ખુલફા, પેજ–૧૮૫)*

**બાગે ફિદકથી અધિકાર ત્યજવું :** એ બાગ હુઝૂર ﷺએ પોતાના માટે રાખ્યો હતો. એનાથી હુઝૂરે અકરમ ﷺ પોતાની તથા બની હાશિમની સર્વ જરૂરતો પૂરી કરતા હતા. એકવાર હુઝૂરે અક઼દસ ﷺની શહઝાદી હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاએ આપ ﷺથી એ બાગની માગણી કરી તો આપે ઈન્કાર કરી આપ્યો. બની ઉમૈયાના ચોથા ખલીફા મરવાને તેને પોતાની જાગીર બનાવી લીધો હતો. હવે એ બાગ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہના કબજામાં આવ્યો અને એના પર આપનો અને આપના બીવી બચ્ચાંનો નિભાવ થઈ ગયો. પરંતુ આપે એના સંબંધે રસૂલુલ્લાહ ﷺ અને ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعینના અમલની તેહકીક઼ કરીને પછી તેને પૂરાણી ખર્ચ કરવાની જગાએ લગાડી આપ્યો. *(તારીખે ખુલફા, પેજ : ૧૮૬)* (ક્રમશઃ)



www.barkatekhwaja.net

# શબે બરાતની ઈબાદતો

(કાર્યાલય)

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : ''ખબરદાર ! છે કોઈ **મગફેરત** માગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો......(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## શબે બરાતના નફ્લ

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, ''જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

- ❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **''લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ''** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.
- ❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.
- ❒ પ્રથમ બે રકાત ઉમર દરાઝીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.
- ❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.
- ❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.
- ❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.
- ❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.
- ❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.
- ❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને ''સલાતુલ ખૈર'' કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, ''જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

www.barkatekhwaja.net

# દુઆએ નિસ્ફ શાબાન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ    صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ    اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

શાબાનની ૧૫ મી રાત્રે મગરિબની નમાઝ બાદ છ રકાતો બબ્બે કરીને પઢે. પ્રથમ બે રકાત વખતે ભલાઈની સાથે લાંબી ઉમ્રે, બીજી બે રકાત વખતે બલાઓ દૂર થવાની, ત્રીજી બે રકાત મખ્લૂકનો મોહતાજ ન થવાની નિય્યતથી પઢે, દરેક બે રકાત બાદ્સૂરએ યાસીન એક વાર અથવા સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૨૧ વાર અને ત્યાર બાદ છેવટે દુઆએ નિસ્ફ શાબાનુલ્ મુઅઝ્ઝમ પઢે :–

اَللّٰهُمَّ يَا ذَا الْمَنِّ وَلَا يُمَنُّ عَلَيْهِ، يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ
يَا ذَاالطَّوْلِ وَالْاِنْعَامِ، لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ ظَهْرُ اللَّاجِيْنَ، وَجَارُ
الْمُسْتَجِيْرِيْنَ، وَاَمَانُ الْخَآئِفِيْنَ، اَللّٰهُمَّ اِنْ كُنْتَ كَتَبْتَنِيْ
عِنْدَكَ فِيْ اُمِّ الْكِتٰبِ شَقِيًّا اَوْ مَحْرُوْمًا اَوْ مَطْرُوْدًا اَوْ مُقَتَّرًا عَلَيَّ
فِي الرِّزْقِ فَامْحُ، اَللّٰهُمَّ بِفَضْلِكَ شَقَاوَتِيْ وَحِرْمَانِيْ وَطَرْدِيْ
وَاقْتِتَارَ رِزْقِيْ، وَ اَثْبِتْنِيْ عِنْدَكَ فِيْٓ اُمِّ الْكِتٰبِ سَعِيْدًا مَّرْزُوْقًا
مُّوَفَّقًا لِّلْخَيْرَاتِ، فَاِنَّكَ قُلْتَ وَقَوْلُكَ الْحَقُّ فِيْ كِتَابِكَ الْمُنَزَّلِ،
عَلٰى لِسَانِ نَبِيِّكَ الْمُرْسَلِ، يَمْحُوا اللّٰهُ مَا يَشَآءُ وَيُثْبِتُ وَ عِنْدَهٗ
اُمُّ الْكِتٰبِ، اِلٰهِيْ بِالتَّجَلِّي الْاَعْظَمِ، فِيْ لَيْلَةِ النِّصْفِ مِنْ شَهْرِ
شَعْبَانَ الْمُكَرَّمِ، اَلَّتِيْ يُفْرَقُ فِيْهَا كُلُّ اَمْرٍ حَكِيْمٍ وَّيُبْرَمُ، اَنْ
تَكْشِفَ عَنَّا مِنَ الْبَلَآءِ وَالْبَلْوَآءِ مَا نَعْلَمُ وَمَا لَا نَعْلَمُ، وَ اَنْتَ بِهٖ
اَعْلَمُ، اِنَّكَ اَنْتَ الْاَعَزُّ الْاَكْرَمُ، وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى سَيِّدِنَا
مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِهٖ وَاَصْحَابِهٖ وَسَلَّمَ، وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ o

અલ્લાહુમ્મ યા ઝલ્ મન્નિ વલાયુમન્નુ અલૈહ. યા ઝલ્ જલાલિ વલ્ ઈકરામ. યા ઝત્તૌલિ વલ્ઈન્આમિ લાઈલાહ ઈલ્લા અન્ત ઝહ્રલ્લાજીન. વજારુલ મુસ્તજીરીન. વ અમાનુલ ખાઈફીન. અલ્લાહુમ્મ ઈન્કુન્ત કતબ્તની ઈન્દક ફી ઉમ્મિલ્ કિતાબિ શકિય્યન્ અવ્ મહરૂમન્ અવ્ મત્રૂદન્ અવ્ મુકત્તરન્ અલૈય ફિર્રિઝ્કિ ફમ્હુ. અલ્લાહુમ્મ બિ ફદ્લિક શકાવતી વહિર્માની વતર્દી વકતિતાર રિઝ્કી. વ અષ્બિત્ની ઈન્દક ફી ઉમ્મિલ્ કિતાબિ સઈદમ્ મર્ઝુકમ્ મુવફ્ફકલ્ લિલ્ ખૈરાતિ. ફઈન્નક કુલ્ત વકૌલુલ્હક્કુ ફી કિતાબિકલ્મુનઝ્ઝલ. અલા લિસાનિ નબિય્યિલ્ મુર્સલ. યમ્હુલ્લાહુ મા યશાઉ વયુષ્બિતુ વઈન્દહૂ ઉમ્મુલ કિતાબ. ઈલાહી બિત્તજલ્લિલ્ અઅ્ઝમ. ફી લૈલતિન્નિસ્ફિ મિન્શહ્રિ શાબાનિલ્ મુકર્રમ. અલ્લતી યુફરકુ ફીહા કુલ્લુ અમ્રિન્ હકીમિંવ્ વ યુબ્રમ. અન્તકશિફ અન્ના મિનલ્ બલાઈ વલ્બલ્વાઈ મા નઅ્લમુ વમા લા નઅ્લમ. વ અન્તબિહી અઅ્લમુ ઈન્નક અન્તલ્ અઅઝ્ઝુલ્ અકરમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહી વસ્હબિહી વસલ્લમ. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.